

ભાગ-૨

# સંસ્કૃતિની રસધાર

પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૬૦

# સંસ્કૃતિની રસધાર

## ભાગ-૨

આર્યત્વની આલબેગ પોકારતા ૧૯ પ્રસંગો

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

પ્રકાશન-નિમિત્ત
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

લેખક પરિચય
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય **મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


નામ : **સંસ્કૃતિની રસધાર**
**ભાગ-૨**
**Sanskruti's Rasdhar**
**Part-2**

પ્રકાશન : વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬

આવૃત્તિ : પ્રથમ

સાહિત્યસેવા : ૪૦-૦૦

પૃષ્ઠ : ૮ + ૧૨૦


પ્રતિ : ૨૦૦૦


---


મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત. (મો.) 9376770777**



પ્રાપ્તિસ્થાન
(૧) **જિતેન્દ્ર જ્વેલર્સ** ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) **9819643462**
(૩) **ગૂર્જર પ્રકાશન** રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : **079-22144663**
(૪) **પ્રવચન શ્રુતતીર્થ** વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) **8469377929**



# ઓળખ

સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદ્ઉપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**


**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

## સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

# લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઇ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઇ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઇ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઇ જોગાણી - મુંબઇ
- શ્રીમતી સોનલબેન કેતનભાઇ ઝવેરી- મુંબઇ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઇ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઇ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઇ સરકાર - મુંબઇ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઇ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઇ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઇ શાહ - મુંબઇ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઇ
- શ્રીમતી મમતાબેન લલિતભાઇ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઇ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઇ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઇ પૌષધશાળાના આરાધક ભાઇઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઇ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઇ



- માતુશ્રી મંગનીબાઈ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઈ
- મનુભાઈ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઈ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઈ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઈ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઈ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઈ
- ભાઈ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઈ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ
- અ.સૌ. ઇન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઈ જે. શેઠ તથા મનોજભાઈ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઈ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઈ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઇન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઈ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

# કથાક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | અણનમ ટેકની અગ્નિ-પરીક્ષા | ૧ |
| ૨ | આશરે આવેલાની જાનના જોખમે જાળવણી | ૫ |
| ૩ | આવા હતા રાજા, આવી હતી પ્રજા | ૧૨ |
| ૪ | આનું નામ બંનેની જીત | ૧૬ |
| ૫ | પતિના પુણ્ય-પરિવર્તન કાજે | ૨૦ |
| ૬ | રાજવીનો કળાપ્રેમ | ૨૭ |
| ૭ | માનવતાની માવજત | ૩૭ |
| ૮ | નાહકના આક્રમણને આમંત્રણ | ૪૪ |
| ૯ | બનાવટ છીપ નહીં સકતી | ૫૪ |
| ૧૦ | થાળ સુવર્ણનો, મેખ લોઢાની | ૫૮ |
| ૧૧ | ભગવાનના ભોમિયા | ૬૪ |
| ૧૨ | કેવી એ ખુમારી, પ્રતિભા અને સત્ય-નિષ્ઠા ! | ૭૦ |
| ૧૩ | ભારતીય પહેરવેશની વફાદારી | ૭૪ |
| ૧૪ | શાહુકાર શિરોમણિ બહારવટિયો | ૭૮ |
| ૧૫ | બનાવટની બાજી ઊંધી વાળતો સોનામહોરનો સાદ | ૮૪ |
| ૧૬ | ન લેવાની લડાઈ | ૯૫ |
| ૧૭ | મણમાં પલટાયેલો ઋણનો કણ | ૧૦૦ |
| ૧૮ | આંગળી-ચીંધણાને આવકાર | ૧૦૮ |
| ૧૯ | વિધિનાં વિધાન અને એંધાણ કેવાં અકળ ? | ૧૧૨ |

# અણનમ ટેકની અગ્નિ-પરીક્ષા

## ૧

સોરઠને કોઈ એક વિરાટ વડલાની ઉપમા આપીએ, તો માણાવદર ગામને એની જ એકાદ શાખા-વડવાઈ સાથે સરખાવી શકાય, તેમજ થાનીયાણા ગામ તો એ વડવાઈના આધારે ટકી રહેલા કોઈ પંખી-માળા સમું ભાસે. આમ છતાં થાનીયાણા ગામ આખા સોરઠમાં સુપ્રસિદ્ધ હતું. કેમ કે સોરઠના સાવજ તરીકે સન્માનભેર ગવાતો હીરો મૈયો આ થાનીયાણાનો ગરાસદાર હતો. એની નેક-ટેક અને એની સ્વમાન-પ્રિયતા ઉપરાંત ખડક સમી અણનમ એની ખુમારી ત્યારે સર્વત્ર સુપ્રસિદ્ધ હતી.

હીરો મૈયો હતો તો એક નાનકડો ગરાસદાર જ. પણ એ માનતો કે, આ માથું કંઈ પાંચ શેરી નથી કે, જ્યાં ત્યાં નમાવાય, એક પ્રભુ અને શિરછત્ર સમા એક રાજવી સિવાય પોતાનું માથું અન્યત્ર અણનમ જ રહે, એવી ટેકને જાનના જોખમે પણ જાળવી રાખવાની એની હિંમતની કોઈ જ કિંમત આંકી શકાય એમ ન હતી. મુસ્લિમ-સત્તાના એ યુગમાં આવી ટેક રાખવી અને એને જાળવી રાખવી, એ કંઈ ખાંડાના ખેલ ન હતા. પણ અણનમ-આદર્શના ધારક માટે મુશ્કેલ કોઈ બાબત હોતી નથી.

એક વાર અગ્નિપરીક્ષાની પળ હીરા મૈયા માટે અણધારી જ ખડી થઈ જવા પામી. માણાવદરનો માલિક ગણાતો કમાલુદ્દીન ફરતો ફરતો

આવીને થાનીયાણાનો મહેમાન બન્યો. તંબુમાં બેઠા બેઠા એને વિચાર આવ્યો કે, આ થાનીયાણાનો હીરો મૈયો ખૂબ વખણાય છે, જોઈએ તો ખરા કે, એની ટેક કેવી અણનમ છે !

કમાલુદ્દીને પોતાના સેવકો દ્વારા હીરા મૈયાને પોતાની છાવણીમાં હાજર થવાનો સંદેશો પાઠવ્યો. એ સંદેશને માન તો આપવું જ પડે, એથી થોડી જ વારમાં હીરો મૈયો કમાલુદ્દીન સમક્ષ ઉપસ્થિત થઈ ગયો. ગરાસદાર જેવી નાનકડી સત્તા ધરાવતો પોતે ક્યાં અને માણાવદરની માલિકી ધરાવતી સત્તાના સ્વામી કમાલુદ્દીન ક્યાં ? છતાં એમના તેજમાં જરાય અંજાયા વિના જ્યારે હીરા મૈયાએ હાજરી નોંધાવી, ત્યારે દાણો દાબી જોવાની અદાથી એમણે કહ્યું : સોરઠ કે સાવજ કી ખ્યાતિ હમને બહુત બાર સુની હૈ, ક્યા તુમ હી સોરઠ કે સાવજ હો ?

હીરા મૈયાએ હકારાત્મક જવાબ વાળતાં કમાલુદ્દીને જરાક વધુ પડતી છૂટ લેતાં કહ્યું : સાવજ કી સલામી હમ ચાહતે હૈ. તુમ એક બાર સલામ ભરોંગે, તો હમ ખુશ હોકર ઓર ભી સત્તા બઢા દેંગે.

એક બાજુ ટેક હતી, બીજી બાજુ લાલચ હતી. સત્તા-વૃદ્ધિની લાલચ ભલભલાની અણનમતાને બરફની જેમ પીગળાવી દે એ શક્ય હોવા છતાં હીરો મૈયો મક્કમ હતો. એણે તરત જ વિનમ્રતાપૂર્વક છતાં સિંહની અદાથી જવાબ વાળ્યો : આ માથું ઈશ્વરના ચરણે ઝૂકે છે, એથી આગળ વધીને એ ઈશ્વરને શિરોધાર્ય કરનારી હિન્દુ-સત્તાની સામેય ઝૂકી શકે છે. આ સિવાય મારે બીજા કોઈને શા માટે નમવું પડે ?

હીરા મૈયાને હૈયે વસેલી હિંમતનો આ જવાબ સાંભળીને કમાલુદ્દીનના કાળજે કાપો પડ્યો, એને થયું કે, ગરાસિયો હોવા છતાં આ આટલો બધો ગર્વિષ્ઠ ? ગર્વના ગિરિશિખરેથી મારે આને હેઠો ઉતારવો જ રહ્યો. કમાલુદ્દીનની આંખનો ખૂણો જરાક લાલ બન્યો. એણે સત્તાવાહી સૂરે પૂછ્યું : તું એક ગરાસદાર હૈ, ગરાસદાર કો ઈતના ગર્વ રખનેકા અધિકાર નહીં હૈ. મૈ કહાં તુજે રોજ સલામી ભરને

કો મજબૂર બના રહા હૂં, મેરા કહના તો ઈતના હી હૈ કિ, તું મૂઝે એક બાર સલામ ભર દે.

હીરો મૈયો સોરઠનો સાવજ હતો, એની આવી આ આબરૂ એકદમ સાચી હતી. એણે કહ્યું : મારા ભગવાન શામળાના ચરણે આ મસ્તક નમ્યું છે, આગળ વધીને હિન્દુ-રાજવી સમક્ષ પણ ઝૂકવાની મારી તૈયારી છે. મારા આટલા જવાબ પરથી આપ બધું જ સમજી શકો છો.

કમાલુદ્દીને મગજ પરનો કાબૂ ગુમાવતાં પૂછ્યું કે, હીરા ! ગોલ ગોલ બાતેં ક્યાં કરતા હૈ ? બોલ દે કિ, મેં ઝૂકને કો તૈયાર નહીં હૂં. ઐસા સ્પષ્ટ બોલને મેં તુજે ક્યા તકલીફ હૈ ?

હીરા મૈયાની હિંમતને કોઈ હંફાવી શકે એમ ન હતું. એણે કહ્યું : આપ સ્પષ્ટતા ચાહતે હો, ઈસ લિયે મુઝે કહના પડતા હૈ કિ, ઈશ્વર કે સિવાય મૈં કિસી કી કદમબોશી કભી નહીં કરતા. મેરી યહ ટેક હૈ, ઈસ ટેક કે સાથ ટકરાને મેં મજા નહીં હૈં.

પોતાની સામે થયેલા આ પડકારથી કમાલુદ્દીનનાં રોમેરોમ સળગી ઊઠ્યાં. એણે સેવકોને હુકમ કર્યો : ઈસ ગરાસદાર કો ગિરફ્તાર કરો. મુઝે ઈસકી કોઈ બાત સુનની નહીં હૈ.

કમાલુદ્દીનનો હુકમ થતાં જ ચારેબાજુથી સેવકો ધસી આવ્યા અને પહાડ જેવી અણનમતા ધરાવતો હીરો મૈયો બીજી જ પળે કેદ થઈ ગયો. ક્રોધાવેશમાં આવીને કમાલુદ્દીને આ ઉતાવળું પગલું તો ભરી દીધું, પણ હીરા મૈયાને બંધનગ્રસ્ત બનાવીને માણાવદર લઈ આવ્યા પછી કમાલુદ્દીનની ચિંતાનો પાર ન રહ્યો. સોરઠનો સાવજ પાંજરે પુરાયો અને ચોમેર સન્નાટો છવાઈ ગયો. કમાલુદ્દીનને ડાહ્યાઓએ ચેતવણી આપી કે, હીરા મૈયાના બનેવી તરીકેનો સંબંધ ધરાવતા ગીગા મૈયાને જ્યારે આ વાતની ખબર પડશે, ત્યારે એ શાંત નહિ રહી શકે.

આ બહાદુર બહારવટિયાની માણાવદર આસપાસનાં અનેક

ગામડાંઓમાં જબરજસ્ત ધાક હતી. હીરો મૈયો પાંજરે પુરાયા બાદ એનું વેર વસૂલ્યા વિના ગીગો મૈયો શાંત બેસી રહે, એવી કોઈ જ શક્યતા ન હતી, આ વાતનો ખ્યાલ આવતાંની સાથે જ કમાલુદ્દીનની ઊંઘ હરામ બની જવા પામી. એની પરિસ્થિતિ હવે સાપે છછુંદર ગળ્યા જેવી થવા પામી હતી.

એ વખતે અચાનક જ અંગ્રેજ અમલદાર એજન્ટ ટુ ધ ગવર્નર ફિલિપ્સને માણાવદર આવવાનું બન્યું. હીરા મૈયાની ધરપકડ થતાં ઉગ્ર બની રહેલા વાતાવરણનો અંદાજ પામીને એણે કમાલુદ્દીનને સલાહ આપી કે, હીરા મૈયાને છોડી મૂકવામાં ડહાપણ છે, સોરઠના આ સાવજને પાંજરે પુરાયેલો જોઈને સોરઠનું શૂરાતન ઝાલ્યું નહિ રહે, માટે પ્રજાના દબાણ આગળ ઝૂકવું પડે, એના કરતાં બનતી ઝડપે આ સાવજને પુનઃ સ્વતંત્ર કરી દેવામાં જ મજા છે.

કમાલુદ્દીનને માટે તો આ સલાહ ભાવતાં ભોજન જેવી જ હતી. પોતાનું ખરાબ દેખાય નહિ અને ગવર્નર ફિલિપ્સની સૂચનાનો અમલ કર્યાની લાગણી દર્શાવી શકાય, એવા આશયથી કમાલુદ્દીને તરત જ હીરા મૈયાને બંધન-મુક્ત બનાવી દીધો.

હીરો મૈયો બંધનમુક્ત થતાં જ સૌએ એ મુક્તિને નશ્વર સાથેની લલચામણી લડાઈમાં ઈશ્વરના પક્ષે જાહેર થયેલા યશસ્વી વિજયની વધામણી રૂપે વધાવી લીધી. ઈશ્વરને જ નમવાની ટેક રાખવી અઘરી છે, એમાં પણ નશ્વરને નમવા બદલ લાખેણી લાલચ રજૂ થાય, ત્યારે તો આવી ટેક ટકાવી રાખવામાં હીરા મૈયા જેવી હિંમત જ સફળ નીવડે, આ સત્યનો એ દહાડે સૌને ખૂબ જ સારી રીતે સાક્ષાત્કાર થવા પામ્યો.

## આશરે આવેલાની જાનના જોખમે જાળવણી

## ૨

આશરે આવેલાને અણીના અવસરે અને આધાર ગણી શકાય એવા સ્વજનોને અવગણીને પણ આશરો આપવાની ટેકને જાળવી જાણવી, આ જરાય સહેલું નથી. આસમાનના તારા તોડી લાવવા જેવું કઠિન પણ આવું કાર્ય સોરઠની એક નારીએ ટોડલે ટીંગાડેલા દીવાને નીચે ઉતારવાની જેમ કેવી સાહજિકતાથી કરી બતાવ્યું હતું, એની સ્મૃતિ થાય અને ધોળી-આઈ ઇતિહાસના પાનામાંથી ઊડીને આપણી આંખ અને આપણા અંતરમાં અવતર્યા વિના ન જ રહે. આશરે આવેલાની જાનના જોખમે જાળવણી એમણે કઈ રીતે કરી, એ ઇતિહાસ જાણવા અને માણવા જેવો છે.

ચોરવાડ પંથકના કોઈ એક નેસડામાં વસતા આઈ-ધોળી એ પ્રદેશમાં જગદંબા તરીકે મશહૂર હતાં. કવિ તરીકે પ્રખ્યાત રત્ના ચારણની ધર્મપત્ની આઈ ધોળીનો એક વિરલ ગુણ તો આદર્શ તરીકે જનજીભે ગવાતો હતો, એ હતો આશરે આવેલાની જાનના જોખમે પણ જાળવણી કરવાનો ગુણ !

વંથલીમાં ત્યારે રા' ગ્રાહરિયાનું રાજ્ય તપતું હતું. એનું પરાક્રમ જેમ પ્રખ્યાત હતું, એમ એના દુશ્મનો પણ પ્રખ્યાત હતા. ચોરવાડ પંથકના ઘણા ગરાસિયા રા' ગ્રાહરિયાને કટ્ટર શત્રુ ગણતા અને વેરની વસૂલાત કરવાની તક ઝડપી લેવા ઝંખતા રહેતા. એક વાર અણધારી

જ આવી તક ગરાસિયાઓના ઘરઆંગણે જાણે સામેથી ચાલીને આવી.

રા' ગ્રાહરિયાની સોમેશ્વરના દર્શનાર્થે જવાની ભાવના હતી, આ માટે એમણે મનમાં માનતા માની હતી. પણ સંજોગો જ એવા સરજાતા હતા કે, યાત્રાની એ ભાવના હજી ભાવના જ રહી હતી. એથી એક દિ' તો એમણે નક્કી જ કરી નાંખ્યું કે, હવે તો રાજ્યની બધી જ ચિંતાથી મુક્ત થઈને ગુપ્તવેશે યાત્રા માટે નીકળી પડવું. ગુપ્તવેશે નીકળવાનું કારણ એ જ હતું કે, યાત્રાને એઓ યાત્રાની રીતે કરવા માંગતા હતા. એઓ પરાક્રમી હોવાથી સોમેશ્વર પહોંચતા સુધી રસ્તામાં કોઈ આક્રમણ આવી પડે, તો એને એઓ એકલપંડે જરૂર હંફાવી-હરાવી શકે એમ હતા. પરંતુ યાત્રા વચ્ચે યુદ્ધ ખેલીને યાત્રાને તેઓ કલંકિત બનાવવા માંગતા નહોતા. એથી યુદ્ધ ન કરવું પડે અને યાત્રા બરાબર થઈ શકે, એવા એક ઉપાય રૂપે ગુપ્તવેશે યાત્રા કરવી, એ હિતાવહ જણાતા એમણે એક દહાડો વેશ-પરિવર્તન કરીને યાત્રા કાજે પ્રયાણ કર્યું.

રા' ગ્રાહરિયાની એ યાત્રા થોડા દિવસો સુધી તો ગુપ્તતા જાળવી શકી, પણ આવા રાજવી ક્યાં સુધી ગુપ્ત રહી શકે ? ચોરવાડ પ્રદેશમાં થઈને જ એ ગુપ્તયાત્રા આગળ વધવાની હતી, એથી એની ગંધ આવી જતાં એ પ્રદેશના ગરાસિયાઓ સજાગ-સાવધાન બની ગયા. અને એક દહાડો ભરજંગલમાં જ ઓચિંતો હુમલો કરીને એમણે રાજવીના ગુપ્ત-કાફલાને અટકી જવાની ફરજ પાડી. ગુપ્ત-વેશમાં છુપાયેલા રાજવી તો નિશ્ચિંત બનીને સોમેશ્વરની દિશામાં આગળ વધી રહ્યા હતા. પણ પોતાના કાફલાની સામે જે રીતે પડકાર થયો, એથી એમને એવી શંકા તો થઈ જ ગઈ કે, આ હુમલો ગરાસદારોનો જ હોવો જોઈએ અને પોતે રાજવી હોય, એવી ગંધ હુમલાખોરોને આવી જ ગઈ હોવી જોઈએ.

રાજવીએ જોયું કે, આસપાસ નેસ અને થોડાં ઝૂંપડાં સિવાય કોઈ બચાવે એમ નહોતું. એથી જીવ બચાવવા એમણે પોકાર પાડ્યો :

બચાવો, બચાવો, એકલા યાત્રાળુને કોઈ બચાવો.

રા' ગ્રાહરિયાનો આ પોકાર એળે નહોતો જવાનો, એથી એ જંગલમાં જ વસતાં ધોળીઆઈના કાને એ પોકાર અથડાયો, આઈને થયું કે, કોઈ યાત્રાળુ પર હુમલો થયો લાગે છે અને એણે જ જીવ બચાવવા આવો સાદ પાડ્યો હોવો જોઈએ. આશરો ઈચ્છનારાને આધાર આપવા માટે જાણીતાં આઈ ધોળી આવો સાદ સાંભળીને ઝાલ્યાં ન રહી શક્યાં. એ વીરાંગના હતાં. એથી તલવાર ઘુમાવતાં ઘુમાવતાં એઓ સાદની દિશામાં દોડી ગયાં. એક પુરુષ પર હુમલો કરનારા ચાર-પાંચ ગરાસિયાઓ નજરે પડતાં જ એ વીરાંગનાએ રાડ પાડી : એકલા અને શસ્ત્ર-વિહોણા માણસ પર આ રીતે હુમલો કરતાં તમને શરમ નથી આવતી?

ધોળી આઈને સૌ પૂજ્ય-ભાવે પિછાણતા-નિહાળતા હતા. એથી એમની આમન્યાનો ભંગ ગરાસદારોથી કરી શકાય એવો ન હોવાથી પાંચ પગલાં પાછાં પડી જઈને સૌ હાથ જોડીને ખડા રહી ગયા : એમણે સમસ્વરે વિનંતીની ભાષામાં કહ્યું : આઈ ! આપનું વચન તો અમારે શિરોધાર્ય જ કરવાનું હોય. પણ સાપને દૂધ પાવાની જેમ આ શત્રુને આશરો આપવા જેવો નથી. વેશપલટો કરીને નીકળેલા આ માણસને ઓળખી લેવા જેવો છે. આ માણસ બીજું કોઈ નહિં, રા' ગ્રાહરિયા પોતે જ છે. ઘણાં વર્ષો બાદ આ માણસ આજે હાથમાં આવ્યો છે. માટે આને તો અમે જીવતો નહિ જ રહેવા દઈએ. અમારા કેટલાંયના ગામ-ગરાસ આ દુશ્મને પચાવી પાડ્યા છે. અરે ! આથીય આગળ વધીને આપના પતિ રત્ના-ચારણનું ભરસભામાં અપમાન કરનારો પણ આ જ રા' ગ્રાહરિયો હતો. આજે ઘણા વખતે એ હાથમાં આવ્યો છે. માટે એમને અમારી રીતે એની સાથેનો હિસાબ પતાવી દેવા દો. આઈ ! આપને પગે પડીને વીનવીએ છીએ કે, આજે આપ અમારી આડે ન જ આવતાં.

થોડી પળો સુધી મૌન રહેલાં આઈ ધોળીએ હવે મોઢું ખોલ્યું. એમનો પ્રભાવ જ એવો હતો કે, ગરાસિયાઓની તલવારો જાણે સ્તંભિત થઈ ગઈ હતી. આઈએ કહ્યું : તમારા માટે આ ભલે શત્રુ રહ્યા, પણ મારા માટે તો શરણાગત છે. હું આમને આશરો આપવા આવી છું. તમે સીધી રીતે સમજી જાવ, તો સારી વાત છે. નહિ તો તમારી સાથે ઝપાઝપી કરીને પણ આ શરણાગતને હું બચાવ્યા વિના નથી જ રહેવાની. આટલો મારો અટંકી-નિરધાર સાંભળી લો.

ધોળી આઈની આવી સુરક્ષાના કવચને ભેદીને શત્રુ પર ઘા કરવો, એ જરાય સહેલી વાત ન હતી. અને ધોળી આઈની સામે કડવાં વેણ ઉચ્ચારવાનીય કોઈની હિંમત ન હતી. એથી ગરાસદારોના હાથ હેઠા પડ્યા. ધોળી આઈની પાછળ પાછળ મદદ માટે આવેલા ચારણોની મદદ લઈને એ રાજવીને શરણાગત તરીકે આઈ ધોળી પોતાના નેસડામાં રહેલા ઝૂંપડામાં લઈ આવી. પોતાના પતિ રત્નાચારણનું અપમાન એક વાર ભરીસભામાં રા' ગ્રાહરિયાએ કર્યું હતું. એ સાવ સાચી વાત હતી. અને આ દૃષ્ટિએ એનું વેર વાળવાની આ સારામાં સારી તક હતી. પણ આ તો ભૂતકાળ બની ગયેલી વાત હતી. વર્તમાનમાં તો રા' ગ્રાહરિયો પોતાનો શરણાગત હતો. એને જાનના જોખમે પણ જાળવવાની હવે પોતાની ફરજ હતી, આ ફરજને અદા કરવા ધોળી આઈ કટિબદ્ધ બની ગયાં.

ધોળી આઈને ખબર હતી કે, આ શત્રુ-રાજવીની જાળવણી કરતાં કદાચ પોતાના જાનને પણ જોખમમાં મૂકવાની કટોકટી ઊભી થવા પામે. પોતાના પતિ રત્નાચારણની પણ કદાચ અવગણના કરવી પડે, એવી શક્યતા હોવા છતાં રાજવીને પોતાના ઝૂંપડામાં સુરક્ષિત બનાવી દઈને આઈ ધોળી ભાવિની વિચાર-સૃષ્ટિમાં ખોવાઈ ગયાં.

રા' ગ્રાહરિયાને જ્યારે ખ્યાલ આવી ગયો કે, જેનું મેં એક વાર ભરસભામાં અપમાન કર્યું હતું, એ રત્ના ચારણની પત્ની આઈ ધોળી જ આજે મને આશરો આપનારી બની છે, ત્યારે એક વાર તો એને

ભાવિ ભયાનક ભાસ્યું. પણ પછીથી આઈ ધોળીની ટેકનો વિચાર આવતાં જ રા' ગ્રાહરિયો નિશ્ચિંત બની ગયો. પોતાની સામે આંગળી ચીંધવા કોઈ ગરાસિયો હવે ફરકી શકે એમ ન હતો. આવી સમર્થતા તો એક માત્ર રત્ના-ચારણની જ હતી, પણ એ તો અત્યારે બહારગામ ગયો હતો. એથી આઈ ધોળી નિશ્ચિંત બનીને રા' ગ્રાહરિયાને આશરો આપવાનું કર્તવ્ય અદા કરી રહી હતી.

આઈ ધોળીની સૂચના મુજબ જ આ સમાચાર વંથલી પહોંચી ગયા હતા અને ત્યાંથી થોડા રાજસેવકો આવીને રા' ગ્રાહરિયાને આઈ ધોળીના ઝૂંપડામાંથી હેમખેમ વંથલી લઈ જાય, એવી યોજના ઘડાઈ ચૂકી હતી. એથી નિશ્ચિંત બની ગયેલાં આઈ ધોળીને એક માત્ર રત્ના ચારણની ચિંતા જ સતાવતી હતી. આ યોજનાને તેઓ માન્ય રાખે, એવી શક્યતા નહિવત હતી. છતાં આશરે આવેલાને સુરક્ષિત રાખવાની ટેક જાળવવા જતાં જે પણ ભોગ આપવો પડે, એ આપવાની આઈ ધોળીની પૂરેપૂરી તૈયારી હતી.

ધારણા મુજબ રત્ના ચારણને રા' ગ્રાહરિયાને આઈ ધોળીએ આશરો આપ્યાના સમાચાર મળતાંની સાથે જ એની નસેનસમાં ખુન્નસ ફરી વળ્યું. મારતે ઘોડે એ ઘરે આવ્યો. ઝેર પાયેલા બાણને વેગપૂર્વક છોડવાની અદાથી એણે આઈ ધોળીને સણસણતો સવાલ કર્યો : સાંભળ્યું છે કે, તેં શત્રુને શરણાગત તરીકે આશરો આપ્યો છે. શું આ વાત સાચી છે?

રત્નાચારણના શબ્દેશબ્દમાં આગ ભભૂકતી હતી. આઈ ધોળીએ પૂરી સ્વસ્થતાપૂર્વક જવાબ વાળતાં કહ્યું : શરણાગત તરીકે જેમનો સ્વીકાર કરવા હું જ્યારે ગઈ, ત્યારે મને ખ્યાલ ન હતો કે, આ શત્રુ છે. એથી મેં શત્રુને શરણાગતિ આપી છે, એમ કહેવા કરતાં એમ કહેવું વધુ વાજબી ગણાય કે, મેં જેને શરણાગત તરીકે સ્વીકાર્યો, એ શત્રુ નીકળ્યો. આ ભેદ જો આપ સમજી શકો, તો જ હું મારું કર્તવ્ય અદા કરી શકું.

ચારણનો ચહેરો લાલઘૂમ બની ગયો હતો, એ આવી કોઈ જ વાત સાંભળવા તૈયાર નહતો. એણે ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું કે, તું ગમે તેવો બચાવ કરે, પણ શત્રુને આશરો આપીને તું સાપને દૂધ પીવરાવી રહી છે, આ દીવા જેવું સ્પષ્ટ સત્ય છે. માટે હું આ સાપનો બહિષ્કાર કરીને જ જંપવાનો છું. આ સંઘરેલા સાપને આશરો આપવાની જીદ તું છોડી દે. બોલ, આ વિષયમાં તારો અંતિમ-નિર્ણય શો છે ?

આ વાત ચાલતી હતી, ત્યાં તો પૂર્વયોજના મુજબ વંથલીથી નીકળેલા ચાર-પાંચ રાજ-સેવકો ત્યાં આવી લાગ્યા, જે રા' ગ્રાહરિયાને હેમખેમ વંથલી લઈ જવા માટે જ આવ્યા હતા. એમને જોતાંની સાથે જ ચારણનો ગુસ્સો ઓર ભભૂકી ઊઠ્યો. એણે આઈ ધોળી પર હાથ અજમાવતાં કહ્યું : આ શત્રુનો વાળ વાંકો ન થાય, એવું કાવતરું તેં જ યોજ્યું છે, ને ? જો તારે આવાં જ કાળાં કામ કરવાં હોય, તો આ શત્રુની સાથે તું પણ આ ઘરમાંથી ચાલતી પકડ. મારે તારીય જરૂર નથી.

ચારણે આઈ ધોળીને એવો જોરદાર ધક્કો માર્યો કે, એ ત્યાંને ત્યાં પડી ગયાં. પોતાની સુરક્ષા ખાતર આટલી હદ સુધીનું સહન કરનાર આઈ ધોળી પર ઓળઘોળ બની જતાં રા' ગ્રાહરિયાએ આંસુભીની આંખે આઈના પગ પકડીને ચારણને વિનવણી કરી કે, મારી ખાતર આ જગદંબા પર આવો જોરજુલમ ન કરવા વીનવું છું. આ તો જગદંબા છે, આની આંતરડી કકળાવનારો દુઃખી થયા વિના નહિ રહે. માટે આ વિષયમાં આઈના અંતરના અવાજને આપણે બંને આવકાર આપીએ, એમાં જ આપણું હિત રહેલું છે. આ પૂર્વેનો બધો જ ભૂતકાળ આપણે ભૂલી જઈએ, અને હવે આજથી નવેસરથી જિંદગી જીવવાની શરૂઆત કરીએ.

રા' ગ્રાહરિયા જેવા રાજવીને આઈ ધોળીના ચરણ ચાટતો જોઈને ચારણનું હૈયું પણ પલટાઈ ગયા વિના ન રહ્યું. એણે ભૂલને સુધારી

લેતાં કહ્યું : તમારી જેમ હું પણ ભૂતકાળને ભૂલી જવા તૈયાર છું.

આ દૃશ્ય જોઈને વંથલીથી આવેલા રાજસેવકો સન્ન થઈ ગયા. એમણે પણ આઈના પગ પકડી લેતાં આખું વાતાવરણ જ પલટાઈ ગયું. પળ પહેલાં જ્યાં આગ ઝરતી હતી, ત્યાં જાણે વાત્સલ્યનો બાગ ખીલી ઊઠ્યો. ચારણના હાથનો હડસેલો ખાઈને પડી ગયેલાં આઈ ધોળીને સખત માર લાગ્યો હતો. એથી માંડ માંડ બેઠાં થઈને એમણે હૈયાની ભાવના રજૂ કરતાં કહ્યું કે, આંગણે આવેલાને આશરો આપવાની મારી ટેક અડીખમ રહે, એ માટે હું ઈચ્છું છું કે, વંથલીના આ રાજવી વંથલીની જેમ સંપૂર્ણ પ્રજા સાથે હેત-પ્રીતથી હળીભળી જાય. ગરાસદારો વેરઝેર ભૂલી જાય અને મારા આ ચારણને વંથલીના દરબારમાં રાજકવિ તરીકેનું સ્થાનમાન પ્રાપ્ત થાય.

ધોળી આઈની આ ભાવનાને સૌએ સમસ્વરે વધાવી લીધી. જાનના જોખમે એમણે ટેક જાળવવાની તૈયારી દર્શાવી, તો અણધારી રીતે જ વાતાવરણનો કણેકણ, ઉપસ્થિત લોકોનું મન અને રાજવી ઉપરાંત ચારણનું જીવન જ જાણે પુણ્યપલટો પામી ગયું. ઈતિહાસમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, આ પછી આઈ ધોળી લાંબો સમય જીવ્યાં નહિ. પણ આ ઘટનાના માધ્યમે તેઓ આજે પણ જીવંત હોવાની પ્રતીતિ થયા વિના રહેતી નથી, આ પણ એક હકીકત નથી શું ?

# આવા હતા રાજા, આવી હતી પ્રજા

## 3

મહાસાગરનો વિશાળ-પટ હોય અને મોટી ભરતીના દિવસો હોય, પછી એ સાગરના કિનારે જે જલરાશિ ઊભરાય, એમાં શી કમીના રહે ? કચ્છ-ભુજનો દરબાર-ગઢ હોય, દેશળજી બાવાનું સામ્રાજ્ય તપતું હોય અને એમાં પાછો નૂતનવર્ષનો સુવર્ણ-સૂર્ય ઊગ્યો હોય, પછી ત્યાં જે માનવ-મહેરામણ છલકાય, એમાં શી કમીના રહે ? એ યુગમાં એવી પ્રણાલિકા ચાલી આવતી હતી કે, નૂતનવર્ષના દિવસે રાજ્યના ઘણા-બધા શેઠ-શાહુકારો ભેટણું લઈને દેશળજી બાવાની સેવામાં ઉપસ્થિત રહેતા, આવેલા શ્રેષ્ઠીઓના નામની છડી ક્રમસર પોકારાતી અને એ એ શ્રેષ્ઠી તરફથી ભેટણું રાજ-ચરણે સમર્પિત કરવામાં આવતું.

આ જાતની પ્રણાલિકા મુજબ ભુજ-કચ્છના દરબારમાં દેશળજી બાવાને ભેટણું ધરવા શ્રેષ્ઠીઓ અને નગરજનોની ભારે ભીડ જામી હતી અને ચોપદાર એક પછી એક શ્રેષ્ઠીની છડી પોકારી રહ્યો હતો. એમાં માંડવીના માવજી શેઠની છડી પોકારાઈ કે, માવજી શેઠ કી સલામ પે નિગાહ રખ્ખો મહેરબાન સલામત !

માવજી શેઠની છડી સાંભળીને દેશળજી બાવાની આંખમાંથી કોઈ નવી જ ચમક રેલાઈ રહી. માણેકચંદ શેઠ માંડવી બંદરમાં રહેતા હતા.

એમની પર દેશળજી બાવાના ચારે હાથ હતા. દેશળજી બાવાને જ્યારે માંડવી જવાનું બનતું, ત્યારે તેઓ માણેકચંદ શેઠની મહેમાનગીરી અચૂક માણતા અને શેઠ પણ ભાવભરી ભોજન-ભક્તિ કરાવવામાં જરાય કચાશ ન રાખતા. માવજી શેઠ એમના દીકરા થતા હતા. દેશળજી બાવાએ માવજી શેઠનું નામ સાંભળીને આતુર આંખે પૂછ્યું : માણેકચંદ શેઠ મજામાં છે ને ?

માણેકચંદ શેઠ વતી ભેટણું ધરવા આવેલા માવજી શેઠે જવાબ વાળતાં કહ્યું કે, પિતાજી મજામાં છે. આ વરસે પિતાજી વતી ભેટણું ધરવાનો લાભ આ સેવકને મળ્યો છે. પિતાજી આપને ખૂબ ખૂબ યાદ કરે છે. આટલું કહીને અદબપૂર્વક નમસ્કાર કર્યા બાદ માવજી શેઠે દેશળજી બાવાના ચરણની રજ માથે ચડાવી અને ભેટણાં તરીકે લાવેલી છાબ એમણે રાજવી સમક્ષ સમર્પિત કરી.

એ યુગના રાજાઓની આંખમાં લોભની લાહ્ય લબકારા મારતી નહોતી, એમ પ્રજાનું હૈયું રાજવીના ચરણે ભેટણાના રૂપમાં યથાશક્તિ સંપત્તિ સમર્પિત કરવા ભાવનાશીલ રહેતું. આજની જેમ ત્યારના રાજવીઓની આંખમાં લોભની લાહ્ય સળગતી નહોતી, તેમજ પ્રજા રાજવી તરફની ભક્તિ-ભાવનાથી રહિત નહોતી. માવજી શેઠે ધરેલા એ ભેટણામાં સુવર્ણની ખણખણતી કોરીઓનો (તે વખતનું નાણું) ઢગલો જોઈને દેશળજી બાવાએ પૂછ્યું : આ શું ? હું ભેટણું હજી ગ્રહણ કરી શકું, પણ આ ખજાનો ન ગ્રહણ કરી શકું. માટે ભેટણાની આ છાબમાં રહેલું રેશમી કાપડ રાખીને આ સુવર્ણ-કોરીઓ પાછી લઈ જાવ.

માવજી શેઠ એ ભેટણું પાછું લઈ જવા માંગતા નહોતા. એમણે કહ્યું કે, આપના પ્રભાવે આ વર્ષે કમાણી સારી થઈ છે, એ કમાણીના પ્રમાણમાં તો આ ભેટણું તો સાવ જ તુચ્છ ગણાય. આ ભેટણું પાછું લઈ

જાઉં, તો મારે પિતાજીનો ઠપકો સાંભળવો પડે, એ વધારામાં. સુવર્ણ તો શુકનવંતુ નજરાણું ગણાય, એને તો પાછું ન જ ઠેલવું જોઈએ ને ?

દેશળજી બાવાએ આ વાક્યમાં સુધારો કરતાં કહ્યું કે, ભેટણું પાછું ઠેલવું ન જોઈએ, એમ કહો છો, માટે જ તો હું આ રેશમી કાપડ સહર્ષ સ્વીકારી લઉં છું. મને એક પ્રશ્નનો જવાબ મળશે, માવજી શેઠ ?

માવજી શેઠે હકાર દર્શાવતાં દેશળજી બાવાએ પૂછ્યું કે, તમારે મન મારું મહત્ત્વ વધુ કે તમારા પિતા માણેકચંદ શેઠનું મહત્ત્વ વધુ ?

પિતા કરતાં તો દેશળજી બાવાનું વધુ મહત્ત્વ શિરોધાર્ય કર્યા વિના માવજી શેઠને ક્યાં ચાલે એમ હતું ? એમણે કહ્યું કે, પિતાના પિતા તો આપ જ ગણાવ ને ?

માવજી શેઠની આ કબૂલાતને માન્ય રાખીને દેશળજી બાવાએ કહ્યું : તો તો બંને પિતાને રાજી રાખવા, એ તમારું કર્તવ્ય બની જાય છે. મારી નારાજી ટાળવા સુવર્ણ-કોરીઓ કાઢી નાંખો. રેશમી કપડું સ્વીકારીશ, એટલે તમારા પિતાની નારાજીને અવકાશ નહિ રહે. ભેટણાંની આ આખી છાબ સ્વીકારવા જતાં મારું દિલ દુભાય છે, માટે કથન-મુજબ સુવર્ણ-કોરીઓ પાછી લઈ લેશો, તો મારી ઉપર કંઈ માણેકચંદ શેઠ ગુસ્સે નહિ થાય.

દેશળજી બાવાની આ વાત માવજી શેઠને સ્વીકારવી પડી. છતાં વચલો રસ્તો કાઢતાં દેશળજી બાવાએ કહ્યું કે, માવજી શેઠ ! સુવર્ણકોરીઓ પાછી લઈ જવા મન માનતું ન હોય, તો આ સુવર્ણકોરીઓ હું જાતે પાછી મોકલી આપીશ. તમે માંડવી જઈને શેઠ માણેકચંદને એટલા સમાચાર હર્ષપૂર્વક આપજો કે, રેશમી કપડાનું ભેટણું ભુજના દરબારમાં સ્વીકૃત થઈ ગયું છે.

અને આ પ્રમાણે જ બન્યું. બાવાજીએ એ ભેટણું સ્વીકાર્યું ખરું, પણ સુવર્ણકોરીઓ પાછી મોકલવાના નિર્ણય પૂર્વક ! માવજી શેઠ ભેટણું સમર્પિત કરીને વિદાય થઈ ગયા, પણ એ રીતે મનને મનાવીને માવજી શેઠને જવું પડ્યું કે, બાવાએ કપડું સ્વીકારવાની તો કૃપા કરી, એય ઓછું ન કહેવાય !

ત્યારે રાજાઓ સારા હતા, માટે એમને પ્રજા સારી મળી હતી અને પ્રજા સારી હોવાથી એ પ્રજાને રાજા સારા મળ્યા હતા. આજે રાજા-પ્રજા બંનેમાં ભલીવાર નથી, એટલે કોને સારા અથવા કોને નઠારા ગણવા, એ જ યક્ષ-પ્રશ્ન બની રહે એમ નથી શું ? જો સારપનું સામ્રાજ્ય સ્થાપવું હશે, તો બેમાંથી એકે તો સારા બનવું જ રહ્યું ને ? એક પક્ષે સારપ-સિદ્ધ થશે, પછી બીજા પક્ષને તો સારા બનવું જ પડશે ને ?

## આનું નામ બંનેની જીત

### ૪

'કચ્છડો બારે માસ' આ કહેવત કીર્તિ-પતાકા બનીને ભુજ-નગરીના કોટ-કિલ્લા પરથી લહેરાઈ રહી હતી. કચ્છી નૂતન-વર્ષનો સપરમો દિવસ હોવાથી રાજસભા જાણે નવોઢા-નારી જેવા સાજ-શણગારથી સજ્જ બની હતી. રાજસિંહાસન પર બિરાજેલા દેશળજી બાવા આકાશમાં તપતા સૂર્યની જેમ શોભી રહ્યા હતા. બારેમાસ શોભતા કચ્છડાની અને એની રાજધાની પાટનગરી સમી ભુજની આભા-શોભા નૂતન વર્ષનો દિવસ હોવાથી સવિશેષ શોભી ઊઠી હતી.

પરંપરાગત પ્રણાલી મુજબ નૂતન વર્ષે ભેટણું ધરવા આવેલા શેઠ-શાહુકારોની વણઝારમાં માંડવીના શ્રેષ્ઠી માણેકચંદ શાહના પુત્ર માવજી શેઠનો મોભો તો કોઈ ઓર જ જણાઈ આવતો હતો. માણેકચંદ શેઠ પર દેશળજી બાવાના ચાર હાથ હતા, એઓને સોંપવામાં આવેલ માંડવી બંદરનો વહીવટ એવો સુંદર ચાલી રહ્યો હતો કે, જેથી માંડવી-બંદરની સાથે સાથે દેશળજી બાવાનાં નામ-કામ પર પણ ચાર ચાંદ ચમકી ઊઠ્યા હતા. આના-પાઈ સિખ્ખેનો હિસાબ, લાંચ-રુશવતનું તો નામ પણ નહિ, પારદર્શક વહીવટ અને દિવસે દિવસે નફામાં વૃદ્ધિ : માણેકચંદ શેઠના વહીવટનો જ આ રૂડો પ્રતાપ-પ્રભાવ હતો. આ કારણે પણ દેશળજી બાવાના હૈયે શેઠ માણેકચંદ અને એમના સુપુત્ર માવજી શેઠનું અદકેરું સ્થાન-માન હતું.

ક્રમ મુજબ એક પછી એક શ્રેષ્ઠીઓ નજરાણું ધરવા આવતા અને દેશળજી બાવાને નમીને નજરાણું ધરવાપૂર્વક વિદાય થતા. એમાં જ્યાં આગંતુક શ્રેષ્ઠી તરીકે માવજી શેઠનું નામ બોલાયું, ત્યાં જ દેશળજી બાવાની આંખમાં જે ચમક આવી અને હૈયામાં હર્ષ જે રીતે છવાઈ જવા પામ્યો, એ સભાથી અછાનો ન રહી શક્યો.

માવજી શેઠ આગળ આવ્યા, એમની પાછળ પાછળ નજરાણા રૂપે બે-ત્રણ છાબો લઈને સેવકો આવ્યા. એ છાબોમાં માત્ર નજરાણું જ નહિ, પણ ખજાનો ભરવામાં આવ્યો હતો, એવો આભાસ થતાં સભા ટગર-ટગર નજરે દેશળજી બાવા અને માવજી શેઠને નિહાળી રહી. દરવખતે નજરાણાં રૂપે આવતી છાબ કરતાં આ વખતે સંખ્યાની દૃષ્ટિએ પણ વધુ જણાતાં દેશળજી બાવાએ પ્રશ્ન કર્યો : માવજી ! દર વર્ષ કરતાં છાબની સંખ્યા અને છાબોની મોટાઈ વધુ જણાઈ રહી છે, આ મારો ભ્રમ તો નથી ને ?

માવજી શેઠે જવાબ વાળતાં જણાવ્યું : દેશળજી બાવા તરીકે આપનો પુણ્ય-પ્રતાપ વૃદ્ધિ પામી રહ્યો છે. એથી માંડવી-બંદરનો વેપાર-વણજ પણ વધી જ રહ્યો છે. આમાં જો કોઈ ભ્રમને સ્થાન નથી, તો પછી આ છાબ કઈ રીતે ભ્રમનો ભોગ બની શકે. પ્રતિવર્ષ વધતા જતા વેપારવણજની પ્રતીતિ કરાવી જતી આ છાબને ભ્રમની ભૂતાવળ સ્પર્શી શકે એમ પણ નથી.

દેશળજી બાવાએ સવાલ કર્યો : 'એટલે ?'

માવજી શેઠે મસ્તક નમાવીને સ્પષ્ટતા કરી કે, આપના પ્રભાવે માંડવી બંદરનો વહીવટ વિસ્તરી રહ્યો છે. એથી વેપારી-વર્ગને થતી આવકમાં પણ વધારો થાય, એ સાવ સહજ ગણાતો હોય, તો પછી નજરાણાની વૃદ્ધિ-સમૃદ્ધિને સૂચવતી આ છાબોની સંખ્યામાં અને મોટાઈમાં જોવા મળતો વધારો આભાસ ન જ હોઈ શકે, એને તો વેપાર-વૃદ્ધિની વધામણી જ ગણી શકાય. ગઈ સાલ કરતાં આ વર્ષે

અમારી કમાણીમાં વધારો થયો છે, એથી એ કમાણી મુજબ નજરાણું વૃદ્ધિ પામે, એ તો સાવ જ સહજ ગણાય ને ?

આટલી સ્પષ્ટતા કરીને માવજી શેઠે જ્યાં છાબો ઉપર ઢાંકવામાં આવેલું રેશમી કપડું ઊંચકી લીધું, ત્યાં જ સોનાની કોરીઓ, મુદ્રાઓ અને રેશમી વસ્ત્રોના તાકેતાકા દેખાતાં જ જોકે સભાની આંખો અંજાઈ ગઈ, પણ દેશળજી બાવાની આંખમાં તો એ જ સંતોષ વરતાઈ રહ્યો. એમણે કહ્યું : માવજી શેઠ ! હું નજરાણું હજી લઈ શકું, પરંતુ આવા ખજાના પર તો નજર કરવાનો પણ મને અધિકાર નથી. બંદરની આવક આ વર્ષે વધારે થવા પામી, એમાં હું કઈ રીતે કારણ ગણાઉં ? આમાં તો તમારી પુણ્યાઈ અને પુરુષાર્થ જ ખરેખર કારણ ગણાય. એનો યશ મારા શિરે અભિષેકાતો હોય અને હું નિષેધ ન કરું, તો હું પણ દોષિત ઠરું. તમારા પુણ્યે તમે બધું કમાયા છો, માટે નજરાણું તો હું પ્રતિવર્ષ સ્વીકારું છું. એટલું જ સ્વીકારીશ, એથી વધારે નજરાણું તો કોઈ પણ હિસાબે મારાથી ન જ સ્વીકારી શકાય. માટે આ કોરીઓ-મુદ્રાઓ રેશમી કાપડ અને બીજી કીમતી ચીજો પાછી લઈ લો.

દેશળજી બાવાની આ નિઃસ્પૃહતા પર ઓવારી જઈને માવજી શેઠે વિનંતી કરી : હું તો મારા પિતાજી વતી અહીં ઉપસ્થિત થયો છું, માટે આમાંનું કશું જ હું જો પાછું લઈ જાઉં, તો પિતૃ-આજ્ઞાનો ભંગ ગણાય, માટે અત્યારે આ બધું ભલે અહીં જ રહ્યું. મારા પિતાજીની થાપણ તરીકે આને સ્વીકારવામાં અને સાચવવામાં આપને કોઈ બાધ ન હોવો જોઈએ. મારા પિતાજી જ્યારે અહીં આવશે, ત્યારે આ અંગે આપ બધું વિચારી શકો છો.

દેશળજી બાવાએ યુક્તિ લડાવતાં જણાવ્યું કે, તમારે મન પિતાજીની ભલામણ વધુ મહત્ત્વની ગણાય કે મારી મરજી વધુ મહત્વની ગણાય ? આ છાબ લઈ જવામાં તમને પિતાજીની ભલામણનો ભંગ નડે છે. જ્યારે તમે આ ખજાનો અહીં મૂકી જવાનો નિર્ણય લો, તો એમાં મારા

દિલની દુભવણીમાં નિમિત્ત બનો છો. માટે મારું કહ્યું માની લઈને આ બધો ખજાનો પાછો લઈ જ જાવ, નજરાણું સ્વીકારવાની તો મારી ક્યાં ના જ છે ?

'કચ્છડો કાયમ કામણગારો' કેમ કહેવાતો હતો, એનું મૂળ કારણ દર્શાવતી આ ઘટનાનો અંત એ રીતે આવે છે કે, વિજય અંતે દેશળજી બાવાને વરેલી સંતોષવૃત્તિનો જ થયો, જોકે માવજી શેઠ હાર્યા, એમ પણ ન કહી શકાય. કારણ કે એ ખજાનો મૂકીને એમણે તો વિદાય લઈ લીધી. એ ખજાનામાંથી નજરાણું તારવી લઈને રાજસેવકોને બાવા દેશળજીએ જ્યારે મારતે ઘોડે માંડવીના માર્ગે રવાના કર્યા, ત્યારે જ એમને સંતોષ થયો. શેઠ માવજીની સાથે સાથે જ એ સેવકો માંડવીમાં પ્રવેશ્યા અને ખજાનો શેઠ સમક્ષ રજૂ કર્યો. ત્યારે ભુજ, માંડવી કે સમગ્ર કચ્છ માટે એ કળવું મુશ્કેલ બની જવા પામ્યું કે, આમાં કોણ હાર્યું અને કોણ જીત્યું ? નિર્ણય ન લઈ શકાતાં અંતે સૌએ બંનેના વિજયને એ રીતે વધાવ્યો કે, જેથી અન્યના કપાળને હારનું કલંક કલંકિત બનાવી ન શકે !

**તા.ક.** : દેશળજી બાવા અને માવજી શેઠને લગતા ઉપરોક્ત બંને પ્રસંગો ફલશ્રુતિની દૃષ્ટિએ ભિન્ન-ભિન્ન લાગે, એવા તો છે જ. આમ છતાં બંને પ્રસંગોમાં રાજા-પ્રજાનું મહત્વ તો એક સરખી રીતે ધ્વનિત થઈ રહેલું અનુભવાય છે.

## પતિના પુણ્ય-પરિવર્તન કાજે

### ૫

વાંકાનેરની વાંકમાં આવેલું જસાપર ગામ છે. આસો મહિનો છે. નવરાત્રિનો તહેવાર ચાલતો હોવાથી મહોત્સવમય માહોલ છવાયેલો છે. દિવસો આનંદ-મંગલમાં વીતે છે. રાતે તો ગરબા અને નાચ-ગાનનો અનેરો રંગ જામે છે. એક રાતની વાત છે. જામેલા રંગમાં એકાએક ભંગ પાડતો પ્રચંડ પોકાર પડઘા પાડી રહ્યો :

'હું મોવર સંઘવાણી છું. રંગમાં ભંગ પાડવા જ હું અહીં ત્રાટક્યો છું. માટે સહુ કોઈ કાન ખુલ્લા રાખીને સાંભળી લો કે, જેને જીવ વહાલો હોય, એવા નાના-મોટા સહુ કોઈ પોતાના દેહ પરના તમામ દરદાગીના ઉતારીને અહીં વિના વિલંબે મૂકી દે. રાજીખુશીથી જેઓ દરદાગીનાના મોહથી મુક્ત નહિ બને, એઓને દેહની સાથોસાથ દરદાગીનાના મોહથી મુક્ત થવા મજબૂર બનાવવા, એ આ બહારવટિયાની સમશેર માટે તો ડાબા હાથનો ખેલ ગણાય.'

જ્યાં ગરબા અને ગીત ગવાતાં હતાં, ત્યાં એકાએક જ તાંડવ-નૃત્યના ડાકલા સમો આવો પોકાર સાંભળીને સૌ થરથર ધ્રૂજવા માંડ્યા. કારણ કે યમદેવનું બીજું નામ જ મોવર સંઘવાણી હતું. બહારવટિયા તરીકે એ એવો કુખ્યાત હતો કે, એનું નામ પડતાં જ ભલભલા ભડવીરો પણ ધ્રૂજી ઊઠતા. આ તો એણે દર-દાગીના ઉતારી દેવા માટેની માંગણી સામેથી મૂકી હતી, બાકી આવી માંગણી ન મૂકી હોય, તોય એને સામે

ઊભેલો જોઈને જીવ બચાવવા માટે લોકો તરત જ દરદાગીના ઉતારી દઈને એના પડછાયાથી પણ ભાગી છૂટવામાં પળનોય વિલંબ ન કરત. ચોમેર એની આવી હાક-ધાક ફેલાયેલી હતી. પરંતુ નવરાત્રિના જામેલા રંગમાં અચાનક જ ભંગ પડ્યો હતો, એથી સૌ કિંકર્તવ્યમૂઢ બનીને શું કરવું, એની મૂંઝવણ અનુભવી રહ્યાં હતાં. એથી સંઘવાણીનો ગુસ્સો બેકાબૂ બનીને ફાટી નીકળ્યો :

'શું તમે બધાં બહેરાં ભેગાં થયાં છો ? હું રાડ પાડીને દરદાગીના ઉતારી દેવા કહી રહ્યો છું. પણ તમને મારી રાડ સંભળાઈ લાગતી નથી. મને લાગે છે કે, તમને જીવવાની તક આપવાની હું જે ઉદારતા દાખવી રહ્યો છું, એ ઉદારતાને માટે તમે જરાય લાયક નથી, માટે મારે નિષ્ઠુર બનીને હવે તો સમશેર ચલાવવી જ પડશે. પછી તો દેહ પણ તમારા હાથમાં નહિ રહે, દર-દાગીના પર તો તમારી માલિકી પછી ક્યાંથી રહેવાની ? માટે હજીય તમને એક વધુ તક આપવા હું તૈયાર છું, મારી આ દયાને પાત્ર બનવા તમે દરદાગીના ઉતારી આપો, તો તમારો વાળ પણ વાંકો નહિ થાય, એની હું બાંહેધરી આપું છું.'

બહારવટિયાએ એવી રાડ પાડીને સણસણતા બાણ જેવા આ શબ્દો ઉચ્ચાર્યા કે, સહુની આંખ ખૂલી ગઈ અને બીજી જ પળે સૌએ દરદાગીના ઉતારવા માંડ્યા. થોડી પળોમાં તો બહારવટિયાની સામે દરદાગીનાઓનો ઢગલો થઈ ગયો. એની પર નજર પડતાં જ બહારવટિયા સહિત એના બધા જ સાગરીતોની આંખો પહોળી થઈ ગઈ. બધાની ધારણા બહાર દર-દાગીનાનો ઢગલો થઈ ગયો હતો. આ એક જ લૂંટમાં એટલું બધું મળવાની આશા બંધાઈ હતી કે, હવે મહિનાઓ સુધી લૂંટફાટ ન કરે તોય ચાલે !

મોવર સંઘવાણી સાગરીતો સહિત ખુશખુશાલ બની ગયો, અને લોકોની આંખમાંથી લોહીની આંસુ-ધાર વહી નીકળી. થોડી પળો વીતી-ન-વીતી, ત્યાં તો કોઈએ જે કલ્પ્યો પણ નહોતો, એવો અણધાર્યો એક

અવાજ રેલાયો. એ અવાજ કોઈ સ્ત્રીનો જણાતો હતો. રડનારને હસાવવા અને હસનારને રડાવવા સમર્થ એ અવાજ હતો. એથી રડતા ગામલોકો હસી ઊઠ્યા અને હસતા લૂંટારા રડમસ બની ગયા. રંગમાં પડેલા ભંગમાં ભંગાણ સરજી દઈને પુનઃ એ રંગનું અનુસંધાન કરવાની સમર્થતા પણ એ અવાજમાંથી રેલાઈ રહી હતી :

'ખબરદાર ! આ દરદાગીનાના ઢગલામાંથી રતિભાર જેટલું પણ સોનું ઉપાડ્યું છે તો ! પાપનાં પોટલાં બાંધવાનો આવો ધંધો નવરાત જેવા તહેવારમાં કરતાં શરમાતા નથી ?'

બહારવટિયા સામે બળવો જગવીને પછી એ સ્ત્રીએ લોકો તરફ મોં ફેરવ્યું અને સૌને ઉદ્દેશીને કહ્યું કે, આ ઢગલામાં જેના જેના દાગીના હોય, એ ઓળખીને સૌ લઈ લે. કોઈએ ગભરાટ રાખવાની જરૂર નથી. હું આ બહારવટિયાની પત્ની છું અને પતિને સન્માર્ગ ચીંધવા ઘોડેસવાર બનીને અહીં દોડી આવી છું.

એ સ્ત્રીનું નામ હતું : બીજઈ ! બીજઈને આ રીતે અણધારી ટપકી પડેલી જોઈને બહારવટિયાઓની આંખમાં આશ્ચર્ય અને આઘાતના ભાવોની ભરતી ચડી આવી. કિનારે આવેલી નૈયાને આ રીતે ડૂબતી દેખીને બીજઈ પર બહારવટિયા મોવર સંઘવાણીને ઘણો ઘણો ગુસ્સો આવ્યો. દિવસો-મહિનાઓ સુધી લૂંટ ચલાવ્યા વિના જ જેના આધારે મોજ-મસ્તીથી જીવી શકાય, એવા દાગીનાના ઢગલાને લૂંટ્યા વિના ન જ જવાનો મનોમન નક્કર નિર્ણય લઈ લઈને પછી એ બહારવટિયાએ જ્યારે બીજઈ તરફ નજર સ્થિર કરી, ત્યારે એ બહારવટિયાની આંખ સામે છેલ્લા થોડા દિવસથી ઘરમાં ગડમથલભર્યું જે વાતાવરણ સરજાયું હતું, એ ઊપસી આવ્યું. બહારવટિયો મનોમન બોલી ઊઠ્યો કે, ધાર્યું ન હતું કે, બીજઈ આ રીતનું પગલું ઉઠાવીને મારી બધી જ ધારણાઓને ધૂળમાં મેળવી દેશે.

બહારવટિયા સંઘવાણીની લૂંટફાટની પ્રવૃત્તિ એની પત્ની બીજઈને

જરાય પસંદ ન હતી. એમાંય એને જ્યારે એવી ગંધ આવી ગઈ કે, જસાપર ગામમાં નવરાત્રિનો લાભ લઈને ગામલોકોને સહેલાઈથી લૂંટી લેવાનો કોઈ કારસો ઘડાઈ રહ્યો છે, ત્યારે તો બીજઈએ પતિના પગમાં માથું મૂકી દઈને ઘણું ઘણું સમજાવ્યા બાદ અંતે મનમાં એવી ગાંઠ વાળી કે, મારા પતિના હાથે આવું પાપ તો નહિ જ થવા દઉં, આવા પાપથી એમને બચાવી લેવા, જે કંઈ કરવું પડશે, એ હું કર્યા વિના નહિ જ રહું. અરે ! એ માટે કદાચ આ ઘરમાંથી નીકળી જવું પડે, તો એમ કરતાંય હું જરાક ખચકાટ પણ નહિ અનુભવું.

બહારવટિયા સંઘવાણીની સામે બીજઈએ એવી મક્કમતાપૂર્વક ટક્કર લીધી હતી કે, એના મનમાં એવી શંકાને પણ સ્થાન રહ્યું નહોતું કે, હવે નવરાત જેવા તહેવારનો લાભ ઉઠાવીને મોવર સંઘવાણી જસાપર પર ત્રાટકવાનું નહિ જ વિચારે, પરંતુ સંઘવાણીએ તો જસાપર પર ત્રાટકવાનું નક્કી જ કરી લીધું હતું. એથી બીજઈ અંધારામાં રહી અને મોવર સંઘવાણી કોઈને ગંધ પણ ન આવે, એ રીતે જસાપર તરફ રવાના થઈ ગયો. એની ગંધ આવી જતાં બીજઈ બહાદુર બનીને રાતોરાત જ જસાપર પહોંચી ગઈ. અને એણે પોતાના પતિએ પાપનાં જે પોટલાં બાંધ્યાં હતાં, એને છોડી દેવા સત્તાવાહી સૂરે જણાવ્યા બાદ લોકોને પોત-પોતાના દાગીના લઈ જવાની છડેચોક છૂટ આપી દીધી.

બીજઈએ જે જુસ્સો અને ઠસ્સો બતાવ્યો, એથી લોકોને એવી ખાતરી થઈ જવા પામી કે, હવે આ બહારવટિયાઓએ હાથમાં કશું જ લીધા વિના ચાલ્યા જવાની ફરજ પડશે ! પણ એમ કંઈ હાથમાં આવેલી આવી લખલૂટ લક્ષ્મી જતી કરાય ખરી ? બહારવટિયા સંઘવાણીએ ખોટો ખોટો વાયદો આપતાં કહ્યું કે, બીજઈ ! હવે ફરીવાર ક્યારેય પાપનાં પોટલાં નહિ બાંધીએ, બસ ! પણ અત્યારે તું અમારા માર્ગમાંથી ખસી જા અને અમને આ બધું ઘરભેગું કરી લેવા દે.

બીજઈ કંઈ ગાંજી જાય એવી નહોતી. એણે કહ્યું : આમ પણ લૂંટ

પાપનો ધંધો છે. એમાં વળી નવરાત્રિ જેવા તહેવારમાં ગરબા ગાવા ભેગા થયેલા ભક્ત-લોકોને લૂંટવા, એ તો મહાપાપ ગણાય. માટે આજે તો હું કોઈપણ હિસાબે તમને આવું પાપ નહિ જ કરવા દઉં. જે આવા તહેવારોના દિવસોમાં પાપથી પાછા ફરી ન શકે, અને હવે પછી આવું ન કરવાની વાતો કરે, એવા વાયદાના વેપારીનો વિશ્વાસ કોણ કરે ? માટે હું પણ એ જોઈ લેવા માંગું છું કે, આમાંથી રતિભાર પણ સોનું લઈને તમે કઈ રીતે ભાગી શકો છો ?

જેમની ભક્તિ કરવા સૌ ભેગા થયા હતા, એ અંબા-માતા જ જાણે પરચો બતાવતાં બીજઈનું રૂપ ધરીને આવ્યાં હશે, એમ માનતા ગામ લોકો બીજઈને અહોભાવથી નમી રહ્યા. બીજઈના બોલમાં જે બહાદુરી તેમજ પુણ્ય-પાપની શ્રદ્ધાનો રણકાર ઊઠતો હતો, એથી પરાજિત થઈને મોવર સંઘવાણી જેવા બહારવટિયાને પણ પારોઠનાં પગલાં ભરવા વિવશ-લાચાર બનવું જ પડે, એમ હતું. એથી સાગરીતો સહિત એ વીલે મોઢે પાછો ફર્યો, એની પાછળ પાછળ બીજઈએ પણ પોતાનો ઘોડો દોડાવી મૂક્યો.

બહાદુર બહારવટિયો હોવા છતાં આજે મોવર સંઘવાણીને બીજઈની પત્નીહઠ આગળ હારવું પડ્યું હતું. એથી હતાશ થઈ ગયેલા એને એવા એવા વિચારો પણ આવતા હતા કે, લૂંટફાટનું આવું જીવન જીવવું અને મોજમજા માણવી, એના કરતાં શાંતિ અને નીતિથી જીવવું શું ખોટું ? પણ પાછો આબરૂનો વિચાર આવી જતો, અને બહારવટિયા તરીકે જ જીવવાની લાલચ જોર કરી જતી. થોડે આગળ જતાં માળિયા જવાના માર્ગ આવતાં બીજઈનો ઘોડો એ તરફ ફંટાયો, ત્યારે સંઘવાણીએ બીજઈને પૂછ્યું કે, કેમ માળિયા તરફ ?

ત્યારે બીજઈએ જે જવાબ વાળેલો, એ સાંભળીને વટને ખાતર પણ નમતું ન તોળવાના નિર્ણય પર આવવાપૂર્વક બીજઈને તરછોડીને મોવર સંઘવાણી ચાલી નીકળેલો. ત્યારે બીજઈએ સ્પષ્ટ શબ્દોમાં

સંભળાવી દીધું હતું કે, મારો જો ખપ હોય, તો આવા પાપનો પડછાયો પણ નહિ લેવાની પ્રતિજ્ઞા સ્વીકારવી જ પડશે. માળિયામાં મારાં ઘણાં સગાં-વહાલાં રહે છે, ત્યાં મને આશરો જરૂર મળી જ રહેશે. જે દિ' આવા પાપથી પાછા ફરવાની પ્રતિજ્ઞા સ્વીકારવાનું પરાક્રમ ફોરવવાની તૈયારી થાય, તે દિ' મારી પાસે આવશો, તો એ દિ' ધર્મ-પતિ અને ધર્મ-પત્નીના સંબંધે આપણે પુનઃ જોડાઈશું.

વટમાં અને તોરમાં આવી જઈને સંઘવાણીએ બીજઈ સાથેનો છેડો ફાડી નાંખવા જેવું સાહસ તો કર્યું, પણ થોડા જ દિવસો વીતતાં એને બીજઈની યાદ વધુ ને વધુ સતાવવા માંડી. એને ઘણીઘણી વાર એમ પણ થઈ જતું કે, એ દહાડે જ મેં બીજઈની વાતને કેમ વધાવી ન લીધી? બીજઈના વિયોગમાં એને બીજઈની ગુણિયલતા વધુ યાદ આવવા માંડી, એને એમ થઈ ગયું કે, આમ અકારું-એકલવાયું-અજ્ઞાત જીવન વિતાવવું, એના કરતાં પ્રતિજ્ઞા-બદ્ધ બનવા દ્વારા નમતું તોળવું વધુ સારું ન ગણાય શું ? રોજની રઝળપાટથી એ કંટાળી તો ગયો જ હતો. એથી એક દિવસે એ સામે ચાલીને બીજઈને મળવા ગયો. હૈયાના પરિવર્તનની વાત ખુલ્લા-દિલે કરતાં કરતાં એની આંખેથી આંસુની ધારા વહી નીકળી. બીજઈને એ આંસુ મગરનાં નહિ, પણ જિગરનાં જણાયાં. એથી સંઘવાણીને અપનાવી લેવાના નિર્ણય પર આવી જઈને એણે જે વ્યૂહપૂર્વક આગળ વધવાનું નક્કી કર્યું એ અખતરો જરૂર ખતરાજનક હતો, પરંતુ એને અપનાવ્યા વિના ચાલે એમ જ ન હતું.

મોવર સંઘવાણીનું નામ ઘણા ઘણા ગુનાઓ સાથે સંકળાયેલું હતું. એથી એ જો પકડાઈ જાય, તો રાજ્ય તરફથી એને ભારે સજા થાય, એમાં કોઈ બેમત જેવું નહોતું. પરંતુ આવો બહાદુર બહારવટિયો જો સામેથી શરણાગતિ સ્વીકારી લે, તો એનું નામ ઉજ્જવળ થાય અને રાજ્યમાં સારી જગાએ એ ગોઠવાઈ જાય, એવી પૂરેપૂરી શક્યતા હતી. એથી ખતરાભર્યો હોવા છતાં આવો અખતરો કરવા બહારવટિયો

રાજીખુશીથી સંમત થઈ જતાં આ પછી સૌરાષ્ટ્રના ઇતિહાસમાં જુદી જ રીતે એનાં નામ-કામ અંકિત થવા પામ્યાં.

ઇતિહાસ એમ કહે છે કે, જેને પકડવા અનેક ઇનામો જાહેર થયાં હતાં, છતાં જેને કોઈ ગિરફતાર કરી શક્યું ન હતું, એ મોવર સંઘવાણી સામે ચાલીને માળિયા-સ્ટેટની સમક્ષ શરણાગત તરીકે સમર્પિત બની ગયો. બહારવટિયા તરીકે સમર્પિત થતા મોવર સંઘવાણીના તમામે તમામ ગુના માફ કરી દેવામાં આવ્યા, એટલું જ નહિ, એને સન્માનભેર જમાદાર તરીકેની જવાબદારી સોંપવામાં આવી. ખૂંખાર બહારવટું વીસરી જઈને જમાદાર તરીકેની જવાબદારીનું બરાબર જતન કરવાથી ઇતિહાસાંકિત બની જનારા એના પરિવર્તનનો પાયો રચનારી એની પત્ની બીજઈ પણ ઇતિહાસના પાને અમર બની ગઈ. આવી અમરતા પામનારી નારીઓમાં બીજઈનું નામ મોખરે હોય, એમાં આશ્ચર્ય શું ? કારણ કે પતિને પરિવર્તનના પથિક બનાવવા માટે એણે પોતાના જીવનના સુખ-ચેનને સહર્ષ સળગાવી દેવા સુધીની અનેરી જે સજ્જતા દાખવી હતી, એનો તો જોટો જડવો જ મુશ્કેલ હતો.

## રાજવીનો કળાપ્રેમ

## ૬

આજથી થોડાં વર્ષો પૂર્વે થઈ ગયેલા મોટાભાગના રાજવીઓ-દરબારો કેવા કળાપ્રેમી હતા, સાથે સાથે એમના દિલ-દિમાગમાં કળાને વિકસાવવાનો અને એ માટે કળાની કદર કરવાનો ગુણ કેટલો બધો વિકસ્યો હતો, એનો ઇતિહાસ તપાસીશું, તો બીલખાના દરબાર આપા કાળાનો એક પ્રસંગ અચૂક યાદ આવ્યા વિના નહિ જ રહે.

જૂનાગઢની પાસે આવેલ ગામ બીલખાનું રાજ્ય જોકે નાનું હતું. પણ બીલખાના દરબાર આપા કાળાનું દિલ જરાય નાનું ન હતું. વિશાળ-દિલ ધરાવતા તેઓ કેવા કળાપ્રેમી હતા, અને કળાની કદરદાની કરી જાણતા હતા, એને સૂચવતો પ્રસંગ ખરેખર જાણવા-માણવા જેવો છે.

તે વખતે ભુજ-કચ્છમાં એવા મોચી કલાકારો વસતા હતા કે, તેઓ અશ્વને શણગારવાની એવી સામગ્રી બનાવતા કે, જેવી સામગ્રી સમગ્ર સોરઠદેશમાં બીજી કોઈ જ વ્યક્તિ બનાવી ન શકતી. અશ્વશણગારની આવી કળા માટે કોઈ જમાનામાં ઇટાલી વખણાતું, ત્યાં જઈને એ કળા કચ્છના મોચીઓ હસ્તગત કરીને આવ્યા હતા અને પછી એ કળાને ખૂબ ખૂબ વિકસાવેલી. એથી ભુજની આ કળા કચ્છ ઉપરાંત આસપાસનાં રાજ્યોમાં પણ એકી અવાજે આવકારાતી. કચ્છનો એક કળાકાર અશ્વશણગારની માત્ર ત્રણેક જોડી જ બનાવીને વેચતો, પણ એ એટલી મૂલ્યવાન રહેતી કે, વર્ષભરનું એનું ગુજરાન આટલા વેચાણ પર જ

સારી રીતે નભી જતું.

કચ્છનો આવો કળાકાર એક વાર બીલખામાં આવી ચડ્યો. સામાન્ય માણસનું તો ગજું જ નહિ કે, એની પાસેનો અશ્વશણગાર ખરીદવાનો એ વિચાર પણ કરી શકે. એથી એ કલાકાર સીધો જ દરબાર આપા કાળા પાસે પહોંચી ગયો. અને અશ્વશણગારની સામગ્રી ખુલ્લી કરતાં એણે પોતાનો પરિચય આપવા માંડ્યો : દરબાર ! કચ્છી કળાનું નજરાણું લઈને હું આપની સમક્ષ ઉપસ્થિત થયો છું, આ શણગાર જેમ ભારે મૂલ્યવાન છે, એમ ભારે મહેનત પછી જ બની શકે એવો છે. આવા શણગાર વર્ષભરમાં વધુમાં વધુ હું ત્રણ જ બનાવી શકું છું. પરંતુ વર્ષભરનું મારું ગુજરાન આટલા વેચાણ પર જ ખૂબ સારી રીતે નભી જાય છે.

કચ્છી કલાકારની વાત આપા કાળા દિલ દઈને સાંભળી રહ્યા હતા, એથી કલાકારને થયું કે, અશ્વશણગારની શેષ રહેલી એક જોડી જરૂર અહીં જ વેચાઈ જશે. એણે આશાભર્યા અંતરે પોતાની વાત આગળ લંબાવી કે, જેતપુર-દરબારે અને મોરબી-દરબારે જોતાંની સાથે જ અશ્વશણગારની બે જોડી ખરીદી લીધા બાદ એમાંની ત્રીજી જે જોડી બચી છે, જે આપની સમક્ષ પ્રસ્તુત છે.'

આટલું કહીને કચ્છી કલાકારે અશ્વશણગારની બધી જ સામગ્રી દરબાર સમક્ષ ખુલ્લી કરીને મૂકતાં કહ્યું કે, આ કળા મૂળ તો ઈટાલીની છે. ત્યાંથી શીખીને આવેલા અમારા પૂર્વજો આ કળા અમને વંશવારસામાં આપતા રહ્યા છે. એનો નમૂનો આપની સામે જ છે. આમાં સોનેરી ઝીક, ટીકી, અને દોરાનું ભરત છે. ઊન અને કપડું પણ આમાં ઊંચી જાતનું પસંદ કરાયું છે. એથી જ આનો ચળકાટ આંખને આંજી દે એવો છે.

દરબાર આપા કાળા સહિત સૌ સભાજનો પણ અશ્વશણગારની એ સામગ્રીને ફાટી આંખે જોતા જ રહ્યા. જમીન ઉપર પથરાઈને પડેલી

એ સામગ્રી જાણે ઊડીને સૌની આંખમાં સમાઈ ગઈ હતી. આપા કાળા પણ આવી સામગ્રી પહેલી વાર જ નિહાળી રહ્યા હતા. એમણે કહ્યું કે, તમે આટલો પરિચય ન આપ્યો હોત, તોય આ સામગ્રી જતી કરવાનું મન થાય એવું નથી. આના પરિચય પામ્યા બાદ હવે તો આને કોણ જતી કરે ! બોલો, આનું મૂલ્ય કેટલું આંકો છો ?

'બાપુ ! આનું મૂલ્ય તો અંકાય એવું જ નથી, માટે મૂલ્ય આપ જ આંકો, આપ જે કંઈ આપશો, એને ઘણું ઘણું માનીને હું વિદાય થઈ જઈશ. લોભના માર્યા વધુ મૂલ્ય આંકવાની મારી તૈયારી નથી અને આપ ધાર્યા કરતાં વધુ જ આપશો, એવો મને વિશ્વાસ છે.'

કચ્છી-કારીગર પાસેથી અશ્વનો સમાન ખરીદી લઈને દરબારે જે મૂલ્ય ચૂકવ્યું, એ કચ્છી કારીગરની ધારણ કરતાં કેઈ ગણું વધુ હતું. કારીગર પાસેથી શણગારની સમગ્રીનું વેચાણ અને દરબાર દ્વારા એનું ગ્રહણ, આ તો બધા જોઈ શકે, એવી ઘટના હતી. પણ આ પ્રક્રિયાની વચ્ચે દરબારના દિલમાં જે હલચલ મચી જવા પામી હતી, એની તો કોઈ કલ્પનાય કરી શકે એમ નહોતું. આનો ખ્યાલ બીજા દિવસે જ સભાને આવવા પામ્યો. દરબારે મોચી-મહાજન સહિત મોચી સમાજને સભામાં ખાસ ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું હતું. એથી એકઠા થયેલા મોચીઓને ઉદ્દેશીને આપા કાળાએ મનમાં ઘૂંટાતી એક વાતની આશાભર્યા અંતરે રજૂઆત કરતાં કહ્યું કે,

"ભુજ જે કલા સિદ્ધ કરી શકે, એ કળા ધારે તો સોરઠ પણ શા માટે સિદ્ધ ન કરી શકે ? ગઈ કાલે આવેલી અશ્વશણગારની સામગ્રી જ્યારથી મેં જોઈ છે અને ખરીદી છે, ત્યારથી જ મારા મનમાં મનોરથની એવી માળા ફરતી રહી છે કે, આવી સામગ્રી સોરઠમાં પણ ક્યારે બનતી થાય ? આ મનોરથની પૂર્તિ માટે જ મેં તમને સૌને બોલાવ્યા છે. બોલો, તમે આ વિષયમાં મને થોડોઘણો પણ સંતોષ આપી શકો એમ છો ખરા ?"

મોચી-મહાજનના મોવડીએ આ પ્રસ્તાવ સાંભળ્યા બાદ હાથ ઊંચો કરી દેતાં જણાવ્યું કે, બાપુ ! એ તો ભુજની કળા ભુજ જ દીપાવી શકે. ભુજની કળાના કદમેકદમ ઉઠાવવાનું સોરઠનું તો ગજું જ નહિ. અમે બહુ બહુ તો જોડા બનાવી શકીએ, પાણી ખેંચવાની પખાલ બનાવવા મથીએ, તો એમાંય હજી સફળતા મેળવી શકીએ. પરંતુ અશ્વશણગારની સામગ્રી બનાવવાનું તો અમારું કોઈ ગજું જ ન ગણાય.

મોચી મહાજનની આવી નમાલી વાત સાંભળીને હતાશ કે નિરાશ થઈ ગયા વિના દરબારે મોચીઓને પાનો ચડાવવાની દૃષ્ટિએ કહ્યું કે, કચ્છમાં કૌવત છે, અને સોરઠમાં શૂરાતન નથી. એમ તમે માનતા હો, તો હું આમાં સહમત નથી જ. કચ્છે પણ મહેનત કરીને જ આ કળા હસ્તગત કરીને આજે કાઠું કાઢ્યું છે. ત્યારે સોરઠ તો શૂરાઓ અને નરબંકાઓનો દેશ છે. સોરઠ કેમ આ વિષયમાં આગળ વધી ન શકે ? કૌવત બતાવવામાં તો સોરઠ આગળ જ છે, કળા બતાવવામાં એ પાછળ રહી જાય, એ કેમ પાલવે ? રાજ્ય તરફથી આ અંગે અપેક્ષિત બધી જ જાતની સહાય પૂરી પાડવાની તૈયારી છે. એટલું જ નહિ, સોરઠમાં બનનારી બધી જ શણગાર-સામગ્રી ખરીદી લેવાનો કોલ આપવા વચનબદ્ધ બનવા પણ હું તૈયાર છું. આવી કળા-સામગ્રી માત્ર વસાવી લેવાથી જ મને સંતોષ થાય એમ નથી. સંપૂર્ણ સંતોષ તો હું ત્યારે જ અનુભવું કે આવી કળાનો વિકાસ સોરઠમાં થવા પામે. મારા આ મનોરથને પૂરા કરવા માડીનો કોઈ લાલ આ સભામાંથી અથવા તો સોરઠમાંથી જ જાગશે ખરો ?

આપા કાળાનું આ આહ્‌વાન એક વ્યક્તિને ખળભળાવી ગયું. એના હૈયામાં અનેરી હલચલ મચી ગઈ. ભરીસભા વચ્ચે હિંમતભેર ખડા થઈ જઈને આ બીડું ઝડપી લેતાં એણે કહ્યું કે, બાપુ ! ઘરબારને સલામ ભરીને હું કાલે જ આ કળા શીખવા કચ્છ ભણી જવાની પ્રતિજ્ઞા કરું છું. બીલખામાં હું ત્યારે જ પાછો ફરીશ કે, જ્યારે આ કચ્છી-કળા

મને પૂરેપૂરી હસ્તગત થઈ જવા પામશે. કાળા માથાનો માનવી ધારે એ કરી શકે છે, આ મુદ્રાલેખને આંખ સામે સતત તરવરતો રાખીને હું કાલે જ કચ્છ ભણી પ્રયાણ કરવા માંગું છું. આપશ્રીના મનોરથને મારા મનોરથ બનાવવામાં આપના પ્રેરક-આહ્‌વાને મને ખરેખર ખૂબ ખૂબ પીઠબળ પૂરું પાડ્યું છે, મને એવો વિશ્વાસ છે કે, કચ્છી કળા અને સોરઠી કળા હરીફાઈપૂર્વક આગે બઢી રહી હોય, આવા ભવિષ્યને એકદમ ટૂંકા સમયમાં જ વર્તમાનકાળ તરીકે અવતરિત કરવામાં આપની કૃપા મને માધ્યમ બનાવીને સફળતા હાંસલ કરીને જ રહેશે.

નવોદિત આ કલાકારનું નામ મેઘો હતું, ઊગતી યુવાની એના અંગેઅંગેમાં છલકાતી હતી, તો એના બોલમાં જાણે સાક્ષાત્ જવાંમર્દી જ પડઘા પાડી રહી હતી, રાજા-પ્રજા સૌનાં હૈયાં મેઘાના આવા ઉરબોલ ઉપર ઓવારી ઊઠ્યાં. સૌના હતાશ હૈયામાં એવો વિશ્વાસ જાગી ઊઠ્યો કે, અશ્વ-શણગારની સામગ્રીની કળા માટે હવે સૌરાષ્ટ્રનાં નામકામ પણ ગાજ્યા વિના નહિ જ રહે.

બીજે જ દિવસે મેઘો જ્યારે કળા શીખી આવવાના દઢ-સંકલ્પ સાથે કચ્છ ભણી જવા રવાના થયો, ત્યારે એને શુભેચ્છા પાઠવવા ખુદ દરબાર આપા કાળા સહિત ગામના અનેક આગેવાનો હાજર હતા.

બીલખાનું રાજ્ય નાનું હતું, વળી એ ત્રણ વિભાગમાં વિભક્ત હતું. તદુપરાંત આપા કાળાનો ગિરાસ સાધારણ ગણાતો. એથી ઊપજ થોડી અને ખર્ચ વધુ જેવો ઘાટ હતો. આપા કાળાનું હૈયું જ નહિ, હાથ પણ ઉદાર હતો. એથી ધીરેધીરે રાજ્યના વહીવટદારોને ખર્ચ ઘટાડીને પણ રાજ્યનો કોશ ભરપૂર રહે, એ જાતના ઉપાયો અજમાવવાની ફરજ પડી.

વહીવટદારોએ સૌપ્રથમ તો દરબારની ડેલી ડાયરાની જેમ માણસોથી જે રીતે ભરપૂર રહેતી હતી, એમાં કાપ મુકાય. એ માટે આસપાસ એવો ચોકીપહેરો ગોઠવી દીધો કે, દરબારની ડેલીમાં આવનારાની

સંખ્યા ઘટવા માંડી, ડેલીમાં મળવા આવનારાની સંખ્યા ઘટી, એટલે ખર્ચ ઘટ્યો. આ પછી વહીવટદારોએ દરબારને અફીણના રવાડે ચડાવી દીધા. શરૂઆતમાં અફીણનું જે વ્યસન પાડવું પડ્યું, એ જ વ્યસને બંધાણ બની જઈને પછી દરબારને એવા પટકી પાડ્યા કે, જેના વિપાક રૂપે રાજકાજથી વિમુખ બની જઈને દરબાર અફીણના નશામાં જ ગુમભાન રહેવા લાગ્યા. આના કારણે બીલખાના વહીવટમાં અંધેર જેવી અવ્યવસ્થા સરજાવા પામી. એથી એક દહાડો એવો આવ્યો કે, સજ્જનો માટે દરબારની ડેલીમાં પ્રવેશ અશક્ય બન્યો અને સ્વાર્થી-મતલબી માણસોના ઘેરાવા વચ્ચે જ દરબાર ઘેરાઈ ચૂક્યા.

આવી અંધેરભરી હાલતમાં બીલખા-રાજ્યનો દોઢ બે વર્ષ જેટલો ગાળો વ્યતીત થઈ ચૂક્યો. એ દરમિયાન કચ્છ-ભુજમાં ગયેલા મેઘાએ રાત-દિવસનો પ્રચંડ પુરુષાર્થ કરીને અશ્વશણગારની એવી કળા હસ્તગત કરી કે, ભુજે પણ એને બે મોઢે વખાણી. આવી સિદ્ધહસ્તતા મળી જતાંની સાથે જ મેઘાની નજર સમક્ષ બીલખાની યાદ તાજી થઈ અને આપા કાળાએ સેવેલી મનોરથની સૃષ્ટિ જાણે મેઘાને સાદ પાડી પાડીને આમંત્રી રહી.

આશાભર્યા અંતરે મેઘો ભુજથી વિદાય થઈને એક દહાડો બીલખામાં પ્રવેશ્યો, ત્યારે ઘણાં ઘણાં અરમાનો એનાં અંતરમાં ઊભરાયાં હતાં. પણ બીલખાનું વાતાવરણ જોતા જ એના મનની બધી જ મહેલાતો માટીમાં મળી જવા પામી. મેઘાએ આશાભર્યા અંતરે દરબારને મળવા માટે ઘણી ઘણી મથામણ આદરી. પરંતુ મેઘાને જવાબમાં એ જાતના વાયદા પર વાયદા જ સાંભળવા મળતા કે, હાલ તો દરબારની તબિયત સારી નથી, માટે અઠવાડિયા સુધી તો મળવાનું બને, એ શક્ય જ નથી.

મેઘાએ ભૂતકાળને યાદ કરીને તાજો કરાવતા, કાકલૂદીપૂર્વક વહીવટદારોને વિનંતી કરી કે, બાપુના મનોરથ પૂરા કરવા જ બે વર્ષ ભુજમાં ગાળીને હું આવ્યો છું. અશ્વશણગારની જે સામગ્રી બાપુને

ગમી ગઈ હતી. અને એથી એમના મનમાં એક મનોરથ જાગ્યો હતો કે, આવી સામગ્રી સોરઠમાં પણ બનવી જ જોઈએ. એ મનોરથ પૂરા કરવા હું આવ્યો છું, આટલા જ સમાચાર બાપુને પહોંચાડશો, તો તેઓ માંદગીના બિછાનેથી સફાળા બેઠા થઈ જશે અને મને સામેથી બોલાવ્યા વિના નહિ જ રહે. હું બહુ સમય નહિ બગાડું, માત્ર થોડા જ સમયમાં બાપુને મળીને વિદાય થઈ જઈશ. બાપુનું મારે અગત્યનું એક કામ છે.

મેઘાની આ વાત સાંભળ્યા પછી તો વહીવટદારોએ મનોમન નક્કી જ કરી નાખ્યું કે, જો આમ જ હોય, તો તો હવે આ મેઘાને બાપુનો ભેટો ન જ કરાવાય. કેમ કે મનોરથની પૂર્તિ બદલ બાપુ આ મેઘાને ઈનામ-અકરામ આપ્યા વિના થોડા જ રહેવાના ! એથી એમણે વધુ મક્કમ બનતાં કહ્યું કે, મેઘા ! તારી વાત સાવ સાચી છે. પણ બાપુનો કડક હુકમ છે કે, મોટા ચમરબંધીને પણ મળવા આવવાની છૂટ ન જ આપવી.માટે તમે હવે થોડી વધુ ધીરજ ધરો. બે વર્ષ વિતાવ્યા,તો હવે બે મહિના વધુ વિતાવવામાં શું ખાટું-મોળું થઈ જવાનું હતું ! બાકી બાપુ હમણાં તો નહિ જ મળી શકે.

આશા પર પાણી ફરી વળે, એવો સાફ સાફ નકાર સાંભળીને મેઘો મનથી તૂટી પડ્યો. એણે ટૂંકમાં જ આપવીતી રજૂ કરતાં જણાવ્યું કે, આ કળા શીખવા તો મેં ગાંઠનું ગોપીચંદન કરી નાખ્યું છે. હવે તો એવી પરિસ્થિતિ પેદા થવા પામી છે કે, કાલે શું ખાવું,એ સવાલ સાપની જેમ ફેણ માંડીને ખડો થઈ ગયો છે. માટે મારે બાપુને એક વાર તો મળવું જ પડે એમ છે.

ધિટ્ઠાઈપૂર્વક જવાબ મળ્યો કે, મેઘાભાઈ ! એક વાર જ નહિ, અનેક વાર બાપુ સાથે તમારો ભેટો કરાવીશું, પણ હમણાં નહિ,એકાદ બે મહિના પછી ! મીઠાં ફળ ચાખવાં હોય તો આટલી ધીરજ તો ધરવી જ પડેને ?

આ પ્રસ્તાવ સાંભળીને મેઘો કિંકર્તવ્યમૂઢ બનીને બાપુને મળવાનો

કોઈ માર્ગ ગોતી રહ્યો. ત્યાં જ એને હનુમાન-મંદિરની સારસંભાળ લેતા મહારાજ યાદ આવ્યા. બાપુ અવારનવાર આ મંદિરના દર્શનાર્થે જતા અને મહારાજ સાથે થોડોઘણો સત્સંગ પણ કરતા. એથી મેઘાને એવી આશા બંધાઈ કે, મહારાજ સમક્ષ મૂંઝવણ રજૂ કરીશ તો મને ચોક્કસ માર્ગદર્શન મળ્યા વિના નહિ જ રહે.

મેઘાએ દિલના દરવાજા ખુલ્લા મૂકી દઈને બધી જ વાત મહારાજ સમક્ષ કહી બતાવી. મેઘાની મૂંઝવણ સાંભળીને મહારાજનું દિલ પણ દ્રવી ઊઠ્યું. એમણે રસ્તો કાઢતાં જણાવ્યું કે, મેઘા ! આજથી ત્રીજા દિવસે દરબાર હનુમાન-મંદિરમાં દર્શન કરવા આવશે, ત્યારે લાગ જોઈને તું પણ અંદર સુધી ઘૂસી જજે. હું ત્યાંથી ખસી જઈશ. આ એકાંતની તક ઝડપી લઈને તું તારી આપવીતી બાપુને કહી સંભળાવજે. પછી તો તારું કામ જરૂર પતી જ જશે, એવો મારો વિશ્વાસ છે.

મહારાજે જે માર્ગદર્શન આપ્યું, એ સાંભળી મેઘાને પણ આશા જ નહિ, વિશ્વાસ જાગ્યો કે, આ ઉપાય અવશ્ય કારગત નીવડશે. એણે બરાબર તક સાધી લીધી. સૂચિત સમયે દરબાર હનુમાન-મંદિરે દર્શન માટે પ્રવેશ્યા, ત્યારે બરાબર લાગ જોઈને મેઘો પણ મંદિરમાં પેસી ગયો. દર્શન કર્યા બાદ સત્સંગ માટે દરબાર મહારાજ સાથે બેઠા. ત્યાં જ મેઘો ટપકી પડ્યો. કામના બહાને મહારાજ અન્યત્ર જતા રહ્યા, આ પછી પોતાને એકીટસે નિહાળી રહેલા દરબારને મેઘાએ પૂછ્યું કે, બાપુ ! ઓળખાણ પડે છે કે આ સેવકને સાવ જ ભૂલી ગયા ? જો કે એ વાતને બે વર્ષ જેવો ગાળો વીતી ગયો છે. આપના મનોરથ પૂરા કરવા અશ્વ શણગારની કળા શીખવા કોઈ ભુજ ગયું હતું, એ યાદ આવે છે ? હું એ જ મેઘો. કચ્છની કળા શીખીને ક્યારનોય બીલખામાં આવી ગયો છું.

દરબારને જાણે કશુંક યાદ આવી રહ્યું હોય, એવી મુદ્રાપૂર્વક એમણે પૂછ્યું કે,એ મેઘો તું જ ? ભુજથી ક્યારનોય આવી ગયો છે, તો મને મળવામાં તેં કેમ આટલું મોડું કર્યું ? સોરઠનું નામ રોશન થાય, એ

રીતની કળા તને હસ્તગત થઈ ગઈ ખરી ?

મેઘાએ જણાવ્યું કે, આપા ! આપની કૃપા હોય, પછી શું અસાધ્ય ગણાય ? મારે મોઢે મારાં વખાણ કરવાં શોભે નહિ. બાકી હું જે અશ્વ શણગાર બનાવીને લાવ્યો છું, એ જોઈને બધા મોઢામાં આંગળા નાખી ગયા છે. પણ બાપુ ! ખાટલે મોટી ખોડ એ છે કે, વહીવટદારો મને...

અધવચ્ચેથી જ દરબાર પૂછી બેઠા કે, ખાટલે મોટી ખોડ એટલે શું ? હું તો અશ્વ શણગારમાં થોડીય ઊણપ ચલાવી લેવા માંગતો નથી.

'ના દરબાર ! શણગારની કળામાં ખોડની વાત નથી. કળાને હસ્તગત કરવા ન મેં દિવસ જોયો છે, ન રાત જોઈ છે ! પણ ખાટલે મોટી ખોડ એ સાબિત થઈ કે, આપની મુલાકાત લેતાં મને ધોળે દહાડે તારા દેખાઈ આવ્યા, તો ય સફળતા ન મળી. આ તો સારું થયું કે, મહારાજે મને ઉપાય દર્શાવ્યો, તો આજે આપનાં દર્શન મેળવી શક્યો.'

આટલી ભૂમિકા બાંધીને પછી મેઘાએ બધી વાત કહી સંભળાવી, ત્યારે જ દરબારને વહીવટના અંધેરનો એકાએક ખ્યાલ આવી જવા પામ્યો. એમને થયું કે, સ્વાર્થી અને મતલબી-માણસો પોતાની આસપાસ ગોઠવાઈ ગયા હોવાથી આવું જ થાય એમાં શી નવાઈ ? દરબારે મેઘાને વિદાય આપતાં કહ્યું કે, કાલે તું અશ્વ શણગારનો બધો જ સામાન લઈને મને મળવા આવજે. બગડેલી બધી જ બાજીને હું કાલે સુધારી લઈશ. હું ડેલીના ઓટલા પર જ બેસીશ. એથી તું મને સહેલાઈથી મળી શકીશ.

પોતાને ઘેરી વળેલા મતલબી માણસોએ રચેલી માયા-જાળને પિછાણી લેવા માટે મેઘા સાથેની ઊડતી એક જ મુલાકાત દરબાર માટે કાફી થઈ પડી. બીજે દિવસે ડેલીમાં આસન જમાવીને એઓ મેઘાની પ્રતીક્ષા કરી રહ્યા. થોડીક જ પ્રતીક્ષા બાદ આવેલા મેઘા પાસે રહેલી અશ્વ શણગારની સામગ્રી જોતાંની સાથે જ આપા કાળાનો આનંદ

નિરવધિ બન્યો. એમના મનોરથની પૂર્તિ જોકે મોડી મોડી થઈ રહી હતી, પણ એ પૂર્તિમાંથી કોઈ કચાશ શોધી શકે એમ ન હતું. એનો એમને મન અનરાધાર આનંદ હતો.

મેઘાને માટે એ દહાડે વર્ષાઋતુ અને વાદળ વિનાની એ રીતે મહેર-વર્ષા દરબાર આપા કાળા દ્વારા થવા પામી કે, મેઘા માટે એ પછી કોઈ જ વાતે ચિંતા કરવાનું રહ્યું નહિ. એટલું જ નહિ, દરબારે એક તેજીલો તોખાર ઈનામરૂપે એનાયત કરીને, સોરઠી-કલાકાર મેઘા દ્વારા તૈયાર થયેલા શણગારથી જ એને સજ્જ બનાવવા પૂર્વક અશ્વસવાર તરીકે એ જ મેઘાને ઘર ભણી વિદાય આપી. ત્યારે જાણે સોરઠી-કળાના પ્રદર્શન રૂપે એ સ્વાગત યાત્રાને માણીને બીલખા ધન્ય ધન્ય બની ગયું.

મેઘાને અન્યાય કરનારી જે ઘટના બની જવા પામી, એના પરથી બોધપાઠ પામી જનારા દરબારની સાન હવે ઠેકાણે આવી ગઈ. પોતાને અફીણના બંધાણી બનાવવા પાછળનો, અને કોઈ પોતાને મળવા ન આવી શકે, એવો ઘેરો રચવા પાછળની મતલબી માણસોની મેલી મુરાદ કળી જઈને દરબારે એ બધા મતલબીઓને ખખડાવી મૂકીને પાછું સુરાજ્ય પ્રવર્તાવ્યું, આ બધી ફલશ્રુતિ કળા પ્રત્યેની રુચિ અને કલાકાર તરફની કદરદાનીને આભારી નહોતી, આમ કોઈ કહી શકશે ખરું ?

## માનવતાની માવજત

## ૭

કેટલાક ચોર પણ એવી સજ્જનતાથી સમૃદ્ધ હોય છે કે, એને શાહુકાર તરીકે બિરદાવીએ તોય એ બિરુદ ઓછું ઓછું જ લાગે. કેટલાક શાહુકારમાં એવા દુર્ગુણ જોવા મળે કે, એને ચોર તરીકે કલંકિત કરીએ તોય વધુ કાળો કૂચડો ફેરવ્યા વિના મન સંતોષાય નહિ. ત્યારે માનવું જ પડે કે, આવાને ચોર કઈ રીતે કહી શકાય ? જ્યારે આવા શાહુકારને શાહુકાર તરીકેનું સન્માન કઈ રીતે આપી શકાય ? આ વાતની પૂરી પ્રતીતિ કરાવતો, સવાસો વર્ષ પૂર્વે, કચ્છ-મુંદ્રામાં બનેલો એક બનાવ છે. આ બનાવ સાથે સંકળાયેલો ચોર 'જાકલા ચોર' તરીકે કુખ્યાત હતો. કચ્છના પાટનગર ભુજમાં ત્યારે મહારાવ ખેંગારજીનું રાજ્ય તપતું હતું.

જાકલો ચોર મુંદ્રામાં રહેતો હતો. આ ચોર એવો રીઢો ગુનેગાર હતો કે, કચ્છમાં ક્યાંય ચોરી થાય, તો સૌપ્રથમ શકમંદ ચોર તરીકે જાકલા પર જ પોલીસની નજર જાય. ચોરીના ગુનાસર એ વારંવાર પકડાતો, જેલમાંથી છૂટ્યા બાદ થોડાઘણા સમયમાં જ એને પાછો જેલભેગો કરવામાં આવતો. આમ રીઢા ચોર તરીકે જાકલો એટલો બધો કુખ્યાત હતો કે, આવી કુખ્યાતિ કચ્છમાં બીજા કોઈને મળી નહોતી.

એક વાર મુંદ્રામાં ચોરી થઈ. ચોરી સાવ સામાન્ય ચીજની હતી. ચીજ સામાન્ય હોવા છતાં 'ચોરી' જ મહત્ત્વનો મુદ્દો હોવાથી વેપારીએ

ચોરાઈ ગયેલી ચોખાની માત્ર એક જ ગૂણ અંગે રાજ્યમાં ફરિયાદ નોંધાવી. 'ચીજ'ને મહત્ત્વ આપ્યા વિના ગુના તરીકે 'ચોરી'ને મહત્ત્વનો મુદ્દો ગણીને ભુજ-રાજ્યે તપાસનો આરંભ કર્યો.

જે કૂતરાઓ પાછળ હજારો રૂપિયા વેડફી દેવામાં આવે, એવા કૂતરાના માધ્યમે આજની પોલીસ ચોરનું પગેરું મેળવતી હોય છે, એ જમાનામાં 'પગી'ઓના માધ્યમે ચોરી પકડવામાં આબાદ સિદ્ધિ મેળવાતી. અભણ ગણાતા 'પગી' પાસે એવી કુનેહ-કળા અને કોઠાસૂઝ રહેતી કે, પગની રેખાઓ જોઈને પગીઓ છાતી ઠોકીને કહી શકતા કે, અમુક ચોરે જ આ ચોરી કરી છે.

ભુજમાં આવા પગી તરીકે 'જગો' મશહૂર હતો. ચોખાની એક ગૂણ ચોરાયાની ફરિયાદ નોંધાતાં પોલીસે જગા પગીને ચોરનું પગેરું પકડી પાડવાની જવાબદારી સોંપી. જગા પગીના મગજમાં અનેક ચોરોનાં પગલાંની છાપ બરાબર અંકાયેલી રહેતી. પગલાંઓની અંકિત છાપની જમીન પર જણાતી ભેળસેળ વચ્ચે પણ એ ચોક્કસ પગલાં બરાબર ઓળખી લઈને અલગ તારવી શકતો. જગો પગી મુંદ્રાની બજારમાં આવ્યો. ફરિયાદી વેપારીની દુકાનની આસપાસ ફરીને એ એવા નિર્ણય પર આવ્યો કે, જાકલા-ચોરનું જ આ કામ છે. આવા નિરધાર પર આવ્યા બાદ એને ખુદને પણ એ વાતનું આશ્ચર્ય થયું કે, આવા રીઢા ચોરે ચોરી ચોરીને વળી ચોખાની એક ગૂણ શા માટે ચોરી હશે ? આથીય વધુ આશ્ચર્ય એને એ વાતનું થયું કે, જાકલો ચોર તો હાલ ભુજની જેલમાં ચોરીના ગુનાસર પકડાઈને કેદ ભોગવી રહ્યો છે. એણે વળી મુંદ્રામાં આવીને આ ચોરી કઈ રીતે કરી હશે ?

જગો પગી જે નિર્ણય પર આવ્યો, એની પર એને જેમ પાકો વિશ્વાસ હતો, એમ આવી બે બાબતો એને ચોર તરીકે પુરવાર કરવા બાધક બને એવી હતી. આ પણ સાવ સાચી વાત હતી. છતાં રેખાવિજ્ઞાનના આધારે લીધેલા નિર્ણય મુજબ જગા પગીએ જણાવ્યું કે,

પગલાની છાપના આધારે હું છાતી ઠોકીને કહી શકું એમ છું કે, ચોખાની ગૂણનો ચોર જાકલો જ છે. પણ એ તો અત્યારે ભુજની જેલમાં પકડાઈને પુરાયો હોવાથી, એણે આ ચોરી કઈ રીતે કરી હશે ? એનો જવાબ જોકે હું આપી શકું એમ નથી. બાકી ચોરીનો ગુનેગાર એ જ છે. એણે ચોરી કઈ રીતે કરી ? એ શોધી કાઢવાનું કામ મારું એકલાનું નથી. પોલીસનું પીઠબળ મને મળે, તો એણે કઈ રીતે આ ચોરી કરી, એ પણ જાણી લઈને હું જરૂર કહી શકીશ.

જગા પગીનો નિર્ણય સાંભળીને પોલીસ ખાતાના ઉપરીની જેમ ભુજના મહારાવે પણ આશ્ચર્ય અનુભવ્યું. પગીને વરેલી રેખા-વિજ્ઞાનની કળા પર સૌને પૂરેપૂરો વિશ્વાસ હતો, આમ છતાં ગુનેગાર તરીકે જાકલો ચોર તો છેલ્લા મહિનાથી ભુજમાં જેલવાસ ભોગવતો હતો. ભુજથી કેટલાક માઈલો દૂર મુંદ્રામાં જઈને એ કઈ રીતે ચોરી કરી શકે અને પાછો ભુજની જેલમાં પહોંચી શકે ? આનો તાળો મેળવવો કઈ રીતે ? મહારાવે આ મૂંઝવણ રજૂ કરતા જગા પગીને પૂછ્યું કે, જગા ! પગલાંની છાપ આબાદ પરખી પાડવાની તારી કળા પર તો જરાય શંકા કે અવિશ્વાસ જેવું નથી. પણ જાકલો ચોર તો ભુજમાં એક મહિનાથી કડક બંદોબસ્ત હેઠળ જેલવાસ ભોગવી રહ્યો છે, એ મુંદ્રાના વેપારીને ત્યાં જઈને ચોખાની ગૂણના ચોર તરીકે કઈ રીતે સાબિત થઈ શકે ? એણે વળી ચોખાની એક જ ગૂણ શા માટે ચોરી ? આ તો બીજો જ વિચારણીય મુદ્દો છે. મગજમાં ન ઊતરે એવી વાત તો એટલી જ છે કે, ભુજથી એ ચોર ચોરી કરવા મુંદ્રા સુધી કઈ રીતે જઈ શક્યો અને પાછો કઈ રીતે ભુજ ભેગો થઈ શક્યો ?

પોતાની સામેના આ પ્રશ્નાર્થોનો તો જગા પગી પાસે પણ કોઈ જ જવાબ ન હતો. ચોરનાં પગલાંની જે છાપ એની સ્મૃતિમાં અંકિત હતી, એ છાપના આધારે એ તો એટલું જ છાતી ઠોકીને કહેવાની હિંમત કરી શકે એમ હતો કે, ચોખાની ગૂણનો ચોર ૧૦૦ ટકા જાકલો

જ છે. જગા પગીએ મહારાવ સમક્ષ વિનયાવનત બનીને જણાવ્યું કે, આપને જે પ્રશ્નો મૂંઝવે છે, એ જ પ્રશ્નો મને પણ મૂંઝવી મારે એવા જ છે. મને પણ એ જ સવાલ સતાવે છે કે, જાકલો ભુજ છોડીને મુંદ્રા ક્યારે પહોંચ્યો હશે ? કઈ રીતે ચોરી પતાવીને પાછો ભુજમાં આવીને જેલમાં પ્રવેશી ગયો હશે ? મુંદ્રાને બદલે ભુજમાં જ શા માટે એણે ચોખાની ગૂણ ચોરી લેવાનું મુનાસીબ નહિ માન્યું હોય ? આ અને આવા પ્રતિપ્રશ્નોનો પોતાની પાસે સંતોષજનક કોઈ જ જવાબ ન હતો. છતાં ચોર તરીકે જાકલો જ સાબિત થતો હતો, એ વાતમાં પગીને જરાય શંકા ન હોવાથી એણે વિશ્વાસપૂર્વક પોતાની રજૂઆત કરતાં કહ્યું કે,

"મહારાવ ! આ સવાલોનું સમાધાન મારી પાસે નથી. છતાં આપ જો પોલીસની સહાય મને આપો, તો આ બધાના જવાબો મેળવી આપવાની હું બાંયધરી આપી શકવા સમર્થ છું."

જગા પગીને પોલીસ સહાય મળી જતાં એ ભુજની જેલમાં પહોંચી ગયો. જાકલાની સમક્ષ હાજર થઈ જઈને જગા પગીએ સીધો જ સવાલ કર્યો કે, જાકલા ! એ તો કહી બતાવ કે, કઈ ચાતુરીથી તું મુંદ્રા પહોંચ્યો અને ચોખાના વેપારીની દુકાનેથી ચોખાની ગૂણ ચોરીને પાછો ભુજ ભેગો થઈ ગયો ?

અણધાર્યો આક્ષેપાત્મક આ સવાલ સાંભળીને જાકલો એક વાર તો ચોંકી જ ઊઠ્યો. એને એમ થઈ આવ્યું કે, મને ચોર તરીકે આ પગીએ કઈ રીતે પકડી પાડ્યો હશે ? ચોરના પગ આવો સવાલ સાંભળીને એક વાર તો ઢીલાઢબ થઈ જાય એ સહજ ગણાય. છતાં જાકલાએ હિંમતભેર વિશ્વાસના ટંકારપૂર્વક કહ્યું કે, તમે ઘર ભૂલ્યા લાગો છો ? હું હાલમાં જે હાલતમાં અહીં બેડીથી બદ્ધ છું, એમાં ચોરી કરવાનું મને સ્વપ્ને પણ સૂઝે ખરું ? ક્યાં આ ભુજની જેલ અને ક્યાં મુંદ્રામાં રહેલી વેપારીની દુકાન ! તમે જ કહો કે, મારા માટે આવી ચોરી શક્ય જ ગણાય ખરી?

સવાલનો સામનો મક્કમતાથી કરતાં જગા પગીએ જાતને છતી કરીને કહ્યું કે, હું જગો પગી છું, મારી આગળ તમે જાત નહિ જ છુપાવી શકો ? મેં તમારા પગલાની છાપ બરાબર ધારી રાખી છે, એ જ છાપ મુંદ્રાના વેપારીની દુકાનની આસપાસ પડેલી જોવા મળી, એથી છાતી ઠોકીને હું કહી શકું છું કે, ચોખાની એ ગૂણના ચોર તમે જ છો. મારે હવે એટલું જ જાણવું છે કે, તમે ચોરી કઈ જાતની ચતુરાઈપૂર્વક કરી શક્યા ?

જગા પગીનું નામ સાંભળીને જ જાકલો ચોર સ્તબ્ધ થઈ ગયો. એને થઈ ગયું કે, મારે હવે ચોરી કરવાની ચતુરાઈભરી ચાલ ખુલ્લી કરવી જ પડશે. પણ ચોરીનો આ ભેદ હવે મારે એ રીતે ખુલ્લો પાડવો જોઈએ કે, જેથી મારું જીવતર સુરક્ષિત બની જાય. એણે કહ્યું કે, જગાભાઈ ! એક શરતે ચોરીનો ભેદ ખુલ્લો કરવાની મારી તૈયારી છે. *જો મને મહારાવ તરફથી અભય-વચન મળતું હોય, તો એમની સમક્ષ* આ ચોરી પરનો પડદો ખેંચી લેવાનું વચન પાળવા હું તમારી સમક્ષ બંધાઈ જવા તૈયાર છું.

શરતપૂર્વકની પણ જાકલાની આવી તૈયારી જોઈને જગા પગીનો આનંદ નિરવધિ બન્યો. એને થયું કે, ચોર આટલો ઢીલો પડ્યો છે, તો હવે જંગ જિતાઈ જતાં વાર નહિ જ લાગે, જગો પગી મહારાવ સમક્ષ પહોંચી ગયો. બધી વાત રજૂ કરીને એણે કહ્યું કે, મહારાવ ! બધા જ પ્રશ્નોના જવાબ મળી શકે એમ છે. પણ શરત એક જ છે કે, આપના તરફથી અભયવચન મળવું જોઈએ. બાકી ચોર તો જાકલો જ છે.

મહારાવના મનમાં હવે ચટપટી પેદા થઈ જવા પામી કે, જાકલાએ આ ચોરી કઈ જાતની ચાતુરીપૂર્વક કરી, એ તો મારે જાણવું જ છે. ભલે, એને અભય-વચન આપવું પડે. મહારાવે જગા પગીની શરત સ્વીકારી લેતાં જાકલો મહારાવ સમક્ષ હાજર થયો. મહારાવે એની પીઠ થાબડતાં કહ્યું કે, ચતુર ચોર ! તને અભય-વચન આપું છું. જરાય ભેદભરમ છુપાવ્યા વિના જણાવજે કે, તેં ચોરી કરી કઈ રીતે ?

જાકલા ચોરે મહારાવનો ચરણ-સ્પર્શ કરવાપૂર્વક વાતની શરૂઆત કરતાં કહ્યું : આપ મને અભય-વચન આપવાની ઉદારતા દાખવી રહ્યા છો, પછી તો મારે થોડી પણ વાત છુપાવવાની કૃપણતા દાખવવાનો વિચાર કરવાનો હોય જ શાનો ? જગા પગીએ પગલાંની છાપના આધારે જે નિર્ણય લીધો, એ સાવ સાચો છે. રાતના અંધારાનો લાભ લઈને હું બંધન-બેડીથી મુક્ત બનીને પવનવેગે ભુજ-મુંદ્રા વચ્ચેનો માર્ગ કાપીને એ વેપારીની દુકાને પહોંચ્યો, વેપારીની દુકાનથી હું પરિચિત હોવાથી ચોખાની ગૂણ ચોરતાં અને એ જ ઝડપે પાછા ભુજ ભેગા થતાં મને વાર ન લાગી. જેથી અંધારું ઓગળે એ પૂર્વે હું પાછો જેલમાં આવી ગયો. આથી મારી પર કોઈને વહેમ પણ ક્યાંથી પેદા થાય ? પણ જગા પગીએ મને આબાદ પકડી પાડ્યો. મહારાવ ! આપની રજા વિના મુંદ્રા જવા બદલ માફી માંગું છું.

ચોરનો આ જવાબ સાંભળીને મહારાવને બંધનમુક્ત બનવાની કળા અને રાતના થોડાક જ કલાકોમાં ભુજથી મુંદ્રા પહોંચીને પાછા ભુજ ભેગા થવાની ઝડપીગતિ બદલ અનેરું આશ્ચર્ય થયું. પણ એથીય વધુ જે બાબતનું આશ્ચર્ય અંતરમાં ઘૂંટાતું હતું, એને વાચા આપતાં મહારાવે પૂછ્યું : એક વાત સમજાતી નથી, તારે વળી હાલ આવી ચોરી કરવાની શી જરૂર પડી ? ચોરી ભુજમાં પણ થઈ શકતી હતી, તોય તું મુંદ્રા સુધી કેમ લાંબો થયો ? અને કરી કરીને તેં માત્ર ચોખાની એક ગૂણ કેમ ચોરી ? આવી નાનકડી ચોરી માટે આવું જીવનું જોખમ ખેડવાનું સાહસ કરવા પાછળનું કોઈ સબળ ને પ્રબળ કારણ તો હોવું જ જોઈએ ને ? આ કારણ જાણવાની જ તો મને ખરેખરી ઉત્કંઠા છે ?

જાકલા ચોરની આંખ હવે જરા આંસુભીની બની. એ જરાક નર્વસ બની ગયો. ગદ્ગદ સ્વરે એણે કહ્યું : મહારાવ ! દુનિયા ભલે મને જાકલા ચોર તરીકે વગોવતી. પણ મારો માંહ્યલો મને માનવ ગણીને કર્તવ્ય ચીંધતો રહે છે. એ આંગળી-ચીંધણાને અદા કરવા માટે મારે

જાનના જોખમે આવું સાહસ ખેડવું જ પડે એમ હતું. મુંદ્રામાં એક ગરીબ પરિવાર વસે છે. એની ગરીબીને અમીરીમાં પલટી નાખવાની સમર્થતા તો મારામાં નથી. પણ એની જીવન-યાત્રાને આગે ધપાવવામાં થોડો ટેકો પૂરો પાડવા જોગી માનવતાની તો હું માવજત લેતો જ રહું છું અને દર મહિને એ પરિવારને ત્યાં ચોખાની એક ગૂણ હું ઘણા સમયથી પહોંચાડતો રહું છું. અહીંની જેલમાં આવ્યાને મહિનો પૂરો થવા આવ્યો, ત્યાં મને એ ગરીબ-પરિવારની યાદ આવી ગઈ કે, દર મહિને મળતી ચોખાની ગૂણની સહાય આ મહિને જો એ પરિવારને ત્યાં નહિ પહોંચે, તો એની હાલત કેવી કફોડી બનવા પામશે ? આવા વિચારથી મારું હૈયું હલબલી ઊઠ્યું ને દિલ દ્રવી ઊઠ્યું. મને થયું કે, ચાર-પાંચ કલાક માટે જો હું જેલમાંથી ભાગી છૂટું અને મુંદ્રા પહોંચીને ગુણની ચોરી કરવામાં સફળ બની શકું, તો જ ગરીબ પરિવારને મહિના સુધી બે ટંક પેટ ભરવા માટે પૂરક અન્ન પૂરું પાડી શકું. મને લાગે છે કે, મારું સાહસ સફળતાથી પાર પડી શક્યું, એ આવી ભાવનાના પ્રભાવે જ. બાકી તો ઘણી વાર નાનકડું સાહસ પણ ભારે પડી જતું હોય છે, જ્યારે આ તો જીવ સટોસટનું સાહસ હતું. માટે એને સફળતા અપાવનાર ગરીબ-પરિવાર પ્રત્યે દિલસોજીની આવી ભાવના જ હતી, એમ હું ચોક્કસ માનું છું.

જાકલા ચોરની આ વાત સાંભળીને મહારાવની આંખમાંથી દડદડ કરતી હર્ષની અને અહોભાવભર્યા આનંદની આંસુધાર વહી નીકળી. ચોરની આ વાત સાંભળવા બડભાગી બનનારાઓની સ્થિતિ પણ આવી જ હતી. આંસુથી છલબલતી આંખે સૌએ ચોરની એ શાહુકારીને એ રીતે ઇનામથી સન્માની કે, જાકલા ચોરને તરત જ જેલમુક્તિ મળી જવા પામી. ચોખાની ગૂણની એ ચોરી છેલ્લી નીવડી અને ચોર માટે ગુણની ચોરી સમી સાબિત થઈ જવા પામી. આવા ચોરને ભારતમાતા સિવાય બીજી કઈ ધરતી જન્મ આપી શકે ?

## નાહકના આક્રમણને આમંત્રણ

## ૮

બળતું ઘર કૃષ્ણાર્પણ કરનારાઓનો તો આ સંસારમાં ક્યારેય તોટો રહ્યો નથી. પરંતુ ભડભડ બળતી આગ જેવા એ અર્પણને આનંદભેર આવકારી લેનારા મેવાડીમર્દ સંગ્રામસિંહ જેવાની તો સદાય માટે ઓટ અને ખોટ જ સાલતી રહી છે. કોઈ પણ દેશ-પ્રદેશનો ઈતિહાસ જોઈશું, તો બળતું ઘર અર્પણ કરી દેનારા તો ઠેર ઠેર જડી આવશે, પણ આવા અર્પણને જાણી જાણીને ઝેર પીવાની જેમ હર્ષભર્યા હૈયે સ્વીકારી લેનારા વિરલાની શોધ કરવી હશે, તો મેવાડનો ઈતિહાસ જ ઉથલાવવો પડશે, જેમાં સંગ્રામસિંહનાં નામકામ સુવર્ણાક્ષરે અંકિત થવા પામેલાં જોઈને આપણી આંખો વિસ્ફારિત થઈ ગયા વિના નહિ જ રહે. કોણ હતા એ સંગ્રામસિંહ ? અને બળબળતી/ભડભડતી આગ સમું કયું ઉત્તરદાયિત્વ એ સંગ્રામસિંહે હસતે હૈયે આવકાર્યું હતું ? આવો પ્રશ્ન જાગવો સહજ છે. આ પ્રશ્નનો જવાબ મેળવવા એમના જીવનની એક જ ઘટનાનું અવલોકન કાફી ગણાય.

દિલ્હીના દરબારમાં મોગલ સમ્રાટ તરીકેનું સ્થાનમાન પામનારા અકબરની આણ, પ્રચંડ આંધી બનીને સમગ્ર ભારતમાં ઠેર ઠેર ભારતીય ખમીરનો ખાત્મો બોલાવતી લગભગ સર્વત્ર ફરી વળી હતી. ગુજરાત-રાજસ્થાનના રાજવીઓને અકબરની એ આણે નમાવ્યા હતા. મેવાડના મહારાણા પ્રતાપને નમાવવાના પણ ઘણા પ્રયત્નો અકબરે કર્યા હતા,

પરંતુ એમાં અકબરને થોડીય સફળતા સાંપડી નહોતી કે સફળતા મળવાની આછી-પાછી આશા પણ બંધાઈ ન હતી. આમ, રાણા પ્રતાપ સિવાય ઘણા બધા હિન્દુ રાજવીઓને અકબરે પોતાની મુસ્લિમ સત્તા આગળ નમતાં કર્યા હતા. છતાં એની રાજ્ય-લિપ્સાએ સંતોષનો શ્વાસ લીધો ન હતો. એની આંખમાં તો અખંડ ભારતના સમ્રાટ બનવાનું સ્વપ્ન દિનરાત ઘેરાતું જ રહેતું હતું. આ સ્વપ્નને સાકારતા આપવા એણે કૂટનીતિ પણ અપનાવી હતી.

સમશેરના જોરે અકબર ભલભલા હિન્દુ રાજવીઓને નમાવતો. આ પછી શરણે આવેલા રાજવીઓને હિન્દુ સત્તા સામેના કોઈ સંગ્રામમાં ઝંપલાવવા એ પ્રેરિત કરતો. અને સંગ્રામ જીતીને આવેલા એ શરણાગત રાજવીઓની વીરતાને બિરદાવવા સભા-સમારોહ યોજીને અકબર એ રાજવીઓને પૂરેપૂરા વશ બનાવી લેતો. આ એની કૂટનીતિ હતી. કોઈ કોઈ વાર એ કૂટનીતિને આથીય આગળ વધારવા શરણે આવેલા રાજવીઓ સમક્ષ અકબર એવી માગણી મૂકતો કે, હિન્દુ-મુસ્લિમ વચ્ચે ઐક્ય સ્થપાય એ માટેનું મારું સ્વપ્ન સાકાર બનાવવા તમે જેમ તમારી સત્તાનું સમર્પણ કરી દીધું, એમ હવે તમારી સુપુત્રીનું પણ સમર્પણ કરી દો, તો મારા આનંદનો પાર ન રહે.

અકબર આવી માગણી ભરીભરી રાજસભામાં એ રીતે મૂકતો કે, સત્તાનું સમર્પણ કરવા છતાં સુપુત્રીનું સમર્પણ ન જ કરવાનો રાજવીઓનો લોઢા જેવો સુદૃઢ સંકલ્પ પણ બરફની જેમ ઓગળી જતો અને એથી અકબરના જનાનખાનામાં હિન્દુ રાજવીઓની કન્યાઓ બેગમ બનીને પ્રવેશતી જ રહેતી. આથી ઘણા ઘણા રાજવીઓનું દિલ તો દુભાતું, છતાં અકબરની સામે પડવાની હિંમત ખોઈ બેસીને, પ્રચંડ જોર સાથે ફૂંકાતી મોગલ સત્તાની એ હવાને હવાલે થઈ જવાની કાયરતાનો ભોગ બની ગયેલા એઓનું શું ગજું કે, તેઓ અકબરની કૂટનીતિ સામે પડકાર બનીને ટકરાય ?

અકબરની આ કૂટનીતિ જાળ બનીને ફેલાઈ હતી અને એમાં અનેક રાજવીઓ કબૂતરની અદાથી ફસાઈ ગયા હતા. છતાં થોડાક વિરલ રાજવીઓ એવા પણ અનોખા તરી આવતા, જેઓ સૌ પ્રથમ તો મહારાણા પ્રતાપની જેમ મોગલ સામ્રાજ્યને વશ ન બનતા, કેટલાક રાજવીઓ એવા પણ નીકળતા કે, જેઓ મોગલ સામ્રાજ્યને અધીન તો બની જતા, પણ જ્યાં કન્યાને બેગમ બનાવીને બધી જ રીતે અકબરના ગુલામ બની જવાની વાત આવતી, ત્યાં જ અકબરનો કોપ વહોરવો પડે, તો કોપ વહોરીને પણ આવી માગણીને વશ ન બનતા. સંગ્રામસિંહ આવો જ સાહસિક મેવાડનો એક મર્દ હતો.

બુંદીના હાડા રાજપૂત ભોજસિંહમાં એવી હિંમત ન હતી કે, અકબરની આણને એઓ ફગાવી શકે, પરંતુ એવી હિંમત તો એમનામાં ઠાંસીઠાંસીને ભરી હતી કે, જ્યાં કન્યાને બેગમ બનાવવાની માગણી આવે, ત્યાં સાફ સાફ શબ્દોમાં એનો ઈન્કાર કરી દીધા વિના ન રહે.

બુંદીનરેશ ભોજસિંહ અકબરની આણ સ્વીકારીને એક વાર અહમદનગર સામેના સંગ્રામમાં ખૂબ ખૂબ શૌર્ય દર્શાવીને અકબરની આણનો ઝંડો ફરકાવ્યો, આ સંગ્રામમાં ભોજસિંહે જે પરાક્રમ બતાવ્યું હતું, એથી ખુશ થઈને એની પ્રશસ્તિ ગાવા અકબરે દિલ્હીના દરબારમાં એક જાહેર સમારોહ યોજ્યો. આ સમારોહમાં અકબરે ભોજસિંહનાં નામ-કામ પર પ્રશસ્તિનાં પુષ્પો ચડાવવામાં જરાય કમીના ન રાખી. એથી ભોજસિંહની છાતી પણ ગજ ગજ ફુલાઈ જવા પામી. એ સભામાં જ અકબરને અચાનક યાદ આવ્યું કે, ભોજસિંહની એક પુત્રીનાં હજી લગ્ન લેવાયાં નથી, એથી એ પુત્રીને બેગમ બનાવવા દ્વારા બુંદી સાથેનો ગાઢ સંબંધ બાંધવાના ઈરાદાથી અકબરે ધીરે રહીને એ સભામાં હજારોની મેદની વચ્ચે જ કૂટનીતિની જાળ બિછાવતાં કહ્યું :

'ભોજસિંહજી ! તમારા જેવા પરાક્રમી અને સાહસી રાજવી સાથે સંબંધ બાંધીને દિલ્હીની આ મોગલ સત્તાને પણ ગૌરવ લેવાનું મન

થાય એમ છે. એમાં પણ અહમદનગરની લડાઈ જીતીને ત્યાં દિલ્હીની આણનો ઝંડો ફરકાવીને તો તમે જે અજબ-ગજબની કીર્તિ પામ્યા છો, એથી તો મારી છાતી ગજ ગજ ફુલાઈ રહી છે.'

અકબરની આ પ્રશસ્તિ શિરોધાર્ય ગણાવતાં ભોજસિંહે જવાબમાં જણાવ્યું કે, દિલ્હીના દરબારનો જ આ પ્રભાવ છે. બાકી મેં કંઈ આ પહેલી વાર જ લડાઈ જીતી નથી. પણ આ લડાઈ જીતવા દ્વારા મને જે કીર્તિ મળી છે, એ જોઈને તો મને પણ આશ્ચર્ય થાય છે. આપના પીઠબળનો જ એ પ્રભાવ છે કે, અહમદનગરની લડાઈમાં મને ઝળહળતી ફતેહ મળવા પામી.

અકબરને વધુ ખુશ કરવા ભોજસિંહે આ રીતે જે જાતનો જવાબ વાળ્યો, એ સાંભળ્યા બાદ તો અકબરને વિશ્વાસ જાગી ગયો કે, મારા પાસા હવે પોબાર પડ્યા વિના નહિ જ રહે ! એથી એણે નવો જ પ્રસ્તાવ મૂકતાં કહ્યું :

'ભોજસિંહજી ! આપણી વચ્ચેનો આ સંબંધ હજી વધુ ગાઢ બની શકે એમ છે. તમારી પુત્રીના હજી વિવાહ થયા નથી. એ જો બેગમ બનીને દિલ્હીના દરબારમાં પ્રવેશે, પછી તો આપણી વચ્ચે લોહીના જે સંબંધ બંધાય, એને કોઈ જ તોડી ન શકે.'

ભોજસિંહની સમક્ષ જે પ્રસ્તાવ અકબર તરફથી રજૂ કરવામાં આવ્યો, અને સાંભળતાંની સાથે જ ચોમેર સન્નાટો છવાઈ ગયો. ભોજસિંહની નેક-ટેકથી સૌ સુપરિચિત હતા. એથી સૌ ભોજસિંહનો જવાબ સાંભળવા આતુર બનીને એમની સમક્ષ ટગર ટગર જોવા માંડ્યા, અકબરે એવો અણધાર્યો અને અણચિંતવ્યો આ પ્રસ્તાવ મૂક્યો હતો કે, એનો શો જવાબ વાળવો, એ અંગે ભોજસિંહ એકદમ કિંકર્તવ્યમૂઢ બનીને માથું ખંજવાળી રહ્યા. માથે વીજળી તૂટી પડી હોય, એવી તીવ્ર મનોવ્યથા અનુભવી રહેલા ભોજસિંહને દાઝ્યા પર ડામ દેવાની અદાથી અકબરે કહ્યું : 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવી હોય, ત્યારે મોં ધોવા જવા

જેવી મૂર્ખાઈ તમે ન કરો, એવો મારો વિશ્વાસ છે. મારો પ્રસ્તાવ સાંભળીને આ રીતે મૂંઝાઈ જવાની જરૂર નથી. જે મૂંઝવણ હોય, તે રજૂ કરો, તો માર્ગદર્શન આપવાની મારી પૂરેપૂરી તૈયારી છે.'

અકબર બળજબરીથી બોલાવવા માગતો હતો, એથી ભોજસિંહ ક્યાં સુધી મૌન રહી શકે ? પાછળનો લાંબો વિચાર કર્યા વિના જ એમણે જવાબ વાળ્યો : આપની આણ તો શિરોધાર્ય જ કરવાની હોય. પણ હું પરિસ્થિતિથી પરવશ છું. એથી આપનો આ પ્રસ્તાવ સ્વીકારતાં પૂર્વે મારે હજાર પ્રશ્નો વિચારવા પડે.

આટલો જવાબ વાળીને ભોજસિંહ આગળની બાજી ગોઠવવા વિચારમગ્ન બની ગયા. આ જવાબ સાંભળીને અકબરે એ વિચારવા માંડ્યું કે, હવે શું કરવું ? ચોખ્ખીચટ માગણી કરી દેવી કે ગોળ ગોળ વાતો જ કર્યા કરવી ? આ મુદ્દાનો નિર્ણય લેવા માટેનો સમય મળી રહે, એ મુરાદથી અકબરે પૂછ્યું : ભોજસિંહજી ! દિલ્હી દરબાર સાથે સંબંધ બાંધવા પોતાની બેન-બેટીઓને આપવા સામેથી રજપૂતો તલપાપડ રહેતા હોય છે, ત્યારે હું તો તમારી સમક્ષ સામેથી માગણી મૂકી રહ્યો છું. તમારી એવી તે કેવી વિવશતા-મજબૂરી-લાચારી છે કે, તમે સુપુત્રીનું સમર્પણ કરતાં આમ ખચકાટ અનુભવી રહ્યા છો ?

વેધક પ્રશ્ન કરીને અકબર વિચારમાં ગરકાવ બની ગયો. ભોજસિંહને થયું કે, પળ બે પળમાં જ નિર્ણય લઈને મારે એ અંતિમ નિર્ણયને વળગી રહેવાની હિંમત કેળવવી જ પડશે. એથી મનોમન જ નક્કર નિર્ણય લઈ લઈને ભોજસિંહ ચારે તરફ નજર ફેરવી રહ્યા. એઓ મૌન જ હતા, છતાં એમની નજર વેધક હતી અને બોલકણી હતી. એ નજર જાણે એ સભામાં હાજર રહેલા રજપૂત યુવાનોને એમ પૂછી રહી હતી કે, મારી પુત્રી રત્નાકુમારીને બળતા ઘરરૂપે હું કોઈ રજપૂતને અર્પણ કરવા માંગું છું. કોઈ કૃષ્ણ આ અર્પણને સ્વીકારવાની તૈયારી રાખીને મારી ટેકને અણનમ રાખવા પાછળ આવે એમ છે

ખરો ? મોગલ સમ્રાટને હું મારી દીકરી તો કોઈ પણ ભોગે અને કોઈ પણ કાળે અર્પણ કરવા માગતો નથી. આ ટેકને ટકાવવા મારી દીકરીને સ્વીકારી લેવા કોઈ આગળ આવીને મારી પર ઉપકાર કરે.

ભોજસિંહની વેધક નજર જાણે એમ કહેવા માગતી હતી કે, રત્નાકુમારીનું સગપણ હજી થયું નથી. પણ મૌન રીતે આવું સગપણ સ્વીકારવાની સંમતિ મને કોઈ રાજપૂત આપે અને આના વિપાક રૂપે જે કોઈ પરિસ્થિતિ પેદા થાય, એને વેઠી લેવાની હિંમત રાખવાની તૈયારી રાખે, તો જ મારી ટેક ટકી શકે એમ છે. માટે કોઈ મારી વહારેં ધાય એમ હું ઇચ્છું છું.

એ સભામાં યુવાન રાજપૂતો તો ઘણા ઘણા હાજર હતા. પણ બળતા ઘર જેવી રત્નાકુમારીને સ્વીકારવા તો કોણ તૈયાર થાય ? રત્નાકુમારીનું સગપણ હજી સુધી થયું ન હતું, એ હકીકત હતી. છતાં આ હકીકતનો છેદ ઉડાડી દઈને રત્નાકુમારી સાથે સગપણ થઈ ગયાની વાતને દિલ્હીના દરબારમાં માન્યતા આપવી, એટલે જ અકબર સામે નાહકના આક્રમણને આમંત્રણ આપવું ! નાહકના આવા આક્રમણને આમંત્રણ આપવાની જ્યારે કોઈ રજપૂત યુવાને તૈયારી ન જ દાખવી, ત્યારે સંગ્રામસિંહ તરફ ભોજસિંહની આશાભરી નજર મીટ માંડી રહી. બંને મૌન જ હતા. મૌનની એ પળોમાં બંને વચ્ચે જાણે એક જાતના કોલ-કરાર થઈ ગયા. એ કોલ-કરારમાં જાણે એવું નક્કી થઈ જવા પામ્યું કે, ભોજસિંહની દીકરી સાથેના સગપણને સંગ્રામસિંહ, સગપણ ન થયું હોવા છતાં કબૂલ રાખે અને આના વિપાક રૂપે જે કોઈ પરિસ્થિતિ આવી પડે, એને પરાક્રમપૂર્વક પહોંચી વળવા સતત સજ્જ રહે.

મૌનની ભાષામાં જ આવા કોલ-કરાર થઈ જતાં ભોજસિંહ નિશ્ચિંત બની ગયા અને સંગ્રામસિંહના માથે જવાબદારીનો મેરુભાર લદાયો. ભોજસિંહની દશા જાણે બળતું ઘર કૃષ્ણાર્પણ કરવા જેવી હતી, જ્યારે એ બળબળતા અર્પણને આનંદભેર સામે પગલે સ્વીકારી લેવા જેવી

સાહસિકતા સંગ્રામસિંહની હતી.

અકબરે જ્યારે પુનઃ જવાબ માગ્યો, ત્યારે ભોજસિંહે સિંહની અદાથી જવાબ વાળતાં જણાવ્યું : બાદશાહ ! માગું કન્યાનું જ થાય, પણ કોઈની સાથે સગપણના સંબંધે બદ્ધ બનેલી કન્યાનું નહિ. મારી મજબૂરી અને વિવશતા બસ આટલી જ છે. આટલા જવાબ પરથી આપ બધું જ સમજી શકશો, માટે આથી વધુ કોઈ સ્પષ્ટતા કરવાની જરૂર મને જણાતી નથી.

સિંહની અદાથી ભોજસિંહે વાળેલો આ જવાબ સાંભળીને સૌના જીવ અધ્ધર થઈ ગયા. કારણ કે અકબરને આપેલા જૂઠા જવાબનો વિપાક કેવો વરવો આવી શકે, એ સૌ જાણતા હતા. રત્નાકુમારીનું સગપણ હજી થયું ન હોવા છતાં સગપણ થઈ ગયાના જૂઠનો આશ્રય ભોજસિંહે કેમ લીધો હશે ? એ સૌ કોઈ વિચારી જ રહ્યા હતા, ત્યાં તો અકબરે આંખમાં જરા લાલાશ લાવીને સામો સવાલ રજૂ કર્યો :

'ભોજસિંહ ! દિલ્હીના દરબારમાં જૂઠનો લીધેલો આશ્રય ઝાઝા સમય સુધી ટકી શકશે નહિ, આટલું પણ તમે સમજી શકતા ન હો, એ માનવા હું તૈયાર નથી. રત્નાકુમારીનાં સગપણ હજી થયાં નથી, એ સૌ કોઈ જાણે છે. સૌની આંખમાં ધૂળ નાખીને રત્નાકુમારીના સગપણને સાચું સાબિત કરી આપવાની તમારી તૈયારી છે ખરી ?'

ભોજસિંહે છાતી પર હાથ મૂકીને કહ્યું : દિલ્હીનો આ દરબાર છે અને અહીં તોળી તોળીને બોલવું જોઈએ, એટલું જ નહિ, એ બોલની સચ્ચાઈ સાબિત કરી આપવાની પૂરેપૂરી તૈયારી પણ હોવી જ જોઈએ. આટલો મને બરાબર ખ્યાલ છે. માટે પુનઃ હું કહું છું કે, મારી દીકરીનું સગપણ થઈ જ ચૂક્યું છે. માટે એનું માગું તો હોય જ નહિ.

આવું હડહડતું જૂઠાણું સાંભળીને અકબર મનોમન ધૂંઆપૂંઆ થઈ ગયો. એણે કહ્યું : ભોજસિંહજી ! તમે કહો એટલા માત્રથી આ વાત

માની લેવાય એવી નથી. રત્નાકુમારીનું સગપણ થયું જ હોય, તો એનો કોઈ સાક્ષી હશે કે નહિ ? સ્વપ્નમાં ને સ્વપ્નમાં આવું સગપણ થયું હોય, તો તે જુદી વાત. પણ સ્વપ્નની વાતને કંઈ સાચી મનાય ખરી ?

ભોજસિંહે વળતો જવાબ આપતાં કહ્યું : મારી પર વિશ્વાસ રાખીને આપ મારી વાત સ્વીકારી લો, એમ હું ઇચ્છું છું. જમાઈનું નામ જાહેર કરવું ન પડે, તો સારું, એવી મારી ઇચ્છા છે. પણ આનો અર્થ પણ એવો તો નહિ જ કરતા કે, આ આખી વાત બનાવટ રૂપે ઉપજાવી કાઢવામાં આવી છે !

અકબર ભીનું સંકેલી લેવા માગતો ન હતો. એણે કહ્યું : આમાં બનાવટની કલ્પનાને તો ક્યાંથી અવકાશ હોય ? જમાઈનું નામ આવતાં તો તમારું મોઢું ભરાઈ જવું જોઈએ, એના બદલે નામ જાહેર ન કરવાનો આવો દુરાગ્રહ શા માટે ? આવા દુરાગ્રહથી કોઈને બનાવટની શંકા જાગે એ સહજ છે. માટે આવી શંકા જાગે જ નહિ, એ માટે પણ તમારે જમાઈનું નામ જાહેર કરી દેવું જોઈએ.

અકબરનો આ પ્રસ્તાવ સાંભળીને ભોજસિંહે એક વાર સંગ્રામસિંહની નજર સામે નજર મિલાવીને અણબોલ્યા-અણલખ્યા એ કોલ-કરારની સચ્ચાઇ પુનઃ ચકાસી લીધી, પછી અકબરને કહ્યું : રત્નાકુમારીનું સગપણ થઈ ચૂક્યું છે અને મારા જમાઈનું નામ સંગ્રામસિંહ છે, જેઓ આ સભામાં જ હાજર છે.

આખી સભા આ સાંભળી રહી અને સભાના મોંમાંથી શબ્દો સરી પડ્યા : શું સંગ્રામસિંહ ? ઝાલોરના રાઠોડ રૂપસિંહના શૂરવીર સંતાન સંગ્રામસિંહ જ શું ભોજસિંહના જમાઈ ?

સંગ્રામસિંહનું નામ જાહેર થતાં જ છવાઈ ગયેલો સન્નાટો વધુ ઘેરો બન્યો. અકબરે વધુ ખાતરી કરવા બાણની અણી જેવો પ્રશ્ન સંગ્રામસિંહ તરફ નજર ફેરવીને કર્યો : ભોજસિંહની આ વાત સાચી છે ને ? કોઈ

ચોખવટ કરવી હોય, તો તમને હજી પણ અવકાશ આપવામાં આવે છે.

અકબરના શબ્દોમાં એક જાતની ધમકીનો ધ્વનિ હતો કે, આ સગપણને ફોક કરી જાહેર કરી દો તો તમે રાજકાજ અને જીવનની સલામતી જાળવી શકશો, નહિ તો તમારે યુદ્ધમાં ટકી રહેવું ભારે પડશે, અને જીવતરની સાથે રત્નાકુમારીને પણ ખોઈ નાખવાનો વારો આવશે. આ જાતની ધમકીના ધ્વનિથી ગભરાઈ જાય, એ સંગ્રામસિંહ નહિ. એણે જવાબ વાળ્યો : ભોજસિંહે જે જાહેર કર્યું, એ સાવ સાચું છે. એમની પુત્રી સાથે મારું સગપણ થઈ ચૂક્યું છે.

સભાનું વિસર્જન થયું. ભોજસિંહને સન્માનવા માટે યોજાયેલી સભા આ રીતે બીજા જ રાહે ફંટાઈ ગઈ હતી, એથી ભાવિ સૌને ભયાનક જણાતું હતું. ઘણા બધાની જેમ અકબરને પણ એ સમજી જતાં વાર લાગી નહોતી કે, મારી સાથેનો વિવાહ-પ્રસ્તાવ ઉડાવી દેવા જ ભોજસિંહે આ નાટક ઊભું કર્યું હોવું જોઈએ. એથી સભાના વિસર્જન બાદ અકબરે સંગ્રામસિંહને ખાનગીમાં બોલાવી લઈને સમજાવવાનો પ્રયાસ કરતાં કહ્યું : તમારા જેવા ડાહ્યા માણસે આ રીતે બળતું ઘર સ્વીકારી લઈને નાહકનો સંગ્રામ માથે વેઢારી લેવાની જરૂર નથી. માટે મારું કહ્યું માની જાવ અને આ સગપણને ફોક જાહેર કરી દો.

સંગ્રામસિંહના માથે તો બેવડી જવાબદારી હતી. પોતાનું વચન જાળવવા ઉપરાંત ભોજસિંહની ટેકને પણ ટેકો આપીને અણનમ રાખવાની જવાબદારી પોતાના શિરે હતી. એણે કહ્યું : ઝાલોરના રાઠોડ વંશનો હું અંશ છું. હું અસત્ય કદી બોલું નહિ અને બોલેલું પાળી બતાવવા જતાં હું કદી પારોઠનાં પગલાં ભરું નહિ.

સંગ્રામસિંહનો આ જવાબ સાંભળીને અકબરને મૌન બની જવું પડ્યું. અકબરને મૌન બનાવવા જતાં પોતાના માથે જે જવાબદારી આવી હતી, એ સંગ્રામસિંહ સારી રીતે જાણતો હતો, તેમ જ ભોજસિંહ

પણ જવાબદારીને જાળવવા સંપૂર્ણ સજાગ હતા. જાલોરથી જાન લઈને રાઠોડ રૂપસિંહની સાથે સંગ્રામસિંહ વરરાજા તરીકે બુંદી તરફ પ્રયાણ કરી ગયા. બુંદીમાં રત્નાકુમારીનાં ઘડિયાં લગ્ન લેવાયાં. વરકન્યા ઝડપભેર જાલોર ભણી પ્રયાણ કરી ગયાના સમાચાર જ્યાં અકબરને મળ્યા, ત્યાં જ દાંત કચકચાવીને એણે નક્કી કરી નાખ્યું કે, સંગ્રામસિંહ જેવા સામાન્ય રાજકુમારને મારી આણને અવગણવાનો વિપાક તો મારે બરાબરનો ચખાડી જ દેવો જોઈએ.

અકબરે બનતી ઝડપે દિલ્હીથી સેનાને જાલોર તરફ પ્રયાણ કરી જવાનો હુકમ કર્યો. જાલોરને એ વાતની ખબર જ હતી કે, બળતું ઘર સ્વીકારી લઈને હવે એની આગથી બચવું શક્ય જ નથી. રત્નાકુમારીને સ્વીકારીને સંગ્રામસિંહે એવી આગ સાથે ખેલ ખેલ્યો હતો કે, હવે શાંતિથી બેસવું અને રત્નાકુમારીને બચાવવી એ સહેલી વાત નહોતી. એથી લગ્ન પતાવીને આવ્યા બાદ જાલોરે જંગમાં ઝુકાવવાની તૈયારી કરી જ રાખી હતી. જાલોરની ધારણા કરતાં દિલ્હીનું આક્રમણ વહેલું આવ્યું.

ક્યાં દિલ્હીની પ્રચંડ તાકાત અને એની સામે મગતરા સમા જાલોરની તાકાત ? બંને વચ્ચે ખૂંખાર જંગ શરૂ થયો. જાલોરનું ઝનૂન જોઈને અકબરનું સૈન્ય દિંગ થઈ ગયું. શરૂઆતમાં તો જાલોરે મચક ન આપી. પણ દિલ્હીના સૈન્ય પાસે હજારો સૈનિકોનું જે બળ હતું, એ બળના જોરે દિલ્હી વિજય મેળવીને જ જંપ્યું. સંગ્રામસિંહ એ જંગમાં ખપી જતાં અકબરના સૈન્યનો આનંદ નિરવધિ બન્યો, હવે રત્નાકુમારીની જ્યાં એણે શોધ આરંભી, ત્યાં જ જે સમાચાર મળ્યા, એ સાંભળીને વિજયનો એ આનંદ ચૂર ચૂર થઈ ગયો. એ સમાચાર હતા : પતિના મૃત્યુ પાછળ સતી તરીકે ચંદન-ચિતામાં ઝંપલાવી દઈને રત્નાકુમારીના અગ્નિદેવતાની આહુતિ બની જવાના ! સમાચાર !

## બનાવટ છીપ નહીં સકતી

## ૯

પુણ્યાઈ અથવા પરાક્રમના પ્રભાવે અંગ્રેજો ભારત પર વર્ષો સુધી શાસન કરી ગયા, એમ ભલે કહેવાતું-પ્રચારાતું હોય, પણ હકીકત તો એ છે કે, અંગ્રેજો કાવાદાવા, ધૂર્તતા, દાવ-પેચ જેવી કુટિલતાના કારણે જ ભારત પર જોહુકમી જમાવી શક્યા હતા. એઓ તો સંપૂર્ણ ભારત પર એકાધિપત્ય ઠોકી બેસાડવાનાં સ્વપ્ન રાત-દિવસ નિહાળતા રહેતા હતા, પણ એ યુગમાં ભારતમાં એવાં એવાં કેટલાંક રાજરજવાડાં હતાં કે, જેઓ અંગ્રેજોની કુટિલતાનો અંદાજ પામી જતા હતા, એથી એમની માયાજાળમાં ફસાતા નહોતા અને એથી જ અંગ્રેજોનું એ સ્વપ્ન સ્વપ્ન જ રહેતું હતું. આવા અનેકાનેક શાસકોમાંના જ એક અણનમ શાસકનું નામ હતું : નાના સાહેબ પેશ્વા ! મહારાષ્ટ્રની સત્તાનાં સૂત્રો સંભાળનારા એમનામાં ખુમારી હતી, અંગ્રેજોની કુટિલતામાં જરાય ન ફસાય, એવી કોઠાસૂઝ પણ એમનામાં હતી. એથી અંગ્રેજોની આંખમાં તેઓ કણાની જેમ ખૂંચતા હતા.

ઘણા ઘણા કાવાદાવા, પેતરાઓ અને દાવપેચ પણ જ્યારે નાના સાહેબને શીશામાં ઉતારવામાં સમર્થ-સફળ ન નીવડ્યા, ત્યારે કોઈ માયાજાળ બિછાવીને એમાં પેશ્વાને આબાદ સપડાવી દેવા માટેની તક અંગ્રેજો ગોતી રહ્યા. દિવસોની મથામણ પછી પણ અંગ્રેજો નાના સાહેબ પેશ્વાની કોઈ નબળી કડી ન ગોતી શક્યા, ત્યારે અંગ્રેજોએ પેશ્વાની દિનચર્યાની નાની મોટી તમામ વિગતો મેળવવાની મથામણ આદરી.

એમાં ભાદરવા મહિને આવતી એક તકને એમણે આબાદ ઝડપી લેવાનો નિર્ણય કર્યો.

પેશ્વા દર વર્ષે ભાદરવા મહિને શ્રાદ્ધની વિધિ અચૂક કરાવતા. એમની આ ધર્મશ્રદ્ધાનો ગેરલાભ લેવાનું એક કાવતરું અંગ્રેજોએ બરાબર વિચારી લીધું. શ્રાદ્ધની વિધિ દરમિયાન પ્રતિવર્ષ પાંચેક બ્રાહ્મણો એ વિધિ-વિધાનમાં જોડાતા. વળી એ વિધિ અંગત રહેતી, એથી એનું આયોજન જાહેરમાં ન થતું. આ તકને બરાબર ઝડપી લેવાનું નક્કી કરીને ગુપ્ત રીતે એક વ્યૂહ અંગ્રેજોએ મનોમન ઘડી કાઢ્યો.

સૌપ્રથમ તો કર્મકાંડી મુખ્ય-બ્રાહ્મણનાં નામઠામ જાણી લઈને પછી અંગ્રેજો એ બ્રાહ્મણ પાસે પહોંચી ગયા. આડીઅવળી વાતો કરતાં કરતાં એમણે શ્રાદ્ધના ચોક્કસ દિવસ ઉપરાંત નિયત-સ્થળ આદિની માહિતી મેળવી લીધી. પછી થોડોક વિશ્વાસ બંધાયા બાદ અંગ્રેજોએ નાણાની કોથળી ઠલવી દીધી અને એ બ્રાહ્મણ સમક્ષ પેટ-છૂટી વાત કરી દેતા કહ્યું કે, તમે જો સહકાર આપો, તો અમે જરૂર પેશ્વાના પગ બેડીથી બાંધી શકીએ.

પૈસાથી ખરીદાઈ ગયેલા કર્મકાંડી બ્રાહ્મણે કહ્યું કે, તમે ઇચ્છશો એ સહકાર આપવાની મારી તૈયારી છે. કોઈ વ્યૂહ તમે ઘડી કાઢો, એ મુજબ પાસા ફેંકવાની પણ મારી પૂરેપૂરી તૈયારી છે. આ વાત સાવ ગુપ્ત રહેશે.

કર્મકાંડી બ્રાહ્મણ તરફ વિશ્વસ્ત થયેલા અંગ્રેજોએ કહ્યું કે, તમારે બીજું કશું જ કરવાનું નથી. શ્રાદ્ધની વિધિ માટે જરૂરી પાંચેક બ્રાહ્મણો તરીકે તમારે માત્ર અમારા સૈનિકોને પ્રવેશ અપાવી દેવાનો છે. આટલું જો તમે કરી શકો, તો પછીની બધી જ બાજી, અમે સંભાળી લઈશું. નાણાની કોથળી ઘણી મોટી ઠલવાતી હતી, એના પ્રમાણમાં તો આ કાર્ય સાવ જ નાનું હતું. એથી કર્મકાંડી બ્રાહ્મણે પાંચેક સૈનિકોને શ્રાદ્ધની વિધિ વખતે બનાવટી બ્રાહ્મણ તરીકે પ્રવેશ કરાવી દેવાની એ વાત તરત જ સ્વીકારી લીધી.

પેશ્વા પ્રતિવર્ષ શ્રાદ્ધની વિધિ એક જ કર્મકાંડી બ્રાહ્મણ હસ્તક કરાવતા

હતા, એથી એની પર શંકા રાખવાનું કોઈ કારણ ન હોવાથી ભાદરવા મહિનામાં શ્રાદ્ધના દિવસો આવ્યા, ત્યારે એમણે એ જ કર્મકાંડી બ્રાહ્મણને પાંચેક બ્રાહ્મણો સાથે હાજર રહીને શ્રાદ્ધનું વિધાન કરવા અંગે આમંત્રણ આપ્યું. એ મુજબ પેશ્વા જ્યાં શ્રાદ્ધની વિધિ માટે નિયત કરેલ જગામાં પ્રવેશ્યા, ત્યાં જ એમની નજર કર્મકાંડી મુખ્ય બ્રાહ્મણની પાછળ પાછળ આવતા પાંચેક બ્રાહ્મણો પર પડી.

પેશ્વાની ચકોર અને ચતુર નજરે એ પકડી પાડ્યું કે, પ્રતિવર્ષ આવતા બ્રાહ્મણો કરતાં આ વર્ષની વિધિ માટે આવી રહેલા બ્રાહ્મણોની બોલચાલ જુદી જ જણાય છે. પોતે અંગ્રેજોની આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યા હતા, એનો બરાબર ખ્યાલ પેશ્વાને હતો જ. એથી જરાક સાવધ બનીને એમણે આવી રહેલા બ્રાહ્મણોની ચાલ પર નજર સ્થિર કરી, તો એમને લાગ્યું કે, આ બ્રાહ્મણો તો સૈનિક લાગે છે. કારણ કે સૈનિક જેવી શિસ્તબદ્ધ ચાલ કોઈ દિવસ બ્રાહ્મણોની હોઈ શકે જ નહિ.

પેશ્વાની ચકોર નજરે અંગ્રેજોનું કાવતરું આબાદ પકડાઈ જતાં એમણે પળ બે પળમાં જ થોડુંક વિચારી લઈને પછી કર્મકાંડી એ બ્રાહ્મણને કહ્યું કે, અમુક સામગ્રી લાવવાની ભુલાઈ ગઈ છે. માટે તમે તરત જ બજારમાં જઈને એ સામગ્રી લઈ આવો, ત્યાં સુધી અમે બધા ચંડીપાઠ કરી લઈએ છીએ. ચંડીપાઠ કરવાની ચાલ પાછળની ચતુરાઈ તો કર્મકાંડી એ બ્રાહ્મણ ક્યાંથી પકડી શકે ? પેશ્વાની વાતને શિરોધાર્ય કરીને એ બ્રાહ્મણ તો વળતી જ પળે ખૂટતી સામગ્રી લેવા માટે બજાર તરફ રવાના થઈ ગયો.

પેશ્વાએ માળા હાથમાં ગ્રહણ કરી અને બધા બ્રાહ્મણો હાથમાં માળા મૂકતાં એમણે કહ્યું કે, ચાલો આપણે આંખ બંધ કરીને ચંડીપાઠનો પ્રારંભ કરીએ, થોડી જ વારમાં ખૂટતી સામગ્રી આવી જતાં પછી શ્રાદ્ધની વિધિની શરૂઆત કરીશું.

બનાવટી બ્રાહ્મણો તો પેશ્વાની આ વાતને કોઈ પણ જાતની આનાકાની કર્યા વિના સ્વીકારી લીધી અને પાંચે બ્રાહ્મણો આંખો બંધ

કરીને ચંડીપાઠ કરવા બેસી ગયા. આ તકનો લાભ લઈને પેશ્વા ઊભા થયા. એમણે જોયું કે, પાંચે પાંચ બ્રાહ્મણો આંખ બંધ કરીને જાપમાં મગ્ન બની ગયા છે.

શ્રાદ્ધની વિધિ જ્યાં થઈ રહી હતી, એ જગા એવી હતી કે, ત્યાંનો દરવાજો બંધ થાય, તો અંદરનો કોઈ માણસ બહાર આવી ન શકે. પેશ્વા બહાર આવ્યા અને દરવાજો બંધ કરીને એમણે ત્યાં તાળું મારી દીધું. ખૂટતી સામગ્રી લઈને આવી પહોંચેલા એ કર્મકાંડી બ્રાહ્મણ બંધ દરવાજો જોઈને એકદમ ગભરાઈ ગયો એને થયું કે, હવે નાના સાહેબ પેશ્વાની કડક સજા વેઠ્યા વિના છુટકારો નહિ જ થાય. નાના સાહેબને બહાર આવીને ઊભેલા જોયા, વળી શ્રાદ્ધની વિધિના સ્થળે દરવાજા પર તાળું લાગેલું જોયું, આથી કર્મકાંડી બ્રાહ્મણને એ વાતનો ખ્યાલ આવી ગયા વિના ન રહ્યો કે, ભેદ-ભરમ બધાં ખુલ્લાં થઈ જવા પામ્યા છે. એથી પેશ્વાના પગ પકડી લઈને ગુનો કબૂલી લેતાં એણે કહ્યું :

'સાહેબ ! અંગ્રેજોનો હું હાથો બની ગયો, એ બદલ હું ક્ષમા ચાહું છું અને આપનું પુણ્ય આપનું રક્ષક બન્યું, એ બદલ તો હું ખૂબ ખૂબ આનંદ અનુભવું છું. હવેથી ક્યારેય આવી ભૂલ મારાથી નહિ જ થાય, એ માટે હું વચનબદ્ધ બનું છું.'

રડતી આંખે ગુનો કબૂલીને કર્મકાંડી એ બ્રાહ્મણે બધી જ વાત ખુલ્લી કરી દીધી. કાવતરું એવી રીતનું ઘડાયું હતું કે, બનાવટી બ્રાહ્મણો તક સાધીને પેશ્વાને પકડી લે અને એથી અંગ્રેજોના અરમાન પૂરા થાય. પણ બન્યું આથી સાવ જ વિપરીત કે, પેશ્વાના હુકમ મુજબ ઉપરથી બનાવટી બ્રાહ્મણોના હાથપગમાં બેડી પડી.

કાવતરાની કિશ્તી જાણે કિનારે આવીને ડૂબી ગઈ હતી. એનો વસવસો અનુભવતા અંગ્રેજોને થયું કે, આવા ચકોર-ચતુર પેશ્વાને પકડવા માટે તો ભલભલા બ્રિટિશરોની બુદ્ધિ પણ પાણી ભરે એમાં શી નવાઈ ? ત્યારે વાતાવરણ જાણે એ ગીતનો પડઘો પાડી રહ્યું હતું કે, બનાવટ છીપ નહિ સકતી...

## થાળ સુવર્ણનો, મેખ લોઢાની

## ૧૦

જામનગરને જાહોજલાલી અપાવનારા અને જામનગરથી જાહોજલાલી પામનારા પૂર્વજોની સ્મૃતિ થાય, એટલે પ્રતાપી એ પૂર્વજોની પંરપરામાં અગ્રગણ્ય એક નામ નગરશેઠ જમનાદાસનું યાદ આવ્યા વિના ન જ રહે. જામનગરનું નામ જેમ મોટું હતું, એમ જમનાદાસનું નામ પણ મોટું હતું. એથી કોણ કોને જાહોજલાલી અપાવતું હતું, એ નક્કી કરવું મુશ્કેલ હોવાથી બંનેની જાહોજલાલીમાં અરસપરસની કારણતાને સ્વીકાર્યા વિના ચાલે એમ ન હોવાથી સૌ એમ જ માનતા કે, જામનગરના કારણે જમનાદાસની અને જમનાદાસના કારણે જામનગરની જાહોજલાલીની જયપતાકા સોરઠમાં ફરકી રહી છે.

જમનાદાસ ગર્ભશ્રીમંત હતા, સાથે સાથે નગરશેઠ તરીકેની એમની નામના-કામનાના નેજા ઠેર ઠેર લહેરાઈ રહ્યા હતા. સોના-ચાંદીનો ધમધોકાર વેપાર ચાંદી બજારનું નાક ગણાતી એમની પેઢી મારફત ચાલતો હતો. ગરીબ-ગુરબાં એમની હવેલીમાંથી કંઈ ને કંઈ મેળવીને જ પાછા ફરતા. સાધુ-સંતોનો લાભ પણ એમને સતત મળતો જ રહેતો. એમનું જીવન સુવર્ણથાળ સમું તેજસ્વી હોવાથી એક ત્રુટિ લોઢાની મેખની જેમ સૌની નજરે  ચડ્યા વિના ન રહેતી. લોઢાની થાળીમાં લોઢાની અનેક મેખ હોય, તોય એ કોઈની નજરે ન ચડે, પણ થાળી જો સુવર્ણની હોય, તો લોઢાની એકાદ મેખ એમાં લાગેલી હોય, તોય

સૌની નજર એની નોંધ લીધા વિના ન જ રહે.

*સુવર્ણથાળ સમું જીવન-કવન ધરાવતા નગરશેઠ એક ત્રુટિનો ભોગ* બન્યા હતા, એ ત્રુટિ હતી શ્રીમંતાઈનો થોડોક ગર્વ ! બોલવા-ચાલવામાં નગરશેઠ એકદમ વિનમ્ર હતા, પરંતુ એમની શ્રીમંતાઈને લાગુ પડેલી ગર્વિષ્ઠતા ત્યારે તો અચૂક સૌની આંખે વળગ્યા વિના ન જ રહેતી કે, જ્યારે જ્ઞાતિમાં કોઈકના ઘરે મૃત્યુનો શોક-પ્રસંગ આવીને ખડો થઈ જતો. આવા અવસરે શેઠ જોકે પોતાની મોટાઈ ભૂલી જઈને સામાન્યમાં સામાન્ય સ્થિતિ ધરાવતા જ્ઞાતિજનના ઘરેય અચૂક હાજરી તો નોંધાવતા. પણ એમની આગમનની રીતભાત એવી હતી કે, એમાં શ્રીમંતાઈનો ગર્વ છલકાતો જોવા મળ્યા વિના ન જ રહેતો.

શોકના એ પ્રસંગેય જમનાદાસ પોતાની મોટર-ગાડીમાં બેસીને જ સામાના ઘરે જતા અને કાર્ય પત્યા બાદ એ જ મોટરમાં બેસીને શેઠ પાછા ઘરે ફરતા. આવું ગમનાગમન સૌની આંખમાં શલ્ય બનીને ખૂંચતું. પણ શેઠની સામે સાચી વાત કહી દેવાની કોઈની એવી હિંમત ચાલતી ન હતી કે, શેઠ ! મોતનો મલાજો અને શોકપ્રસંગનું થોડું ઔચિત્ય તો જાળવો ! કોઈની જાનમાં હજી આ રીતે જાવ અને શ્રીમંતાઈનું પ્રદર્શન થઈ જાય, તો એ હજી નભી જાય, પણ કાણ-મોંકાણના અવસરે તો ગંભીરતા જળવાવી જ જોઈએ.

નગરશેઠનાં નામઠામ મોટાં ગણાતાં હોવાથી એમના મોઢા સામે આવી સાચી વાત સંભળાવી દેવાની કોઈની હિંમત ચાલતી ન હતી, પરંતુ જ્યારે જ્યારે કોઈના ઘરે શોકનો અવસર આવતો અને એમાં નગરશેઠ મોટરમાં મહાલતા મહાલતા હાજરી આપવા આવતા, ત્યારે સૌ મનોમન સમસમી ઊઠતા કે, નગરશેઠાઈ અને ગર્ભશ્રીમંતાઈ મળી, એથી શું થઈ ગયું ? એથી કંઈ ઔચિત્યનો ઉઘાડે છોગ આવો ભંગ કરવાનો શેઠને પરવાનો થોડો જ મળી જાય છે ! શેઠના ઘરે આજે નહિ તો ક્યારે ને ક્યારે પણ શોકનો પ્રસંગ આવ્યા વિના થોડો જ રહેવાનો

છે ! ત્યારે મૃત્યુનો મલાજો ન જાળવવાના મર્યાદાભંગ બદલ શેઠની આંખ ઊઘડી જાય, એવો પાઠ ભણાવ્યા વિના ન જ રહેવું, જેથી શેઠની સાન ઠેકાણે આવી ગયા વિના ન જ રહે.

એ યુગમાં એવો અનુકરણીય રિવાજ હતો કે, કોઈના ઘરે મૃત્યુનો પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હમદર્દી નોંધાવવા પહોંચી જતા, જેથી મૃત્યુનો અસહ્ય આઘાત પણ વહેંચાઈ જતો અને સૌના સથવારે એ આઘાતને સહવાનું બળ મળતું. પછી જ્યારે બેસણાનો પ્રસંગ ઉપસ્થિત થતો, ત્યારે પણ જ્ઞાતિજનો સારી સંખ્યામાં એકઠા થઈને સારા માર્ગે યથાશક્તિ દાન-પુણ્ય જાહેર કરતા. બીજા બીજા ગામ-નગરોની જેમ જામનગરમાં પણ આ રિવાજનું બરાબર પાલન થતું.

આવા અવસરે જે પણ જ્ઞાતિજનો આવતા, એ મોટાઈને બાજુ પર મૂકીને આવતા, પણ એકમાત્ર જમનાદાસ નગરશેઠ જ આમાં અપવાદ રૂપ હતા. એઓ મોટરમાં મહાલતા મહાલતા આવતા અને જતા ત્યારે પણ મોટરમાં મહાલતા મહાલતા જવાની એમની રીતભાતમાં કોઈ ફેર ન પડતો.

'વારા પછી વારો, આજે તારો તો કાલે મારો' આવી રફતાર જ્યાં ચાલ્યા જ કરે, એનું નામ જ સંસાર ! નગરશેઠ મોટી વય ધરાવતા હોવાથી એમને શોકના અવસરે ઘણા ઘણાના ઘરે જવાનો અવસર આવ્યો હતો, પરંતુ એક દહાડો એવો ઊગ્યો કે, જ્યારે જ્ઞાતિજનોને નગરશેઠના ઘરે શોકના પ્રસંગે આવવું પડે ! નગરશેઠના માતુશ્રી ઝવેરબહેન મોટી ઉંમરે સાંજના સાતેક વાગે અણધાર્યા જ અવસાન પામ્યાં. ઈ.સ. ૧૯૪૫ના પોષ મહિનાના એ દિવસો ચાલતા હતા. બીજે દિવસે ઝવેરબહેનની સ્મશાનયાત્રા કાઢવાનું નક્કી થતાં જ્ઞાતિજનોને આ સમાચાર પહોંચાડવામાં આવ્યા.

નગરશેઠની હવેલી અને વયોવૃદ્ધ માતુશ્રીનો સ્વર્ગવાસ ! પછી

પૂરા જામનગરમાં આ સમાચાર ફેલાઈ ગયા વિના રહે ખરા ! નગરશેઠે માતૃવિયોગ બદલ આઘાત તો અનુભવ્યો, પણ અગ્નિસંસ્કાર અંગેની તૈયારી વિના ચાલે ખરું ? નાના-મોટા ઘરનો ભેદ રાખ્યા વિના આવા અવસરે પોતે સૌના ઘરે પહોંચી જતા હતા, એથી નગરશેઠને વિશ્વાસ હતો કે, કાલે સવારે સ્મશાન-યાત્રામાં આખું ગામ ઊમટ્યા વિના નહિ જ રહે ! એથી આ માટેની તૈયારી એમણે આરંભી દીધી.

ઝવેરબેનના સ્વર્ગવાસ ઉપરાંત સ્મશાન-યાત્રાના સમાચાર મળતાં જ જ્ઞાતિના આગેવાનોએ અંદરોઅંદર વિચાર કર્યો કે, નગરશેઠ સુવર્ણના થાળ જેવા છે, એ થાળની શોભા બગાડતી લોઢાની મેખને ઉખેડીને ફેંકી દેવા માટે આવી તક ફરી પાછી જલદી નહિ મળે. માટે આ તકને સાધી લઈને નગરશેઠને એવો પાઠ ભણાવવો જોઈએ કે, હવે પછી કોઈના ઘરે શોકના અવસરે મોટરમાં મહાલતા મહાલતા જવાની ખો એઓ ભૂલી જ જાય.

જ્ઞાતિના આગેવાનોએ ભેગા મળીને એવો નિર્ણય લઈ લીધો કે, કાલે સવારે કોઈએ પણ નગરશેઠની હવેલીએ હાજર ન રહેતાં સીધા સ્મશાનમાં જ પહોંચી જવું ! આટલું જ કરીશું, તો વધુ કશું જ બોલવાની આવશ્યકતા નહિ રહે અને નગરશેઠે જિંદગી સુધી જે ભૂલ-પરંપરાને આગળ ને આગળ ધપાવ્યે રાખી છે, એ ભૂલને એક જ ઝાટકે એઓ સુધારી લેશે. નગરશેઠના ઘરે ગંધ પણ ન આવે, એ રીતે જ્ઞાતિના આગેવાનોએ ઘરે ઘરે એટલી સૂચના પહોંચાડી દીધી કે, કાલે નગરશેઠની હવેલીએ હાજર ન રહેતાં સૌએ સીધા સ્મશાનભૂમિ પર જ સમયસર હાજર થઈ જવું. મહાજનની-જ્ઞાતિની આ આણનો ભંગ કરવાની કોઈની હિંમત ન હતી. નગરશેઠને ગંધ પણ ન આવે, એવી ગુપ્તતા-તકેદારીપૂર્વક આ સૂચના જ્ઞાતિના ઘરે ઘરે પહોંચાડવામાં આવી હતી, એથી બીજે દિવસે સાત વાગ્યા પછી તો જ્ઞાતિજનોની ભરચક હાજરીથી સ્મશાન ઊભરાવા લાગ્યું.

નગરશેઠની હવેલીમાં સ્મશાનયાત્રા અંગેની તૈયારી પૂરી થઈ જતાં શેઠ જમનાદાસ અને એમનો પુત્રાદિ પરિવાર જ્ઞાતિજનોની પ્રતીક્ષા કરી રહ્યો. વહેલી સવારથી જ હવેલીનું આંગણું છલકાઈ ઊઠશે, એવી આશા જ નહિ, એવો વિશ્વાસ નગરશેઠે સેવ્યો હતો, પરંતુ જ્યારે સાત સાડા સાત વાગ્યા સુધી હવેલીમાં કોઈની જ હાજરી જોવા ન મળી, ત્યારે નગરશેઠ ચિંતામગ્ન બનીને વિચારી રહ્યા કે, સમાચાર તો બધે મોકલાવી દીધા છે અને હજી એકે માણસની હાજરી કળાતી નથી ! આમ કેમ બન્યું હશે ? અધીરાઈનો ભોગ બનીને એમણે આસાપાસ તપાસ કરાવી, તો એવું જાણવા મળ્યું કે, અહીં તમે જ્ઞાતિની પ્રતીક્ષા કરી રહ્યા છો અને સ્મશાનભૂમિમાં ઊમટી પડેલી જ્ઞાતિ તો કાગડોળે તમારી પ્રતીક્ષા કરી રહી છે !

આસપાસમાં રહેતા જ્ઞાતિજનો પાસેથી મળેલી આવી જાણકારીની સચ્ચાઈ કળી જતાની સાથે જ નગરશેઠની આંખ ખૂલી ગઈ. એમને એ સમજાઈ જતાં જરાય વાર ન લાગી કે, પોતે જિંદગીમાં આજ સુધી જે ભૂલ કરતા રહ્યા હતા, એનું ભાન કરાવવા જ જ્ઞાતિજનોએ આ તક ઝડપી લીધી કે શું ? મને એવો પાકો પાઠ ભણાવવાનું જ્ઞાતિએ નક્કી કર્યું લાગે છે કે, જેથી મારાથી હવે આવી ભૂલ ભૂલેચૂકે પણ ન થાય.

નગરશેઠને સાનમાં જે સમજાવી દેવાની જ્ઞાતિની ઇચ્છા હતી, એ સફળ થઈ. નગરશેઠ પોતાની બધી જ શેઠાઈ ભૂલી જઈને આસપાસમાં જેનો વસવાટ હતો, એને ત્યાં સામે પગલે જઈ પહોંચ્યા અને હાથ જોડીને વીનવી રહ્યા કે, આપ સ્મશાનયાત્રામાં જોડાવા પધારો, તો જ આ યાત્રા આગળ વધી શકે. આજ સુધી હું જે ભૂલ કરતો આવ્યો, એ જ મને અત્યારે નડી રહી છે. હવે આવી ભૂલ ન કરવાનો હું કોલ આપું છું. માટે આપ સૌ કૃપા કરીને મારે ત્યાં પધારો અને મારી લાજ-આબરૂ રાખો.

નગરશેઠની વિનંતીને માન્ય રાખીને રડ્યાં ખડ્યાં જ્ઞાતિજનો

સ્મશાનયાત્રામાં સામેલ થયા, ત્યારે જ એ સ્મશાનયાત્રાનું પ્રયાણ થયું. જેમાં હજારોની હાજરીની આશા રખાઈ હતી. એ સ્મશાનયાત્રામાં સેંકડોની સંખ્યા પણ માંડમાંડ જોડાયેલી જોવા મળી રહી હતી, પણ સ્મશાનભૂમિ પર તો હજારોની સંખ્યામાં જ્ઞાતિજનો ઊમટ્યા હતા, નગરશેઠે સ્મશાનમાં પહોંચ્યા બાદ સૌ પ્રથમ પોતાની ભૂલ બદલ અશ્રુભીની આંખે જ્ઞાતિની માંફી માંગી, ત્યારબાદ અગ્નિસંસ્કારની વિધિ આગળ વધી.

જ્ઞાતિના નગરશેઠ જમનાદાસની આંખમાંથી વહેતી આંસુધારા જાણે આજ સુધીની ભૂલોને પ્રક્ષાલી રહી હતી. જ્યારે સુવર્ણથાળ સમા નગરશેઠને લોઢાની મેખથી મુક્ત બનાવ્યા બદલના સંતોષના સ્મિત સાથે જ્ઞાતિની આંખ હર્ષાશ્રુ વહાવી રહી હતી. આવી જ્ઞાતિના અને આવી નગરશેઠાઈનાં દર્શન હવે ક્યારે થશે ?

## ભગવાનના ભોમિયા

## ૧૧

સંવત ૧૯૬૦ આસપાસનો સમય છે. ભોગાવાના કાંઠે વસેલા વઢવાણના રાજમહેલનું સ્થળ છે. પૂર્ણિમાનો ચંદ્ર પૂર્ણકળાએ ખીલી ઊઠ્યો છે. વાતાવરણનો કણેકણ અને ક્ષણેક્ષણ જાણે દૂધના પ્રક્ષાલથી ધવલ બનીને દીપી ઊઠ્યો છે.

રાજમહેલની અગાશી પર ઠાકોર બાલસિંહ આંટા મારી રહ્યા છે. ભોગાવાના કાંઠેથી આવી રહેલી શીત-પવનની મંદ મંદ લેરખી ગમે તેવાની આંખમાં નિદ્રાદેવીનો પ્રવેશ કરાવવા સમર્થ હોવા છતાં લટાર માર્યા બાદ શય્યામાં આડા થયેલા ઠાકોર બાલસિંહ માટે નિદ્રા જ્યારે વેરણ બની, ત્યારે એઓ વિચારે ચડ્યા : બહાર ભલે પ્રકાશ પ્રકાશ છે, પણ મારા અંતરમાં અંધારાં ઊભરાઈ રહ્યાં છે, એનું શું ? એમના અંતરમાં ઊભરાઈ રહેલો અંધકાર એમને આજે કળ વળવા દેતો ન હતો.

આમ તો બાલસિંહ ઠાકોર તરીકે વઢવાણનું સિંહાસન શોભાવી રહ્યા હતા. અનેક ગુણોની સાથે પ્રકાશતું એમનું જીવન થોડાક એવા દોષોથી ખરડાઈ ચૂક્યું હતું કે, ગુણોની ઉપરવટ થઈને એ દોષો જ દુનિયાની આંખે ચડતા હતા. ઊંઘ રિસાઈ ગઈ હોવાથી ઠાકોરે પૂર્ણિમાથી પ્રકાશિત કુદરતને નિહાળવાનો એક પ્રયાસ કરી જોયો, પણ અંતરમાંથી ઊભરાતા અંધારાના ઓળા ચોમેર નૃત્ય કરવા માંડ્યા. આવા અવસરે

બાલસિંહ ઠાકોરને ભગત યાદ આવ્યા. એમને થયું કે, ભગતજી સમક્ષ હૈયું ખોલીશ, તો જ કંઈક આસાયેશ અનુભવવા મળશે.

વઢવાણમાં લઘુ ભગતના નામે, ભગવાનને ભજનારું એક વ્યક્તિત્વ વસતું હતું. આખા ગામમાં ભગતના હુલામણા નામે જ એ વ્યક્તિત્વ ઓળખાતું હતું. ભલભલા શેઠ-શાહુકારો અને શ્રીમંતોની શેહશરમ એમને નડતી નહિ. હિતની જ વાતો કરવાનો એમનો ધર્મ-વેપાર હતો. અંતરમાંથી જ જ્યારે અંધકાર ઊભરાતો અને પ્રશ્નો-સમસ્યાઓની અતૂટ-અખૂટ વણઝાર વહી નીકળતી, ત્યારે ઘણા ઘણા લોકો સલાહસૂચન લઈને સાચો રાહ પામવા ભગતના શરણે દોડી જતા અને ભગત પોતાનું કર્તવ્ય બરાબર અદા કરતા.

ઠાકોર બાલાશાહનું ભાગ્ય જાગતું હશે, જેથી એમને ભગત સાંભરી આવ્યા. સેવક દ્વારા સંદેશ પાઠવીને ઠાકોરે ભગતને વિનમ્રતાથી કહેવડાવ્યું કે, મારે આજે આપનો ખપ પડ્યો છે. પધારશો, તો માનીશ કે આપે મોટી કૃપા કરી.

બાલાશાહના કહેણને સ્વીકારીને ભગત રાજમહેલે પધાર્યા. ઠાકોરના દોષિત જીવનથી તેઓ પરિચિત હતા, એથી વખત આવ્યે, સાચો રાહ ચીંધવાની ભાવના દરિયાઈ ભરતીની જેમ એમના હૈયે ઉછાળા મારી જ રહી હતી, એથી એઓ સામેથી આવેલા કહેણને સ્વીકાર્યા વિના રહે ખરા ? બાલાશાહનો ચહેરો જોઈને જ ભગત એમની ચિંતા અને અકળામણનો અણસાર પામી ગયા. એમણે સામેથી પૂછ્યું : બાપુ ! અત્યારે યાદ કરવાનું કારણ ?

બાલાશાહે જણાવ્યું કે, ભગત ! અત્યારે આમ તો ઊંઘવાનો સમય ગણાય, પણ મારી આંખનાં પોપચાં બિડાવાનું નામ લેતાં નથી અને અંતરમાંથી જાણે અંધકાર ઊભરાઈ રહ્યો હોય એવો ભાસ થાય છે. મને થયું કે, ભગત પધારે, તો કંઈક માર્ગદર્શન મળે.

ભગતે કહ્યું : માર્ગદર્શન આપનારો તો પ્રભુ બેઠો છે. એની ચિઠ્ઠીના ચાકર તરીકે અમારે એટલું જ કહેવાનું કે, દિવસે એવાં ધોળાં કામ કરવાં કે, જેથી નિરાંતે ઊંઘ આવી જાય અને આખી જિંદગી એવી જીવવી કે, પરલોકના પંથે પ્રયાણ કરવાં ટાણે પ્રસન્નતા વૃદ્ધિંગત બને.

બાલાશાહે કબૂલ કર્યું કે, ભગત ! આપે વાત તો સાચી કહી, પણ મેં તો જીવનમાં અનેક કાળાં કામ કર્યાં છે. એથી મારા જેવાને ઊંઘ ક્યાંથી આવે ? આંખ બંધ કરું છું, ત્યાં પાપ-કાર્યોની વણઝાર ચાલી જતી જોવા મળે છે. સૌથી પહેલું તો મને વાંઝિયામેણું સતાવે છે. થોડાઘણા પ્રમાણમાં એ મેણાને વિસારે પાડું છું. ત્યાં જ મારાં પાપ મને ખાવા ધાય છે. મારી જીવન-કિતાબથી લગભગ સૌ પરિચિત જ છે, ત્યાં એ કાળી-કિતાબનાં પાનાં આપનાથી તો ક્યાંથી અપરિચિત હોય ?

ભગતે સધિયારો બંધાવતાં કહ્યું : બાપુ ! આકાશના આંગણે કંઈ સદાને માટે અમાસ જ છવાયેલી નથી રહેતી, એમ માનવના જીવનમાં પણ કંઈ કાયમ માટે અંધકારનું જ સામ્રાજ્ય છવાયેલું રહી શકતું નથી. ગમે તેવો ગાઢ અંધકાર હોય, પણ એક દીવો પેટાવો, તો એ અંધકાર ઊભી પૂંછડીએ ભાગી જાય ને ? આ જ રીતે દુનિયામાં જેમ પાપનું અસ્તિત્વ છે એમ પુણ્યનું પણ અસ્તિત્વ છે જ. પુણ્યના દીવા મનના મંદિરિયે પેટાવો, તો પાપનો ઘનઘોર અંધકાર પળવારમાં પલાયન થઈ જશે.

ભગતના સાંનિધ્યમાત્રથી બાલાશાહ પાણી પાણી થઈ ગયા હતા. એમણે રડમસ સાદે પૂછ્યું : ભગત ! ઘનઘોર અંધારું જામેલું હોય, એને પ્રકાશનો એકાદ તણખો કઈ રીતે દૂર કરી શકે ? મારા જીવનને શરાબ અને શિકાર જેવાં પાપોએ ઘેરી લીધું છે. લોહીની લાલાશમાં મને કંકુની જ લાલાશ જણાય છે. કેટલાંય અબોલ પશુઓનો મેં એ રીતે સોથ વાળી નાંખ્યો છે કે, જાણે પશુઓના ચિત્રને ફાડતો હોઉં. આવાં અનેક પાપોના પડછાયા ભૂતાવળની જેમ આસપાસ ભમી રહ્યા હોય,

ત્યાં નિર્ભયતાથી નીંદર કઈ રીતે આવી શકે ?

બાલાશાહની આંખમાંથી આંસુડાં ટપકી રહ્યાં. આંસુ લૂછતાં લૂછતાં એમણે પૂછ્યું : ભગત ! વાંઝિયામેણું ટાળવાનો કોઈ ઉપાય દર્શાવો, તો આપનો ઉપકાર ભવોભવ નહિ ભૂલું.

ભગતે દયાર્દ્ર-દિલે કહ્યું : બાપુ ! આપના રાજમહેલમાં અભાગી જીવડો તો જનમ લે જ નહિ. ભાગ્યનો પૂરો કોઈ પુણ્યશાળી આપને ત્યાં જન્મ લેવા તલપાપડ ન જ હોય, એમ તો કઈ રીતે કહી શકાય ? પણ એવો ભાગ્યશાળી જીવડો શરાબ અને શિકાર જેવાં પાપોની વચ્ચે કઈ રીતે જન્મ પામી શકે ? ચક્રવર્તી કંઈ ગરીબની ઝૂંપડીમાં પદાર્પણ કરે ખરા ? માટે આજથી જ શરાબ અને શિકારને દેશવટો દઈ દો અને પુણ્યની કમાણી એકઠી કરવા માંડો, આ બે વ્યસનોને તગેડી મૂકીને પ્રજાની સારસંભાળ લેવા પાછળ મંડી પડો. પછી આ રાજમહેલમાં દેવો પણ અવતરવાની હોડ-દોડમાં ન જોડાય, તો જ નવાઈ ગણાય.

ભગતની આ પ્રેરણા બાલાશાહના કાળજે કોતરાઈ ગઈ. એમના મનમાં એ વાત જડબેસલાક જચી ગઈ કે, રાજમહેલમાં છવાયેલી શિકાર-શરાબની ગંદકી હું દૂર ન કરું અને કિરતારને વાંઝિયામેણું ટાળવા માટે કરગરીને પ્રાર્થના કરતો જ રહું, એનો શો અર્થ ? માટે મારે સૌ પ્રથમ તો શરાબ-શિકારની ગંદકી દૂર કરવી જ જોઈએ. જેથી વાતાવરણ પુણ્ય-પવિત્ર બનતાં કોઈ પુણ્યશાળી પગલાં પાડવા ઉત્કંઠિત થાય. બાલાશાહે એ જ ઘડીપળે સંકલ્પબદ્ધ બનતાં કહ્યું :

'ભગતજી ! આ પળેથી જ શરાબ બંધ અને આવતીકાલથી જ શિકાર બંધ. આવી પ્રેરણા તમારા માધ્યમે પૂરી પાડનારા કિરતારનું ભજન અત્યારથી જ શરૂ કરી દઈશ અને બાકીનો સમય પ્રજાના પાલન-પોષણ પાછળ વિતાવીશ. આના પ્રતાપે વાંઝિયામેણું ટળી જ જશે, છતાં કદાચ એ મેણું નહિ ટળે તોય માનીશ કે, આ પ્રજા જ મારી સંતતિ

છે. સંપત્તિ છે અને સન્મતિ છે. ભગવાનના ભોમિયા તરીકે પધારીને આપે આજે મારી આંખ ઉઘાડી નાંખી છે. જ્યાં અજ્ઞાનનો અંધકાર છવાઈ ગયો હતો, ત્યાં આપે જ્ઞાનનું તેજોમય-અંજન આંજીને એવો ઉપકાર કર્યો છે કે, હવે ભવોભવનો માર્ગ હું નિહાળી શકીશ. મારી આટલી જિંદગી પાણી વલોવવા પાછળ જ વેડફાઈ ગઈ. નવનીત-માખણનું વલોણું તો હવે જ શરૂ કરી શકીશ.

ભગત બાલાશાહની વેદનાને અને સંવેદનાને સાંભળી જ રહ્યા, એમની આંખો પણ આંસુથી છલબલી ઊઠી હતી, ત્યાં તો ઠાકોરે ઊભા થઈને ભગતને સાષ્ટાંગ નમસ્કાર કરવા પૂર્વક વિનંતી કરી કે, આ ઉપકારનો બદલો હું વાળી શકું એમ જ નથી. પણ યત્કિંચિત ઋણ-સ્મૃતિ રૂપે આપ મને કોઈ લાભ આપો. આપે ધર્મ-ધનની અઢળક સમૃદ્ધિ બક્ષીને જે ઉપકાર કર્યો છે, એનું વળતર તો ચૂકવાય એમ જ ક્યાં છે !

ભગતે ઊભા થતાં થતાં કહ્યું : બાપુ બાલાશાહ ! આ ધર્મધનને જાન સાટે જાળવવાનું વચન આપો, તો મારો માંહ્યલો રાજીનો રેડ થઈ ગયા વિના ન રહે. માટે આટલું વચન આપો, બસ આટલો જ લાભ તમને આપવો છે.

બાલાશાહે કહ્યું : આ તો લાભની જ વાત થઈ. અણધાર્યો અખૂટ ખજાનો હાથ લાધી ગયો હોય, પછી એની સુરક્ષા કાજે કોણ ગાફેલ રહે? માટે જેમાં આપનો-ખુદનો કંઈ લાભ સમાયો હોય, એવી નાનીમોટી સેવા દર્શાવવાની કૃપા કરો.

હસતાં હસતાં ભગતે કહ્યું : આ ધર્મ-ધન તમે બરાબર જાળવી જાણો, તો હું કેટલી બધી ખુશી અનુભવું ? કોણ કહી શકે એમ છે કે, આ ખુશી મારા લાભ ખાતે ન ખતવાય.

ભગતનો આ જવાબ જડબેસલાક નીવડ્યો. બાલાશાહ મૌન બન્યા.

ઇતિહાસમાં નોંધ મળે છે કે, ભાગ્યશાળી કોઈ જીવ રાજમહેલમાં જન્મ લેવાની જ રાહ જોઈ રહ્યો હોય, એમ બાલાશાહના જીવનમાં પુણ્ય-પરિવર્તન આવ્યા બાદ સંવત ૧૯૬૦ના આસો સુદ એકમે એમના ઘરે એક પુત્રરત્નનો જન્મ થવા પામ્યો. ધર્મ એવું ધન છે, જે આ ભવમાં તો લૌકિક-આધ્યાત્મિક આબાદીનું સર્જક બને જ, પણ ભવોભવ સુધી પણ એ પરંપરાને આગળ વધારવા એની સમર્થતા શક્તિશાળી નીવડ્યા વિના ન જ રહે.

ભગવાનના ભોમિયા સમા ભક્તો-સંતો આજે ખૂટતા ચાલ્યા છે, ત્યારે બાલાશાહ જેવા પ્રેરણાનું પાન કરનારાઓનો પણ આજે સુકાળ ક્યાંથી હોય ? શેઠ-શાહુકાર કે સમ્રાટ-સોદાગરોની શેહ-શરમમાં તણાયા વિના, ગોર નહિ ગુરુ સમું કર્તવ્ય અદા કરનારા ભગતોનો જ્યારે સુકાળ સરજાવા માંડશે, ત્યારે વઢવાણ વગેરે બેંતાલીશ બેંતાલીશ ગામનું ધણીપણું મળવા છતાં મૂંઝવણમાં માર્ગદર્શન મેળવવા ભગત જેવા ભગવાનના ભોમિયાને યાદ કરનારા બાલાશાહ જેવાનો દુકાળ પણ સુકાળમાં પલટાઈ ગયા વિના રહેશે ખરો ?

## કેવી એ ખુમારી, પ્રતિભા અને સત્ય-નિષ્ઠા !

## ૧૨

ભારતીય-સંસ્કૃતિની ખુમારી અને ખમીરીના ખજાના સમા સુભાષચન્દ્ર બોઝ એક નામ-કામ તરીકે ઈતિહાસમાં અંકિત છે. ભારતીયતાની ખમીરી અને ખુમારી ઉપરાંત એમનામાં સાહસ-પરાક્રમ અને પ્રજ્ઞાનો પણ કેવો સુમેળ-સંગમ સધાયો હતો, એની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ જાણવા જેવો છે. કહેવાતી આઝાદીના આંદોલનને વેગ આપીને વિશ્વવ્યાપક બનાવનારા બહાદુર તરીકેનું બહુમાન પામનારા સુભાષ બોઝ જ્યારે આઈ.એ.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા, એ દિવસોમાં બનેલો આ એક પ્રસંગ છે.

આઈ.એ.એસ.ની અગ્નિપરીક્ષામાં ઉત્તીર્ણ થવું, એ જ તો પહેલાં કઠિન ગણાય, આ કઠિનતાનો સાગર તરી જવાય, તોય આ પછી સરકારી-સર્વિસ મેળવવા માટે 'ઈન્ટરવ્યૂ' ની પરીક્ષામાં તો એ જ પાસ થઈ શકે કે, જેનામાં સાહસ, અભ્યાસ, હાજરજવાબી, કોઠાસૂઝ અને પ્રતિભા-પ્રજ્ઞા આદિની સવિશેષ ખિલવટ થવા પામી હોય.

સુભાષ બોઝ અનેરા આત્મ-વિશ્વાસ સાથે ઈન્ટરવ્યૂ આપવા ગયા, ભેજાનું દહીં થઈ જાય, એવા કઠિનાતિકઠિન એક એક પ્રશ્નના પૂરને સામી છાતીએ તરી જવામાં જ જ્વલંત સફળતા વરેલા બોઝની બુદ્ધિમત્તા પર મનોમન ખુશ થઈ ગયેલા પરીક્ષકે બોઝને મૂંઝવી મારવા માટે એક એવો અટપટો પ્રશ્ન પૂછ્યો કે, જેની કોઈને કલ્પનાય ન આવી શકી

હોય. પરીક્ષકે અગ્નિ-પરીક્ષાને વધુ જ્વલંત બનાવતાં જુસ્સાપૂર્વકની અદાથી પોતાની આંગળીમાંની વીંટી કાઢીને ટેબલ પર મૂકી અને પછી કહ્યું કે, મિસ્ટર બોઝ ! આ વીંટીમાંથી તમે પસાર થઈ જઈ શકો ખરા ?

અણધાર્યા આવા પ્રશ્નથી જરાય ડઘાયા કે ડગમગ્યા વિના સુભાષ બોઝે જવાંમર્દીપૂર્વક જવાબ વાળ્યો કે, આ વીંટીમાં તો ઘણી જ જગ્યા છે, પણ માત્ર નાનકડું કાણું હોય, તોય એમાંથી પસાર થઈ શકવા હું સમર્થ છું. 'મિસ્ટર બોઝ !' આટલું સંબોધન કરીને પછી હાકલ અને પડકારની ભાષામાં પરીક્ષકે હુકમ કર્યો કે,તો તો આ વીંટીમાંથી તમે પસાર થઈ જાવ ! હું એ જોવા માંગું છું કે, કઈ રીતે તમે આ વીંટીને વીંધીને નીકળી શકો છો ?

આ પડકારને ઝીલી લેતાં સુભાષ બોઝે કાગળની એક કાપલીમાં પોતાનું નામ ટપકાવ્યું અને એ કાપલીને ગોળ વાળી દીધી. વીંટીના કાણામાંથી એ કાપલીને પસાર કરાવીને પછી એ કાપલી પરીક્ષકના હાથમાં મૂકતાં સુભાષ બોઝે કહ્યું કે, જુઓ, હું પસાર થઈ ગયો કે નહિ ? પરીક્ષક એમ કંઈ ગાંજ્યા જાય એમ નહોતા. એમણે કહ્યું કે, મેં કંઈ આ કાપલીને પસાર કરવાનો પ્રસ્તાવ નથી મૂક્યો, મારો પ્રસ્તાવ તો સુભાષ બોઝને આ વીંટીમાંથી પસાર થવાનો હતો.

વળતી જ પળે બોઝે કહ્યું કે, કાપલીને ખુલ્લી કરો, જેથી તમને તમારો જવાબ મળી જશે. પરીક્ષકે કાપલી પહોળી કરીને એમાં લખેલા શબ્દો મોટેથી વાંચવા માંડ્યા : સુભાષચન્દ્ર બોઝ ! આટલું વાંચીને પરીક્ષકે પ્રશ્નસૂચક નજરને બોઝ તરફ લંબાવી, ત્યારે બોઝે કહ્યું કે, આપના પ્રસ્તાવ મુજબ સુભાષ બોઝ તરીકે હું આ વીંટીમાંથી આબાદ પસાર થઈ ગયો કે નહિ ?

સુભાષચન્દ્ર બોઝનો આ સવાલ વેધક અને સચોટ હતો, એથી પરીક્ષક ક્યાંથી એનો પ્રતિકાર કરી શકે ? અક્ષરાત્મક સુભાષચન્દ્ર બોઝ

તો વીંટીમાંથી પસાર થઈ જ ગયા હતા. આમાં તો જરાય શંકા જેવું જ શું હતું ? ઈન્ટરવ્યૂમાં સો ટકા માર્ક મેળવનાર તરીકે સુભાષચન્દ્ર બોઝને બિરદાવતાં પરીક્ષક પ્રસન્ન બની ઊઠ્યા.

સ્થાપના-નિક્ષેપાની જે ઉપકારકતા-ઉપયોગિતા જૈનશાસન કાળ અનાદિથી સિદ્ધ કરતું આવ્યું છે અને એથી જ એનો ઉપકાર-ઉપયોગ ત્રિકાળ અને ત્રિલોક વ્યાપક રહ્યો છે, એની સચોટ પ્રતીતિ જાણ્યે-અજાણ્યે કરાવવામાં સુભાષચન્દ્ર બોઝે પણ આ રીતે પોતાની નિમિત્તમાત્રતા નોંધાવવા દ્વારા જૈનશાસનના જ એક અકાટ્ય-સિદ્ધાંતનો જયજયકાર કર્યો, એમ ન કહી શકાય શું ?

એક વખતે પરીક્ષા ટાણે સુભાષ બોઝ કેવી અગ્નિ પરીક્ષામાં મુકાઈ ગયા, અને છતાં એમાં કેવી જ્વલંત સફળતા-પૂર્વક તેઓ સમુત્તીર્ણ થયા, એ જાણીએ, તો એમ લાગ્યા વિના નહિ જ રહે કે, ધગધગતી ધગશ, તગતગતી તાકાત, ઉછાળા મારતો ઉત્સાહ, સત્યને સાફ સાફ સુણાવી દેનારી સાહસિકતા અને દાવાનલ જેવી દેશદાઝ ઉપરાંત ભારતીયતા તરફ ભરતીની જેમ વધતી ભક્તિ : આ અને આવી વિશેષતાઓનો એ સુકાળ, ઉખર જેવી ભાસતી ભારતની આ ભૂમિ પર હવે પુનઃ ક્યારે સરજાશે !

મૌખિક પરીક્ષા પૂર્ણ થતાં એક લેખિત પ્રશ્ન-પેપર સુભાષ બોઝને આપવામાં આવ્યું. એમાં એક અંગ્રેજી વાક્ય એવા ભાવનું દર્શાવ્યું હતું કે, જેનું ભાષાંતર કરવા એમ લખવું પડે કે, 'ભારતીય સૈનિકો મોટેભાગે અપ્રમાણિક હોય છે.' આવા અંગ્રેજી વાક્યવાળું પ્રશ્નપત્ર હાથમાં આવતાંની સાથે જ સુભાષ બોઝનો પુણ્ય-પ્રકોપ ભડભડી ઊઠ્યો. ભ્રૂકુટિ તાણીને એમણે રાડ પાડી : આ પ્રશ્નપત્ર જ રદબાતલ થવું જોઈએ. કેમ કે આમાં રજૂ થયેલું વિધાન જ સરાસર જુઠ્ઠું છે. એથી એનો અનુવાદ કરવા દ્વારા પણ મારાથી એ વિધાનને ટેકો કઈ રીતે આપી શકાય ?

સુભાષ બોઝના આવા પુણ્ય-પ્રકોપની ઝાળથી બચવા પરીક્ષકે

જણાવ્યું કે, બોઝ ! તમારે આ તો એક અંગ્રેજી-વાક્યનો માત્ર અનુવાદ જ લખવાનો છે. આ વાક્યનું વિધાન સાચું છે કે જુઠ્ઠું છે, એની પર તમારે ક્યાં અભિપ્રાય આપવાનો છે ? માટે પ્રશ્ન-પેપર પૂરતા અનુવાદની આ બાબતને રજની ગજ કરવી રહેવા દો. અંગ્રેજી એ વાક્યનું વિધાન સાચું છે કે ખોટું ? એ અમે તમારી પાસેથી કબૂલાવવા માંગતા પણ નથી અને અમે એ વાક્ય તમારી પર ઠોકી બેસાડવા પણ માંગતા નથી. અમે જો એમ પૂછવા માંગતા હોઈએ કે, આ વિધાન સાચું છે કે ખોટું ? તો તમારો આ પુણ્ય-પ્રકોપ હજી કંઈક વાજબી ગણાય. બાકી આટલા મુદ્દે તમે તમારી કારકિર્દીને ધૂંધળી ન જ બનવા દો, એમ અમે તમારા ભાવિ-હિતની દૃષ્ટિએ અનુરોધપૂર્વક જણાવીએ છીએ.

સુભાષ બોઝ હવે કંઈ ઝાલ્યા રહે ખરા ? એમણે સિંહનાદે કહ્યું કે, અંગ્રેજી વાક્યનો જે રીતે અનુવાદ થતો હોય, એથી વિપરીત અનુવાદ હું લખી ન શકું અને સાચો અનુવાદ લખું, તો હડહડતા એક જૂઠાણાને મેં ટેકો આપ્યો ગણાય ! માટે આ પ્રશ્નપત્ર રદ કરવું જ પડશે. નહિ તો આ પરીક્ષાને જ રદ કરતા મને કોઈ રોકી શકે એમ નથી. પાસ થઈને સૈનિકોની અસ્મિતા પર આગ ચાંપવાનો રાષ્ટ્ર-દ્રોહ હું તો નહિ જ કરી શકું ! ચોખ્ખેચોખ્ખું આટલું સંભળાવી દેવાપૂર્વક એ પ્રશ્નપત્રને ફાડી નાંખીને અને એ પરીક્ષા-ખંડનો ગૌરવભેર ત્યાગ કરીને સુભાષ બોઝ ચાલી નીકળ્યા, પણ ખોટી વાત પર ખોટું મત્તું તો સુભાષ બોઝે ન માર્યું, તે ન જ માર્યું. પારકી લેખણ અને પારકી શાહી લઈને મત્તું મારી આવનારા માવજીભાઈઓ આજે ધર્મ-કર્મના ક્ષેત્રે કેટલાંય સુવર્ણાક્ષરી સત્યો પર કાજળનો કૂચડો ફેરવી રહેલા જોવા મળે છે, ત્યારે સુભાષ બોઝની આવી સત્ય-નિષ્ઠામાંથી બોધ લેનારો બહાદુરનો કોઈ બેટો જાગશે અને પાકશે ખરો ?

# ભારતીય પહેરવેશની વફાદારી

## ૧૩

એક યુગમાં એમ કહેવાતું કે,દેશ ન છોડવો, વેશ તો ન જ છોડવો, ગમે તેવા વિકટ સંયોગો ઊભા થાય તોય ભૂષા અને ભોજનની મૂળભૂત મૌલિક સંસ્કૃતિને મક્કમતાપૂર્વક વળગી રહેવાની ટેકને તો પ્રાણાંતેય ટકાવી જ રાખવી ! કદાચ દેશનો ત્યાગ કરીને દેશાંતર સ્વીકારવા મજબૂર બનવું પડે, તોય સંસ્કૃતિના આવા સંસ્કારોને સુસ્થિર રાખવાના કારણે માણસે ટકાવી રાખેલ વેશભૂષા અને ભોજનના આધારે એ જે દેશના હોય, એ દેશની ઓળખાણ તો સહેજે સહેજે મળી ગયા વિના ન જ રહે.

બ્રિટિશ શાસન ચાલતું હતું, એ દિવસોની આ વાત છે. અંગ્રેજો અને અંગ્રેજિયત જ્યારે આંધીની જેમ ચોમેર ફેલાઈ રહી હતી, ત્યારે પણ થોડાઘણા એવા સંસ્કૃતિપ્રેમીઓ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શક્યા હતા કે, કોઈ ચેપની જેમ શૂટપેન્ટના પહેરવેશનો ફેલાતો જતો ફેલાવો ધોતી-ખમીસના ભારતીય પોશાક ઉપર સંપૂર્ણ હાવી ન બન્યાની પ્રતીતિ થાય, ત્યારે પણ એ સંસ્કૃતિ પ્રેમીઓએ ભારતીય પહેરવેશની વફાદારી જાન સાટે જાળવી જાણી હતી. ભારતીય સંસ્કારોનું આવું જતન કરનારાઓમાં ત્યારે લોકમાન્ય તિલકનાં નામકામ અગ્રગણ્ય હતાં. ગમે તેવા નાના-મોટા પ્રસંગે હાજરી આપવાની હોય, તોય તેઓના શરીર પર ધોતિયું-કોટ અને દક્ષિણી-પાઘડી જ અચૂક જોવા મળતી.

ભારતીયતાના આવા દૃઢ-આગ્રહી હોવા છતાં લોકમાન્ય તિલકની અદબ ને આમન્યા વાઈસરોય જેવા પણ જાળવતા. એક વાર એમના તરફથી બીજા-બીજાઓની જેમ તિલકને પણ એક પ્રસંગે પધારવાનું આમંત્રણ પાઠવવામાં આવ્યું. જે પ્રસંગમાં નિમંત્રક તરીકે વાઈસરોય જેવી વગદાર સત્તા હોય, ત્યારે કોણ એ આમંત્રણને આવકાર્યા વિના રહે ? અને પોતાના વટ બતાવવા-જમાવવા શૂટપેન્ટમાં સજ્જ થવા દ્વારા વાઈસરોયના પ્રસંગની શોભામાં ચાર ચાંદ લાગી જાય એવી વેશભૂષા કરવામાં કોણ થોડીય મણા કે કમીના રાખે ?

વાઈસરોયનું આમંત્રણ ઘણા અગ્રણીઓને ત્યાં ગયેલું. એમને જ્યારે ખબર પડી કે, લોકમાન્ય તિલક પણ વાઈસરોય દ્વારા નિમંત્રિત કરાયા છે. ત્યારે સૌને એમ લાગ્યું કે, વગદાર સત્તાનું આમંત્રણ હોવાથી લોકમાન્ય તિલક પોતાના ભારતીય પહેરવેશને વળગી રહેવાની ચુસ્તતા આટલા પૂરતી તો અળગી મૂકી જ દેશે અને શૂટપેન્ટમાં સજ્જ થઈને જ આવશે.

આયોજિત પ્રસંગની પળો નજીક આવતાં જ એ બધા આમંત્રિતો શૂટપેન્ટમાં સજ્જ બનીને વાઈસરોયના નિવાસ-સ્થળ ભણી ચાલી નીકળ્યા. સૌની નજર લોકમાન્યને નિહાળવા તલપાપડ બની હતી. બધાની જે ધારણા હતી, એને ધૂળમાં મેળવી દેતાં પહેરવેશમાં લોકમાન્યનું દર્શન થતા જ સૌને એવી આશંકા જન્મી કે, શું લોકમાન્યને વાઈસરોયના પ્રસંગમાં પ્રવેશ મળશે ખરો ? જ્યાં ચોમેર શૂટપેન્ટનો ભભકો સૌની આંખોને આંજી રહ્યો છે, ત્યાં એ ભભકામાં ભંગ અને ભંગાણ સરજનારા લોકમાન્યની અદબ-આમન્યા અને આદરસત્કાર જળવાઈ જાય તો સારું !

શૂટ-પેન્ટમાં સજ્જ થનારાઓએ જે આશંકા સેવી હતી, એ અચૂક સાચી સાબિત થઈ. પોત-પોતાને મળેલું આમંત્રણ-પત્ર સૌ દર્શાવતા ગયા અને વાઈસરોય દ્વારા આયોજિત પ્રસંગમાં પ્રવેશ પામતા ગયા. એમાં એકમાત્ર લોકમાન્ય તિલકના શરીર પર જ ભારતીય પહેરવેશ

જોવા મળતાં ચોકીદારે લોકમાન્ય તિલકના હાથમાં એ આમંત્રણ પત્ર પરત કરતાં કહ્યું કે, મિસ્ટર ! તમને પ્રવેશ નહિ મળી શકે, કારણ કે આવો દેશી પહેરવેશ પહેરીને વાઈસરોયના પ્રસંગમાં હાજરી આપવી, એ તો એમનું અપમાન ગણાય.

'સ્વરાજ અમારો જન્મસિદ્ધ હક્ક છે' આવો સિંહનાદ ગજવનારા લોકમાન્ય તિલક ચોકીદારની આવી અને આટલી જ ચેતવણીના ચાકર થઈ જઈને કંઈ પારોઠનાં પગલાં ભરી દે ખરા ? એમણે સત્ત્વપૂર્વક ખુમારીભેર જવાબ વાળ્યો કે, મને વાઈસરોયે આમંત્રણ પાઠવ્યું છે, માટે હું આવ્યો છું. તમારી આવી ચેતવણી સાંભળીને ભારતીય-વેશની વફાદારીથી વિચલિત બની જાઉં, એવો કાયર કે કાચોપોચો હું નથી. માટે મારો એક પત્ર વાઈસરોયને તમારે પહોંચાડવો પડશે. એમનો જ જવાબ મને અપેક્ષિત છે.

ખુમારીપૂર્વકનો આ જાતનો જવાબ સાંભળીને ચોકીદારનો ઠસ્સો ઊતરી ગયો. એણે કહ્યું કે, આપનો પત્ર વાઈસરોય સમક્ષ રજૂ કરવાની જવાબદારી અદા કરવાની મારી તૈયારી છે. આ સાંભળીને તિલકે એક કાગળ પર થોડા પણ ચોટદાર શબ્દો ટપકાવતાં લખ્યું કે,

માનનીય વાઈસરોય ! આપે મને આમંત્રણ પાઠવ્યું છે, એવી મારી સમજણ છે. મારા પહેરવેશને જ આપ આમંત્રવા માંગતા હો, તો એનો અસ્વીકાર કરવામાં હું ગૌરવ સમજું છું. માટે ખુલાસારૂપે એવો જવાબ આપવા વિનંતી કે, આપે મને આમંત્રણ પાઠવ્યું છે કે મારા પોશાકને ?

લિ. તિલક

આ પત્ર વાંચીને પછી વાઈસરોયે ચોકીદાર પાસેથી બધી વિગત જાણી લીધી અને પછી એને કહ્યું કે, બધે જ કંઈ એકસરખો ન્યાય કે નિયમ લાગુ પાડવાનો ન હોય. આ પત્ર લખનારને માનભેર પ્રવેશ આપવા દ્વારા થયેલી ભૂલને તારે સુધારી લેવી જ રહી.

વાઈસરોય પાસેથી મૌખિક જવાબ મેળવીને પાછા ફરેલા ચોકીદારે વિનયાવનત બનીને લોકમાન્ય તિલકને વિનંતી કરી કે, આપ ખુશીથી પધારો !

લોકમાન્ય તિલકને ભારતીય વેશ-પહેરવેશમાં સન્માનભેર પ્રવેશતા જોઈને સૌની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. લોકમાન્યે જેની કલ્પના કરી જ રાખી હતી, એવી આ ફલશ્રુતિ સૌને માટે તો અણધારી જ નહિ, ધારણા બહારની હોવાથી ધારણાતીત ગણી શકાય એવી હતી.

જેના ભાલે સંસ્કૃતિ આ રીતે તિલક બનીને ચમકતી હતી અને ભારતીયતા પહેરવેશ બનીને દમકતી હતી, એવા લોકમાન્ય-તિલકો જો મોટા પ્રમાણમાં પેદા થયા હોત, તો તો ધોતી-કોટ પર હાવી થનારા પેન્ટ-શર્ટનું આંધી જેવું આક્રમણ ઠીકઠીક અંશે અવશ્ય ખાળી શકાયું હોત. આ તો જોકે 'જો-તો'ની માત્ર કલ્પના-સંભાવના જ છે. બાકી આજે જોવા મળતી વ્યાપક વાસ્તવિકતા તો એવી દુઃખદ છે કે, ભારત છોડીને ગયેલો એક પણ અંગ્રેજ ધોતિયું પહેરીને ગયો નહિ, જ્યારે ભારત છોડી જવાનો દેખાવ કરનારા અંગ્રેજો અંગ્રેજિયતને એવી સજ્જડ રીતે ઘુસાડતા ગયા કે, જેથી આજનો લગભગ સમસ્ત ભારતીય-સમાજ અંગ્રેજી શિક્ષણ લેવાપૂર્વક શૂટપેન્ટમાં જ સજ્જ જોવા મળી રહ્યો છે.

## શાહુકાર શિરોમણિ બહારવટિયો

## ૧૪

ચુંવાળ પ્રદેશમાં જ્યારે રામપુરા-ભંકોડાના નામે ઓળખાતા ગામની મુખ્યતા હતી તેમજ જ્યારે મહાજન તરીકે શેઠ ચકુભાઈ મોતીચંદનાં નામ-કામ એકી અવાજે વખણાતાં હતાં, એ સમયની આ એક ઘટના છે. એ દિવસોમાં બહારવટિયા તરીકે મીરખાનું નામ ખૂબ ખૂબ કુખ્યાત હતું. એ એવો કુખ્યાત બહારવટિયો હતો કે, સવારના પહોરમાં એનું નામ લેવામાં કોઈ રાજીપો અનુભવતું નહોતું. પોતાની હાકધાકથી એણે એવો તો સોપો પાડી દીધો હતો કે, લૂંટફાટ માટે આવતા એનું નામ સાંભળીને જ સૌ સ્તબ્ધ બની ગયા વિના ન રહેતા. પણ એની ભીતરી દુનિયામાં એક 'શાહુકાર-શિરોમણિ' સૂતો હતો, એનો સાક્ષાત્કાર કરાવતો આ એક પ્રસંગ છે.

બહારવટિયા તરીકે એનામાં ગુણ ગણો તો ગુણ અને દોષ ગણો તો દોષ એ હતો કે, એ ક્યાંય પણ છાનીછપની રીતે લૂંટફાટ કરવા તૂટી ન પડતો. સિંહ ત્રાડ પાડ્યા પછી જ શિકાર માટે આક્રમક બને, એ રીતે જાસાચિઠ્ઠી મોકલ્યા વિના મીરખા ક્યાંય ધાડ ન પાડતો. સૂતેલા ગામને જાસા દ્વારા જગાડીને પછી જ એ લૂંટફાટ ચલાવતો, એનામાં ગુણ-દોષ જે ગણો, તે આ જાતની ટેક હતી, એથી કોઈને ક્યારેય ઊંઘતા ઝડપાઈ જવાનો વારો ન આવતો.

મીરખાએ ઘણા ઘણા ગામોમાં લૂંટફાટ ચલાવી હતી, પરંતુ રામપુરા-

ભંકોડામાં એણે લૂંટ માટે હજી પગ નહોતો મૂક્યો, એથી રામપુરા નિશ્ચિતતા માણી રહ્યું હતું. એમાં એક દહાડો અચાનક જ મીરખાને રામપુરાની સમૃદ્ધિની સ્મૃતિ થઈ આવી. એણે દિવસ નક્કી કરી નાખીને રામપુરાને લૂંટવા માટેની એક જાસાચિઠ્ઠી નગરશેઠ ચકુભાઈના નામે લખીને રવાના કરી દીધી. એ દિવસોમાં એનો પડાવ નજીકના ગલોદર ગામની આસપાસમાં જ હતો.

મીરખા વર્ષોથી લૂંટફાટ ચલાવતો હતો, પરંતુ રામપુરા-ભંકોડા પર એની કૂડી નજર હજી સુધી કતરાઈ ન હતી, એથી નગરજનો એકદમ નિશ્ચિંત હતા, ત્યાં અચાનક જ જાસાચિઠ્ઠી આવતાં રામપુરા ફફડી ઊઠ્યું, પરંતુ નગરશેઠ તરીકે ચકુભાઈ શેઠે તો જરાય ગભરામણ ન અનુભવી. જાસાચિઠ્ઠી વાચતાં જ નગરરક્ષાના કર્તવ્ય કાજે કટિબદ્ધ બની જવાનો વિચાર નગરશેઠને આવ્યો. એથી ઝાઝી હોહા કર્યા વિના થોડા ડાહ્યા માણસો સાથે મસલત કરીને એમણે રામપુરાની રક્ષા કરવાનો મક્કમ નિર્ણય લઈને એ માટેની કાર્યાવાહી પ્રારંભી દીધી.

મીરખાએ જાસામાં જે દિવસ જણાવ્યો હતો, એ કંઈ બહુ દૂરનો દિવસ ન હતો. એથી ટૂંકી રાતમાં ઝાઝા વેશ ભજવવા પડે એમ હતા. સૌ પ્રથમ તો ચકુભાઈ શેઠે સહુ હેરત અનુભવે, એ જાતનો એવો નિર્ણય કર્યો કે, મારે આ અંગે મીરખા-બહારવટિયા સાથે રૂબરૂ મુલાકાત લેવી. અને પછી એને સમજાવવો કે, રૂપિયાની તારી જેટલી ભૂખ હોય, એ પૂરેપૂરી સંતોષી દેવાની મારી તૈયારી છે, પંરતુ હું હયાત હોઉં અને મારી નજર સમક્ષ રામપુરા લૂંટાય, એને હું કોઈપણ ભોગે બરદાસ્ત ન કરી શકું.

ચકુભાઈ શેઠમાં જેવી ઉદારતા હતી, એવી જ વીરતા હતી, આટલું જ નહિ, ઉદારતા અને વીરતાનો ગુણ એમનામાં સ્પર્ધાપૂર્વક આગળ વધવા મથી રહ્યો હતો, એથી જ આવું સાહસિક પગલું ઉઠાવવા તેઓ તૈયાર થયા હતા. ઘણા બધાને થયું કે, આવી માંગણી વળી મીરખા

સ્વીકારે ખરો ! એથી શેઠની વાત પર થોડોઘણો પણ વિચાર કર્યા વિના જ એ રોકડું સંભળાવી દેશે કે, મારી આગળ આવી સોદાગીરી કરવા આવ્યા છો શેઠ ? હાલતા થાવ, હાલતા ! હું કંઈ વાણિયો નથી, હું તો બહારવટિયો છું. બહારવટિયો તો બાહુબળે મેળવવાની જ ટેક ધરાવતો હોય.

શેઠને વિશ્વાસ હતો કે, વીરતા અને ઉદારતા જોઈને મીરખા જરૂર વિચાર કરતો થઈ જશે અને એથી રામપુરાની રક્ષા કરવાની મારી ભાવના પણ જરૂર સફળ થશે જ. નગરશેઠ તરીકે ચકુભાઈના દિલમાં એવી લાગણી લહેરાઈ રહી હતી કે, મારું ધન આ રીતે રામપુરાની રક્ષામાં ઉપયોગી થાય, એથી વળી વધુ રૂડું શું ? મીરખાની ધનભૂખ આકાશ જેવી અનંત તો નહિ જ હોય ને ? માટે બહારવટિયા તરીકે જાળવવા જોગી રીતિ-નીતિમાં માનનારો મીરખા મારા મનોરથને માટીમાં નહિ જ મળવા દે.

મીરખા લૂંટફાટના દિવસોમાં જાસાચિઠ્ઠી મોકલીને પછી નિશ્ચિંત બની જતો. પછી તો એને બીજું કંઈ વિચારવાનું જ ન રહેતું, જાસામાં જણાવેલ સમયની જાળવણી સિવાય બીજું કશું જ એના માટે ખાસ ધ્યાન રાખવા જેવું ન રહેતું. એનો આજ સુધીનો અનુભવ આવો હતો. એથી રામપુરાના શેઠ પર પાઠવેલ જાસાના જવાબની એણે જરાય અપેક્ષા રાખી ન હતી, ત્યાં બીજા જ દિવસે એકાએક જ ચકુભાઈ શેઠને થોડાક સાગરીતોની સાથે ગલોદર ગામના પાદરે પડાવ નાખીને રહેલા પોતાની સમક્ષ આવતા જોઈને મીરખા એકદમ વિચારમાં પડી ગયો. એને થયું કે, આ શું ? આ રીતે મારી પાસે આવવાની હિંમત કરનારું હજી સુધી કોઈ જ નીકળ્યું નથી. માટે રામપુરાના આ શેઠને તો મારે સૌ પ્રથમ આવા સાહસ બદલ ધન્યવાદ આપવા જ જોઈએ.

મીરખાએ જરાય ડઘાઈ ગયા વિના શેઠને આવકાર્યા : પધારો શેઠ, પધારો ! મેં તમને જોયા નથી, પણ આવું વ્યક્તિત્વ જોઈને હું અનુમાન

કરી શકું છું કે, રામપુરાના નગરશેઠ ચકુભાઈ આપ જ હોવા જોઈએ.

મીરખાનો ચહેરો-મહોરો ડરામણો હતો. શેઠે પણ મીરખાને ક્યારેય જોયો ન હતો. પણ ચહેરાના આધારે કળી જઈને શેઠે પણ જરાય ગભરાયા વિના હસતાં હસતાં કહ્યું કે, તમારું આમંત્રણ મળ્યું, એટલે મળવા તો આવવું જ જોઈએ ને ? મીરખાને એ સમજતાં વાર ન લાગી કે, પોતે પાઠવેલ જાસાચિઠ્ઠીને આમંત્રણ-પત્રિકા સમજનાર આ વ્યક્તિત્વ જેવું તેવું તો ન જ હોઈ શકે ! એથી અદબ જાળવવાપૂર્વક એણે કહ્યું: શેઠ ! આપ કોઈ પ્રયોજન વિના તો આમ પધારો જ નહિ, જાસાચિઠ્ઠીને આમંત્રણ-પત્રિકા ગણનારા આપના જેવા વ્યક્તિત્વના આજે મને પહેલી જ વાર દર્શન થઈ રહ્યાં છે.

મીરખાના શબ્દોમાં અહોભાવ છલકાતો હતો, એથી શેઠને થયું કે, મારી ભાવના વાંઝણી નહિ જ રહે. ધન જરૂર જતું કરવું પડશે, પણ રામપુરાનું રક્ષણ જરૂરી કરી શકાશે. શેઠે સીધી જ વાત શરૂ કરતાં કહ્યું કે, હું જીવતોજાગતો બેઠો હોઉં અને મારી નજર સમક્ષ રામપુરા લૂંટાય, તો એથી બહારવટિયા તરીકે તારી-મીરખાની આબરૂમાં તો ચાર ચાર ચાંદ લાગે, પણ મારી આબરૂની ધૂળધાણી થઈ જાય એનું શું ? આજ સુધીની મારી કીર્તિ-કમાણીને ધૂળધાણી થતી અટકાવવા જ હું અહીં આવ્યો છું. બોલ, હું કેટલા મણ રૂપિયાનો અહીં ખડકલો કરી દઉં, તો તું રામપુરાને રગદોળ્યા વિના જ અન્યત્ર ચાલ્યા જવા વચનબદ્ધ બને ! તારી ધનની ભૂખ સંતોષવાની મારી પૂરેપૂરી તૈયારી છે. પણ મારી શરત એક જ છે કે, રામપુરા રગદોળાવું ન જોઈએ. માટે બોલી જા કે, કેટલા મણ રૂપિયાની તને અપેક્ષા છે ?

રામપુરાને લૂંટાતું રોકવા માટે આ રીતે પોતાને લૂંટાવી દેવા તૈયાર થયેલા રામપુરાના નગરશેઠ ચકુભાઈ પર મીરખા અંતરથી ઓવારી ઊઠ્યો. નગરશેઠાઈની શાન જાળવવા આ રીતે મણમાં જોખીને રૂપિયાની રાશિને ઢેફાના ઢગલાની જેમ જતો કરનાર કોઈ શેઠ-શાહુકાર આજ

સુધી મીરખાએ સાંભળ્યો જોયો ન હતો. એથી ચકુભાઈની આ ઉદારતા જોઈને, એનો ઉછાળા મારતો લક્ષ્મીલોભ સાવ જ શમી ગયો. એણે કહ્યું કે, શેઠ ! તમારી કીર્તિ-કમાણીને ધૂળધાણી ન થવા દેવા હું વચનબદ્ધ બનું છું. પણ એક એવી શરતે કે મણ રૂપિયાની વાત તો જવા દો, પરંતુ પાવલી જેટલો પૈસો પ્રણ મારે ન ખપે. તમારા તરફથી ભલે મણ રૂપિયા આપવાની ઉદારતા દર્શાવાઈ, પણ મારું દિલ પાવલી સ્વીકારવા પણ તૈયાર નથી. આટલી મારી વાત જો માન્ય રાખતા હો, તો શેઠ ! તમારી વાતને શિરોધાર્ય કરવા હું તૈયાર છું.

મીરખાની આંખ છલકાઈ ઊઠી હતી અને એનું હૈયું ગદ્‌ગદ બની ગયું હતું. એથી એ વધુ બોલી ન શક્યો. આવી જ પરિસ્થિતિ શેઠની હતી. લૂંટારા તરીકે કુખ્યાત મીરખાના મનની મહેલાતમાં મહાલતી આવી મોટાઈનું સાક્ષાત્ દર્શન પામીને એઓ એ સચ્ચાઈ સ્વીકારવા તૈયાર ન હતા કે, આ બહારવટિયો છે અને લૂંટફાટ જ આનું જીવન છે ! આ રીતે અહોભાવિત બનેલા ચકુભાઈ શેઠે મીરખાને કહ્યું : બધા તને બહારવટિયો ગણે છે, પણ મને તો અત્યારે તારામાં શાહુકાર-શિરોમણિ લૂંટારાનું દર્શન થાય છે. મને લાગે છે કે, તારી મહાનતા આગળ ભલભલાની મોટાઈને પણ પાણી ભરવા મજબૂર બનવું પડે એમ છે.

શેઠે અહોભાવિત બનીને વધારામાં કહ્યું કે, મીરખા ! સંતો અને શેઠ-શાહુકારોની નેકી અને નીતિ જ કંઈ આ ધરતીને ટકાવનારું પરિબળ નથી, તારા જેવા બહારવટિયાની આવી ટેક પણ નિરાધાર આ ધરતીને ટકાવી રાખનારો એક પ્રબળ ટેકો જ છે. મારે તો પાઈ પણ જતી કરવી પડી નથી, પણ તેં તો મારી આબરૂને અણનમ રાખવા લાખોની લક્ષ્મીને જતી કરી છે. માટે મારે મન તો તું શાહુકાર શિરોમણિ જ નહિ, રામપુરાનો રક્ષણહાર પણ છે. તારા જેવો આવો રખેવાળ મળ્યા પછી હવે રામપુરાને કોઈનો ભય રાખવાનો હોય ખરો ?

નગરશેઠ અને મીરખા એકબીજાને છાતીસરસા ભેટીને છૂટા પડ્યા. આ ઘટના જ્યારે રામપુરા-ભંકોડાએ પૂરેપૂરી સાંભળી, ત્યારે તો નગરશેઠના રૂપમાં પોતાને સર્વતોસંરક્ષક અભય-કવચ મળ્યાનો સંતોષ આખા નગરે અનુભવ્યો.

૧૯૮૨માં ૫૪ વર્ષની વયે જ અવસાન પામેલા શેઠ ચકુભાઈની હવેલી હજી થોડાં વર્ષો પૂર્વે અડીખમ ખડી રહીને એમના ગૌરવગાન ગાઈ રહી હતી, આજે પણ એમના 'કીર્તિ કેરા કોટડાં પાડ્યાં નવિ પડંત'ની કહેવતને સાર્થક કરતી યશોગાથા અનવરત ગવાઈ જ રહી છે, એમ આ ઘટના જાણ્યા બાદ ન કહી શકાય શું ?

## બનાવટની બાજી ઊંધી વાળતો સોનામહોરનો સાદ

## ૧૫

ન્યાય મેળવવા માટે થોડાં વર્ષો પૂર્વે આજના જેવી કાયદા-કોર્ટની કાંટાળી, કંટાળાજનક તેમજ સમય-સંપત્તિનો બેફામ બગાડ કરાવતી લાંબીલચ પ્રક્રિયામાંથી પસાર થવું પડતું નહોતું, તો પણ ત્યારે રાજવીઓ દ્વારા જે ન્યાય મળતો, એ કેટલો બધો તર્કસંગત અને પાછો ઝડપી રહેતો, એની પ્રતીતિ કરાવતો આ એક પ્રસંગ કાશ્મીર રાજ્યમાં બનવા પામ્યો હતો.

ત્યારે કાશ્મીર સમ્રાટ તરીકે રાજવી ઉચ્ચલની ભારે નામના કામના ફેલાયેલી હતી. એમની ન્યાય-નિપુણતા અને નિષ્ઠા પણ એટલી જ પ્રખ્યાત હતી. એક વાર એમના દરબારમાં ન્યાય તોળવાની માંગણી કરતો વિચિત્ર કિસ્સો ઉપસ્થિત થયો. એક શ્રેષ્ઠી અને વેપારી દરબારમાં ન્યાય માંગવા ખડા થયા. વેપારીની ફરિયાદ એવી હતી કે, આ શ્રેષ્ઠીની પેઢીમાં પોતે મૂકેલી ૧૦ હજાર સોનામહોરોની થાપણમાંથી ઘણી બધી સુવર્ણમુદ્રાઓની ઉચાપત થઈ જવા પામી છે. એ થાપણમાંથી એકાદ પણ સુવર્ણમુદ્રાનો ઉપાડ કરવાની પોતાને જરૂર જ પડી ન હોવાથી પોતાને પૂરેપૂરી ૧૦ હજાર સોનામહોર મળવી જોઈએ, જ્યારે શ્રેષ્ઠીની તૈયારી બે હજાર સોનામહોર જ પાછી આપવાની છે.

વેપારીની આવી રજૂઆતની સામે શ્રેષ્ઠીનું કથન એવું હતું કે,

વેપારીએ અવાર-નવાર સોનામહોરોનો જે ઉપાડ કર્યો છે, એની દિવસ અને સમય સાથેની નોંધ મારી પાસે છે. એ નોંધ મુજબ બે હજાર સોનામહોરો જ હવે મારે પાછી આપવાની રહે છે.

કાશ્મીરમાં ધનપતિની એક શ્રેષ્ઠી તરીકે ઠીક ઠીક નામના-કામના હતી, તેમજ સત્યવાદી વેપારી તરીકે લક્ષ્મીચંદની પણ સારામાં સારી આબરૂ હતી. એક વાર વેપારી લક્ષ્મીચંદને તીર્થયાત્રા માટે થોડા મહિનાના પ્રવાસે જવાનું નક્કી થતાં એવો વિચાર આવ્યો કે, દસેક હજાર સોનામહોરની મારી મૂડી થાપણ તરીકે ધનપતિ શ્રેષ્ઠીની પેઢીમાં મૂકી દઉં, તો પછી નિશ્ચિતપણે પ્રવાસમાં હરીફરી શકાય. એથી ૧૦ હજાર સોનામહોર એક થેલીમાં મૂકીને લક્ષ્મીચંદ ધનપતિ-શ્રેષ્ઠીની પેઢીએ પહોંચી ગયા. પોતાના આગમનનું કારણ જણાવ્યા બાદ મૂળ મુદ્દો રજૂ કરતાં વેપારીએ શ્રેષ્ઠીને કહ્યું :

'ઘણા દિવસોથી તીર્થયાત્રા કરવાની ભાવના હતી, એ ભાવનાની સફળતા આપને આધીન છે. જીવન-મૂડી ગણી શકાય, એવી ૧૦ હજાર સોનામહોરોથી ભરેલી થેલી થાપણ રૂપે સાચવવાની જવાબદારી આપ સ્વીકારો, તો જ હું નિશ્ચિતપણે તીર્થયાત્રામાં જોડાઈ શકું.'

મુદ્દાની આટલી વાત રજૂ કરીને વેપારી પ્રત્યુત્તરની પ્રતીક્ષા કરી રહ્યો. પણ ધારણા કરતાં સાવ જુદો જ જવાબ મળ્યો : આ નગરમાં ઘણા ઘણા શ્રેષ્ઠીઓ વિદ્યમાન છે. માટે બીજા કોઈ શ્રેષ્ઠી પર તમે પસંદગી ઉતારી શકો છો. મારો સિદ્ધાંત એવો છે કે, બનતાં સુધી આ રીતે કોઈ થાપણ સ્વીકારવી જ નહિ, આમ છતાં કોઈ વાર થાપણ સ્વીકારવી જ પડે, તો આ વિષયમાં કોઈ જાતનું લખાણ કરવાની ઝંઝટમાં પડવું નહિ. માટે સૌથી સારી વાત તો એ જ ગણાય કે, તમારી ભાવના પૂર્ણ થાય અને મારો સિદ્ધાંત પણ સચવાય, એ માટે થાપણની આ થેલી સોંપવા બીજા જ કોઈ શ્રેષ્ઠી પર તમારે પસંદગી ઉતારવી રહી.

શ્રેષ્ઠીની આ વાત તો કોઈપણ રીતે માન્ય રાખવાની વેપારીની તૈયારી નહોતી. એણે શ્રેષ્ઠીને કહ્યું કે, આ થાપણ સોંપીશ તો આપને જ સોંપીશ. આપ આ થાપણને ન જ સ્વીકારો અને કદાચ મારે યાત્રાની માંડવાળ કરવી પડે, તો એ માટેની મારી તૈયારી છે. પણ યાત્રાની ભાવના પૂરી કરવા બીજા કોઈ શ્રેષ્ઠીને પસંદ કરવા તો હું હરગિજ તૈયાર નથી.

વેપારીની આ વાત સાંભળીને શ્રેષ્ઠી જરા ઢીલા પડી ગયા. એમણે કહ્યું કે, તીર્થયાત્રાની તમારી ભાવનામાં ભંગાણ પાડવાનું પાપ વહોરવાનું તો મને ન જ પાલવે, માટે મારી રીતે અને મારી શરતે આ થાપણ સાચવવા હું બંધાઉં છું. આ થાપણ અંગેનું કશું જ લખાણ નહિ થઈ શકે. આ થાપણને હું હાથ પણ નહિ અડાડું. કરવી હોય તો સોનામહોરની ગણતરી મારી સામે તમે જ તમારા હાથે કરી લો અને હું પટારો બતાવું, એમાં આ થાપણ તમે તમારા જ હાથે પધરાવી દો. જ્યારે જરૂર પડે, ત્યારે તમે જ આવીને તમારા હાથે જ પટારામાંથી આ થાપણ પાછી લઈ જજો. મારે માટે તો આ થાપણ શિવનિર્માલ્ય ગણાય.

શ્રેષ્ઠી પર પૂરેપૂરો વિશ્વાસ હોવાથી વેપારીએ ન્યાયની અને વ્યવહારની દૃષ્ટિએ પણ અયોગ્ય-અસંગત ગણાય, એવી શ્રેષ્ઠીની શરતો શિરોધાર્ય કરી લીધી અને ૧૦ હજાર સોનામહોરોથી ભરેલી એ થેલી થાપણ રૂપે એક પટારામાં પધરાવીને વિદાય લીધી. આ પછી થોડાક જ દિવસો બાદ લક્ષ્મીચંદ વેપારી તીર્થયાત્રા માટે પ્રયાણ કરી ગયા. એકાદ-બે મહિના સુધીનો યાત્રાપ્રવાસ પૂર્ણ કરીને વેપારી લક્ષ્મીચંદ પાછા ઘરે પણ આવી ગયા. દિવસો પર દિવસો વીતવા માંડ્યા, પણ વેપારીને સોનામહોરોની જરૂરિયાત ઊભી ન થઈ અને પોતાના ઘર કરતા શ્રેષ્ઠી ધનપતિની પેઢી વધારે સુરક્ષિત લાગતાં લક્ષ્મીચંદને થાપણ લઈ આવવાની ઉતાવળ પણ નહોતી. આમ, થોડાં વર્ષો પસાર થઈ ગયા.

માયા દેખીને તો મુનિવરનું મન પણ ચલાયમાન થઈ જાય, આ

કહેવતની સચ્ચાઈ હજી સંદિગ્ધ ગણાય, પરંતુ લક્ષ્મીનો લાડવો પચાવી-પડાવી પાડવાના સાનુકૂળ સંયોગો સાંપડતાં સંસારી લગભગ લલચાયા વિના ન જ રહી શકે, સંસારીનો આવો લાલચુ-સ્વભાવ તો જરાય સંદિગ્ધ ન જ ગણાય. લક્ષ્મીચંદની થાપણ જે વખતે સ્વીકારી, એ વખતે તો શ્રેષ્ઠી ધનપતિના દિલમાં જરાય પાપ નહોતું, પણ પછી જેમ જેમ દિવસો-મહિના-વર્ષો વીતતાં ગયાં અને બીજી તરફ લક્ષ્મીચંદ દ્વારા થોડી પણ પૂછપરછ ન થવા પામી, ત્યારે શ્રેષ્ઠીનાં મનમાં એક ખૂણે નાનકડા સાપોલિયા રૂપે લોભ-લાલચે પગપેસારો કર્યો. એથી શ્રેષ્ઠીને લોભ-પ્રેરિત એવો વિચાર આવ્યો કે, લક્ષ્મીચંદ જ્યારે થાપણ અંગે થોડીય પૂછપરછ કરવાનું ભૂલી ગયા છે, ત્યારે સોનામહોરોનો મોટો ભાગ ઓળવી જવા માટેની તક મારે ઝડપી જ લેવી જોઈએ. આ માટે માયાના એવા પાસા ફેંકું કે, સોનામહોરો પચાવી પાડવા કાજે બિછાવેલી મારી માયા-જાળનો તાગ બ્રહ્મા પણ ન પામી શકે ! ઘણા ઘણા સંકલ્પ-વિકલ્પના અંતે રાત-દિવસ ચિંતાના ચકરાવા વચ્ચે પસાર કર્યા બાદ શ્રેષ્ઠી અંતે એવા નિર્ણય પર આવ્યા કે, થાપણ રૂપે મૂકેલી બધી જ સોનામહોરો પચાવી પાડવાનો એક જ રસ્તો છે કે, એક વાર આખી થેલી મારા ખજાનામાં ઠાલવી દેવી અને પછી મારા ભંડારમાંથી અવારનવાર થોડી થોડી સોનામહોરો એ થેલીમાં મૂકતા રહેવું. આ રીતે મુકાતી સોનામહોરોની સંખ્યા બે હજારની થઈ જાય, પછી તો જંગ જિતાઈ ગયો ગણાય.

શ્રેષ્ઠીએ મનોમન એવો નિર્ણય લઈ લીધો કે, જ્યારે પણ લક્ષ્મીચંદ થાપણ લેવા આવે, ત્યારે એમની સામે બે હજાર સોનામહોરોની થેલી ધરી દઈને કહેવું કે, તમે અવારનવાર સોનામહોરોનો ઉપાડ કરતા રહ્યા, એથી ૧૦ હજારમાંથી હવે બે હજાર સોનામહોરો જ બચી છે, એ તમે બરાબર ગણીને લઈ જઈ શકો છો.

કાવાદાવા અને માયામૃષાની આ મેલી રમત રમવાની શરૂઆત

શ્રેષ્ઠીએ ધીરેધીરે આરંભી દીધી. આ રીતે વીસેક વર્ષનાં વહાણાં વાઈ ગયાં બાદ એક વાર વેપારી લક્ષ્મીચંદને જ્યારે પૈસાની આવશ્યકતા ઊભી થઈ, ત્યારે ધનપતિ શ્રેષ્ઠીની પેઢીમાં થાપણ રૂપે મૂકેલી ૧૦ હજાર સોનામહોરોની થેલી-થાપણ સ્મૃતિપટે ઊપસી આવતા જ લક્ષ્મીચંદ વિના વિલંબે ધનપતિ શ્રેષ્ઠીની પેઢી પર પહોંચી ગયા. એમને તો એવો વિશ્વાસ હતો કે, શ્રેષ્ઠી સામેથી થાપણની થેલીની વાત કાઢ્યા વિના અને એ થાપણ પાછી લઈ જવાનો આગ્રહ કર્યા વિના પણ નહિ જ રહે. આશાભર્યા અંતરે આવેલા લક્ષ્મીચંદના મનના મહાસાગરમાં તરતા આવા વિશ્વાસનાં વહાણ એકાએક જ ડૂબી રહ્યાંનો અંદાજ લક્ષ્મીચંદને ત્યારે જ આવવા પામ્યો કે, જ્યારે શ્રેષ્ઠીએ મોળો-ખોરો પ્રતિસાદ આપતાં વાતની શરૂઆત જ એ રીતે કરી કે, ૨૫-૩૦ વર્ષ પૂર્વેની ૧૦ હજાર સોનામહોરોની થાપણ મૂકી જવાની વાત સાચી પણ હોય, તોય એ લક્ષ્મીચંદ તમે પોતે જ હો, એવું કઈ રીતે મનાય ? છેલ્લાં પાંચેક વર્ષથી તો તમે આવ્યા હો, એવું યાદ નથી આવતું. તમે ગામમાં હો અને તમને થાપણની યાદ પણ ન આવે, એ સંભવિત ગણાય ખરું ? માટે તમારી આ વાત સાંભળીને મૂંઝવણમાં મુકાઈ ગયેલા મારે હવે સો ગળણે ગાળીને પાણી પીવું પડશે.

હાથ ઊંચા કરી દઈને પાણીમાં બેસી જવા જેવી શ્રેષ્ઠીની આ વાત સાંભળતાંની સાથે જ લક્ષ્મીચંદની છાતીનાં પાટિયાં બેસી ગયાં અને મોતિયા મરી ગયા. આવેશ-આક્રોશ-આઘાત સાથે લક્ષ્મીચંદે કહ્યું કે, શેઠ ! કેવી વાહિયાત વાત કરો છો ? આવો વિશ્વાસઘાત ! આવો દ્રોહ ! તમે ભૂલો છો, પાંચ નહિ, આજે ૩૦ વર્ષ બાદ હું આ પેઢીનાં પગથિયાં ચડી રહ્યો છું. વર્ષો વીતી ગયાં એટલે શું થયું ? ૧૦ હજાર સોનામહોરની થાપણ કંઈ ભૂલી જવાય ? તમને કદાચ આવી બાબત ભૂલી જવી પાલવે. પણ મને તો કઈ રીતે પાલવે ? બરાબર યાદ કરો. યાત્રા-પ્રવાસે જતા પૂર્વે હું ૧૦ હજાર સોનામહોરની થેલી થાપણ રૂપે

મૂકવા આવેલો. ત્યારે તમે બીજી કોઈ પેઢીમાં આ થાપણ મૂકવાનો આગ્રહ કરેલો. પણ મેં કહેલું કે, યાત્રાની ભાવના પૂરી નહિ થાય તો ચાલશે, પણ આ થાપણ મૂકીશ, તો તમારી પેઢીમાં જ મૂકીશ. બરાબર યાદ કરો, આ કંઈ ભૂલી જવાય એવો સામાન્ય પ્રસંગ નથી.

લક્ષ્મીચંદે સ્મૃતિને સજીવન કરાવવા વધારામાં કહ્યું કે, શેઠ ! મને તમારા પર જ વિશ્વાસ હતો, એથી થાપણ અંગે કોઈ લખાણ નહિ જ કરવાની અવ્યવહારુ તમારી શરતને પણ શિરોધાર્ય કરવાની મેં તૈયારી બતાવી, એથી તમે મારા હાથે ૧૦ હજાર સોનામહોરો ગણાવીને પટારામાં મુકાવી. આ બધી જાણે ગઈકાલની ઘટના હોય, એમ મને તો બરાબર યાદ છે. તમે આંખ બંધ કરીને જરા ભૂતકાળમાં ભમવા નીકળી પડો, તો મારી જેમ તમારી આંખ સામે પણ આ આખો પ્રસંગ તરવરી ઊઠશે.

લક્ષ્મીચંદની આ વાત સાંભળીને ધનપતિ શ્રેષ્ઠીને થયું કે, આઠ હજાર સોનામહોરો પચાવી-બથાવી પાડવા બે હજાર સોનામહોરો તો આપવી જ પડશે. પૂરેપૂરી થાપણ ઓળવી જવાની દાનત તો સફળ થાય એમ જણાતું નથી. માટે આટલી સોનામહોરનો લોભ તો જતો કરવો જ પડશે. ભૂતકાળને યાદ કરવાનો ડોળ કરીને અને કંઈક યાદ આવી રહ્યું હોય, એવો દેખાવ કરીને ધનપતિએ કહ્યું : હા. હા. આવું કંઈક સાંભરે છે ખરું ! શું એ લક્ષ્મીચંદ તમે પોતે જ !

‘હા. આજથી ૩૦ વર્ષ પૂર્વે ૧૦ હજાર સોનામહોરોની થાપણ મૂકી જનાર લક્ષ્મીચંદ હું પોતે જ છું. આજ લગી ક્યારેય સોનામહોરોની આવશ્યકતા જ ઊભી થવા પામી નહોતી. માટે અવારનવાર આવવાનો પ્રસંગ જ બનવા ન પામ્યો. એથી આ બધી વાત વિસારે પડી ગઈ. હવે આજે આવશ્યકતા ઊભી થતાં હું થાપણ લેવા આવ્યો છું.’

પોતે જે માયાજાળ બિછાવવા ઈચ્છતા હતા, એમાં હવે પલટી

મારીને ફેરવી તોળવું પડે એમ હોવાથી ધનપતિ શ્રેષ્ઠીએ બાજી બદલતા કહ્યું : આ પ્રસંગ તો મને બરાબર યાદ જ છે. પણ એ લક્ષ્મીચંદ તમે જ કે કોઈ બીજા ? આ અંગે જ દ્વિધા અનુભવું છું. કેમ કે છેલ્લાં ચાર-પાંચ વર્ષથી તમારું આવવાનું બન્યું નથી, માટે ચહેરો ભુલાઈ જવા પામ્યો છે. બાકી તમે તો ઘણીવાર આવ્યા છો અને થોડી થોડી સોનામહોરોનો ઉપાડ પણ તમે કરતા જ રહ્યા છો. એથી તમને થોડા જ ભૂલી જવાય ? હા. એટલી વાત સાચી કે, છેલ્લાં પાંચ વર્ષથી તમને જોયા નથી.

'સોનામહોરનો ઉપાડ ?' લક્ષ્મીચંદના મોઢામાંથી આ વેધક પ્રશ્ન ધનુષ્યમાંથી છૂટતા બાણની જેમ છૂટ્યો. આઘાત અને આશ્ચર્ય અનુભવતા એઓએ પૂછી નાખ્યું : આજ સુધી મારા નામે એકાદ સોનામહોરનોય ઉપાડ નોંધાયો નહિ હોય. તમે મોં માથા વિનાની આ કેવી સરાસર વાહિયાત વાત કરો છો ? થાપણ મૂક્યા પછી આજની આ ઘડી સુધી મને સોનામહોરની આવશ્યકતા જ ઊભી થઈ નથી, એથી ઉપાડની આ વાત તો સરાસર ઉપજાવી કાઢેલી જ લાગે છે. થાપણ મૂક્યા પછી આજે ૩૦ વર્ષ બાદ હું તમારી પેઢીનું પગથિયું પહેલ વહેલું જ ચડી રહ્યો છું. હું જો કે સ્વપ્નેય એકાદ વાર પણ આ પેઢીનું પગથિયું ચડ્યો નથી, આમ છતાં હું જાણે કેટલીય વાર આ પેઢીનાં પગથિયાં ચડ્યો હોઉં એવું તમે સાબિત કરવા માંગો છો ! એથી તમારા પેટમાં કયું પાપ સળવળી રહ્યું છે, એની મને થોડીઘણી કલ્પના તો આવી શકે એમ છે. બે હજાર સોનામહોર સુપરત કરીને આઠ હજાર સોનામહોરો હડપ કરવાની મેલી મુરાદ ધરાવતા તમને પેલી કહેવત યાદ કરાવવાની જરૂર ખરી કે, એરણની ચોરી અને સોયનું દાન ! તમે સોયનું દાન એરણની ચોરી કરવાની મેલી મુરાદ રાખીને જ કરવા માંગતા હો, તો મારે શા માટે એને સ્વીકારવું જોઈએ ! તમે સમજીને સીધી રીતે થાપણ સોંપવા ન માંગતા હો, તો હું કાશ્મીર સમ્રાટના દરબારમાં તમને ઘસડી જઈને

પણ દસ હજાર સોનામહોરોની થાપણ મેળવ્યા વિના નહિ જ જંપું. આટલું નોંધી રાખીને પછી જ હવે તમે મારી સામે કોઈપણ જાતની વાતચીત કરજો.

શ્રેષ્ઠી ખોટા હતા, પણ એ ખોટાઈ ખુલ્લી ન પડી જાય, એ માટે લક્ષ્મીચંદ કરતાંય સવાયા જોર સાથે એમણે પડકાર કર્યો કે, લક્ષ્મીચંદ જૂઠા તો તમે જ છો, અવારનવાર સોનામહોરનો ઉપાડ ન કર્યાનું સરાસર જૂઠ તો તમે જ બોલી શકો. જાવ, તમે થાય તે કરી શકો છો. હજી પણ એક વાર તમને તક આપવાની મારી તૈયારી છે કે, સીધી રીતે બે હજાર સોનામહોરોની થેલી સ્વીકારી લો. નહિ તો થેલીથીય હાથ ધોઈ નાખવાનો વારો આવશે. તમે કયા કયા દિવસે આ પેઢીનું પગથિયું ચડ્યા તેમજ કેટલી કેટલી સોનામહોરનો ઉપાડ કર્યો, આનો વિગતવાર હિસાબ મારી પાસે નોંધાયેલો છે. માટે ભૂલેચૂકે તમે કાશ્મીર-સમ્રાટના દરબારમાં જવાનો વિચાર પણ ન કરતા. નહિ તો તમારી રહીસહી આબરૂનુંય રાજદરબારમાં છડેચોક લિલામ થઈ ગયા વિના નહિ રહે.

ધનપતિ શ્રેષ્ઠીના આ શબ્દોમાં એવો પડકાર હતો કે, લક્ષ્મીચંદની વાતોમાં જો ઢોલ જેવી થોડીક પણ પોલ હોત, તો તેઓ વીલે મોઢે બે હજાર સોનામહોરની થેલી લઈને નીચી મૂંડીએ ઘરભેગા થઈ ગયા હોત ! પણ એમને તો પાકી ખાતરી જ થઈ ગઈ હતી કે, શ્રેષ્ઠીની દાનત જ ટોપરા જેવી ખોરી અને ખોટી છે, તેમજ પોતાની વાતમાં સચ્ચાઈ ઉપરાંત મીનમેખ જેટલોય ફરક નથી. એથી પગ પછાડીને અને છાતી કાઢીને એટલું બોલતાં બોલતાં એમણે વિદાય લીધી કે, આમ બરાડા પાડવાથી જ કંઈ જૂઠાણાનો જંગ જીતી ન શકાય, આ વાતની પ્રતીતિ તો કાશ્મીર-સમ્રાટનો દરબાર જ કરાવશે. કાગળમાં પુરાવા રૂપે જે કંઈ લખ્યું હોય, એ લખાણ તાંબાના પતરામાં કોતરાવીને લઈ આવશો, તોય તમે જૂઠને આ જંગ નહિ જ જીતી શકો, એવો મને આકંઠ વિશ્વાસ છે. કારણ કે હું સત્યના પક્ષે છું, એથી સત્ય મારા પક્ષે છે.

શ્રેષ્ઠી અને લક્ષ્મીચંદ વચ્ચે સંઘર્ષની જાગેલી જે ચિનગારી જ્વાળામાં પલટાઈ ચૂકી હતી, એને શમાવવા હવે તો કાશ્મીર સમ્રાટ ઉચ્ચલ જ સમર્થ બની શકે એમ હતા. એથી બીજે જ દિવસે ન્યાય માંગવા બંને કાશ્મીરના દરબારમાં પહોંચી ગયા. બંનેએ પૂરા જોમ-જુસ્સા સાથે પોત-પોતાની વાત રજૂ કરી, રજૂઆતના એ શબ્દો પરથી જ સમ્રાટને એવી આશંકા જાગી કે, ધનપતિની બોલચાલમાં સચ્ચાઈનો કેટલો રણકો છે, એ ચકાસવામાં આવે તો જ ન્યાય તોળી શકાય. બંને પક્ષની વિગત બરાબર સાંભળી લીધા બાદ સમ્રાટે સૌ પ્રથમ લક્ષ્મીચંદ સમક્ષ જોઈને કહ્યું કે, તમે દસ હજાર સોનામહોરોની થાપણ કોઈ પણ જાતનું લખાણ કર્યા વિના ધનપતિ શેઠની પેઢીમાં આજથી ૩૦ વર્ષ પહેલાં મૂકી હતી અને એ થાપણ લેવા ગયા, ત્યારે શેઠ બે હજારની થાપણ જ આપવાની વાતને જ વળગી રહ્યા, એમાંથી આ વિવાદ જાગ્યો. શેઠનું કહેવું એવું છે કે, વચ્ચે વચ્ચે તમે સોનામહોરોનો ઉપાડ કર્યો હોવાથી હવે થેલીમાં બે હજાર સોનામહોરો જ બચી છે.

સમ્રાટે લક્ષ્મીચંદ પરથી નજર હટાવીને શ્રેષ્ઠી તરફ નજરને કેન્દ્રિત કરી, ત્યારે ધનપતિએ બચાવમાં કહ્યું કે, સમ્રાટ ! સોનામહોરોના કરેલ ઉપાડ બદલ લક્ષ્મીચંદ ભલે સાફ સાફ ના પાડે, પણ મેં જે નોંધ રાખી છે, એમાં તો વિગતવાર બધું લખાયેલું જ છે કે, કયા કયા દિવસે કેટલી કેટલી સોનામહોરોનો ઉપાડ થયો ? આ રહ્યો હિસાબ-કિતાબનો એ કાગળ !

સમ્રાટે હિસાબ-કિતાબનો એ કાગળ જોયો, હજી સુધી એમને સચ્ચાઈનો અંદાજ આવી શક્યો ન હતો. એથી એમણે નવાઈ ઉપજાવતી આજ્ઞા કરી : ધનપતિ શેઠ ! બે હજાર સોનામહોરવાળી થેલી લઈને જ આવ્યા હશો ? તો મારી સમક્ષ એ સોનામહોરોનો ઢગલો કરો, જેથી હું સચ્ચાઈ શોધી શકું.

ધનપતિએ સાવ સરળ ભાવે બે હજાર સોનામહોરોની થેલી સમ્રાટ

સમક્ષ ઊંધી વાળી દીધી. થોડીઘણી સોનામહોરો ઊંચી નીચી કરીને બરાબર જોયા બાદ તરત જ સમ્રાટની નજર સમક્ષ સૂર્યની જેમ સચ્ચાઈ પ્રકાશી ઊઠી. એ ઢગલામાં જેમ ત્રીશ વર્ષ પૂર્વેના રાજવીના નામની અંકિત થોડી સોનામહોરો હતી, એમ પછીના રાજવીઓ ઉપરાંત પોતાના નામથી અંકિત પણ સુવર્ણ મુદ્રાઓને જોતાંની સાથે જ સમ્રાટ ચમકી ઉઠ્યા અને મનોમન બોલી ઉઠ્યા કે, શ્રેષ્ઠી ધનપતિ જ ગુનેગાર છે અને આઠ હાજર સોનામહોરોને હડપ કરી જવાની મેલી મુરાદથી જ એમણે લક્ષ્મીચંદને ફસાવવા બનાવટની આવી બાજી બિછાવી છે.

બનાવટ પકડાઈ જતાંની સાથે જ સમ્રાટનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો. લાલચોળ આંખે અને આગ ઓકતા અવાજે એમણે ધનપતિનો ઊધડો લેતાં કહ્યું કે, શેઠ તરીકેની શાન ધરાવીને શઠ જેવાં કાળાં કામ કરતાં તમને શરમ નથી આવતી ? 'પાપ પીપળે ચડીને પોકાર્યા વિના ન રહે,' આ કહેવત શું નથી સાંભળી ? આ સોનામહોરમાંથી જ સાદ ઊઠી રહ્યો છે કે, લક્ષ્મીચંદ સાવ નિર્દોષ છે અને ધનપતિનો ગુનો અક્ષમ્ય છે.

સમ્રાટના આ સત્તાવાહી સૂરથી ધ્રૂજી ઊઠેલા ધનપતિ એક વાર તો કિંકર્તવ્યમૂઢ બની ગયા. પણ ડૂબતો માણસ તરણું ઝાલે, એમ બચાવ કરવા તેઓ આગળ આવ્યા અને બોલ્યા : સમ્રાટ ! સોનામહોરો તો મૂંગી છે, જ્યારે ઉપાડના હિસાબકિતાબનો આ કાગળ તો બોલતો છે. માટે આ કાગળ ફરી વાર વાચવાની મારી અરજ છે.

સાફ સાફ સંભળાવી દેતાં સમ્રાટે હવે કહ્યું : શેઠ ! કાગળ... કાગળ શું કરો છો ? કાગળના પુરાવા કરતાં તો કંઈ ગણો વધુ પ્રબળ અને સાચો સજ્જડ પુરાવો તો આ સોનામહોરો જ છે. ત્રીશ વર્ષ પહેલા લક્ષ્મીચંદ આ થાપણ તમારી પેઢી પર મૂકી ગયા, આ વાતમાં તો તમે સંમત જ છો ને ? તેમજ આ થાપણને શિવનિર્માલ્ય ગણીને તમે હાથ પણ અડાડ્યો નથી, આ તમારી જ કબૂલાત પણ બરાબર ને ?

ધનપતિ તરફથી હકારાત્મક જવાબ મળતાં જ સમ્રાટે ધનુષ્યમાંથી છૂટતા બાણ જેવો સણસણતો સવાલ કર્યો કે, ૩૦ વર્ષ પૂર્વે સમ્રાટ કલશનું જ શાસન ચાલતું હતું. એથી આ થાપણમાં કલશ પછી થઈ ગયેલા સમ્રાટોનાં નામ ઉપરાંત મારા પણ નામની મુદ્રાથી અંકિત સોનામહોરો ક્યાંથી આવી જવા પામી ? આનો જવાબ મારે જોઈએ. થાપણ સાથે તમે ચેડાં કર્યાં જ છે, એનો આ પ્રબળ અને સજ્જડ પુરાવો છે. વળી આ થાપણમાંથી થોડો પણ ઉપાડ ન કર્યાની લક્ષ્મીચંદની કબૂલાત સાવ સાચી જણાય છે. માટે ન્યાયદેવતાની સાખે હું તમને આજ્ઞા કરું છું કે, દસ હજાર સોનામહોરોની થાપણ તમારે લક્ષ્મીચંદને સુપરત કરી દેવી. તેમજ ચોરી પર શિરજોરી ગુજારવાના દંડ રૂપે ૩૦ વર્ષનું વ્યાજ પણ ચૂકતે કરવાનો હુકમ કરું છું.

ધનપતિ માટે સમ્રાટનો આ હુકમ શિરોધાર્ય કર્યા વિના છૂટકો થાય એમ જ ન હતો. રડતી આંખે એમણે જ્યારે બનાવટની બાજીનું મંડાણ સભા સમક્ષ ખુલ્લું કર્યું, ત્યારે સૌ બોલી ઊઠ્યા કે, સોનામહોરના સાદે બનાવટની બાજી ઊંધી વાળી,એ આનું નામ !

## ન લેવાની લડાઈ

## ૧૬

સૌરાષ્ટ્ર એટલે તો શૂરાઓ અને સંતોની જન્મભૂમિ ! જ્યાં ડગલે ડગલે શૂરાઓનાં બેસણાં હોય, એ સૌરાષ્ટ્ર ! જ્યાં પગલે પગલે સંતોના સંદેશ-ઉપદેશ સાંભળવા મળે, એ સૌરાષ્ટ્ર ! અને આવા સૌભાગ્યશાળી સોરઠમાં મગરૂરીપૂર્વક જેનાં નામ-કામ સંભારી શકાય, એવું એક ગામ-નામ એટલે માણાવદર !

મંદિરોનું સર્જન તો ભારત માટે નવાઈની વાત ન ગણાય. તીર્થો તો આ ભારતભૂમિમાં વાટેઘાટે અનેક જોવા મળે. પણ આ માણાવદર ગામમાં એક મંદિરના સર્જનમાં બે સુવર્ણ-કડાં નિમિત્તમાત્ર બન્યાં હોવાનો અનોખો ઈતિહાસ ઉપલબ્ધ થાય છે. નાહકનું લેવાની લડાઈ આજે જ્યારે ઠેરઠેર લડાઈ રહી છે, ત્યારે હક્કનું પણ ન લેવાની લડાઈના મુદ્રાલેખમાંથી એ ઈતિહાસ સરજાયો છે. આ સંદર્ભમાં માણાવદરના એ મંદિરને તો ખરેખર નવીનવાઈની જ વાત ગણવી રહી ને !

વાત કંઈક આવી છે : માણાવદરમાં એક વિપ્ર બ્રાહ્મણ વસતા હતા. પવિત્રતા અને સંતોષ એમના જીવનની બે પ્રમુખ વિશેષતાઓ હતી. નામ હતું મયારામ ભટ્ટ. ઘરડી ડોશીઓ માટે એ વિશ્વાસના ધામ સમા હતા. બેન્કોનો એ યુગ ન હતો. કોઈને યાત્રા માટે નીકળવું હોય અને દરદાગીનાનું જોખમ જાળવનાર કોઈ ન હોય, તો ત્યારે મયારામ ભટ્ટ પર ઘણાની નજર ઠરતી. એમના ઘરે જોખમ સોંપીને જવાથી

નિરાંતે યાત્રા થઈ શકતી. યાત્રા કરીને પાછા ફર્યા બાદ અડધી રાતે પણ જો કોઈ થાપણ માંગવા આવતું, તો તે થાપણ દૂધે ધોઈને પાછી મળી જતી. આવા વિશ્વાસ-ધામ સમા મયારામ ભટ્ટને માટે એક કિસ્સો અજબગજબનો બનવા પામ્યો.

સાઠેક વરસનાં એક માજીના મનમાં એક વાર તીરથ-ધામ ફરવાની ભાવના જાગી. માજી પાસે જોખમમાં સોનાનું એક કડું હતું. એને લઈને માજી મયારામ પાસે આવ્યાં. યાત્રાની ભાવના જણાવીને એમણે થાપણ રૂપે કડું જાળવવાની વિનંતી કરી. માજીને આ ઉંમરે યાત્રા થતી હોય, તો મયારામને કડું જાળવવામાં શો વાંધો હોય ? એમણે એક પટારામાં માજીના હાથે જ કડું મુકાવી દીધું. એથી માજી અને મયારામ બંને નિશ્ચિંત બની ગયાં. આ બાજુ માજી યાત્રા કરવા રવાના થઈ ગયાં. બીજી બાજુ દિવસો પર દિવસો વીતવા માંડ્યા, માજીની ઉંમર ૬૦ વર્ષની હતી, એથી ચાર-પાંચ વર્ષો વીતવા છતાં માજી જ્યારે કડાની ઉઘરાણી કરવા ફરક્યાં નહિ, ત્યારે થોડા દિવસો પછી મયારામના મનમાંથી માજીના કડાની વાત સાવ જ ભુલાઈ ગઈ. લખવાની કે અંગૂઠાની છાપ લેવાની તો એ યુગમાં કોઈ રીતરસમ જ નહોતી.

આમ ને આમ જ્યારે સાતેક વર્ષનાં વહાણાં વાઈ ગયાં, ત્યારે કડાની આછીપાતળી સ્મૃતિ પણ મયારામ ભટ્ટના મનમાં તાજી ન રહે, એ કંઈ નવાઈની વાત ન ગણાય. ભટ્ટજી ભૂલી ગયા કે, યાત્રાર્થે ગયેલાં માજી મને કડાની થાપણ સોંપતાં ગયાં છે. વર્ષો સુધી યાત્રા-નિમિત્તક પરિભ્રમણ ચાલુ જ રહ્યું, છતાં માજી એ ભૂલી શક્યાં નહોતાં કે, મેં કડાની થાપણ સાચવવા મયારામ ભટ્ટજીને સોંપી છે.

સાતેક વર્ષે યાત્રા પૂરી થતાં માજી એક દહાડો માણાવદર આવ્યાં અને તરત જ એઓ મયારામ ભટ્ટજીના ઘરે પહોંચી ગયાં. માજી સમજદાર હતાં, એથી તરત જ કડાની ઉઘરાણી ન કરતાં એમણે કહ્યું : યાત્રામાં બહુ આનંદ આવ્યો. સાત સાત વર્ષનો સમયગાળો ક્યાં પસાર

થઈ ગયો, એનો ખ્યાલ પણ ન રહ્યો. એ સંભવિત છે કે, હું કડું સોંપીને ગઈ હતી, એ તમને યાદ પણ ન હોય. પરંતુ બરાબર યાદ કરશો, તો સાત વર્ષ પૂર્વેની આ વાત તાજી થઈ ગયા વિના નહિ રહે. આજથી અઠવાડિયા બાદ હું મારી થાપણ લેવા આપની સમક્ષ પુનઃ ઉપસ્થિત થઈશ. આપનો આભાર કે હું નિશ્ચિંત બનીને સાત સાત વર્ષ સુધી યાત્રા કરી શકી.

આટલું કહીને માજી તો રવાના થઈ ગયાં. મયારામ ભટ્ટે જ્યારે ભૂતકાળને ફંફોસવાનો ખૂબ ખૂબ પ્રયત્ન કર્યો, ત્યારે એમને કડાની કંઈ ઝાંખી થઈ. એઓ તરત જ એ પટારા પાસે પહોંચી ગયા. પટારો ખોલીને એનાં ખાનાં તપાસવા માંડ્યાં, તો માંડમાંડ એક સુવર્ણ કડું એમની નજરે ચડ્યું. એક જ કડું જોઈને એમની ચિંતાનો પાર રહ્યો નહિ. મયારામને થયું કે, એક જ કડું તો કોઈ મૂકવા આવે નહિ, માટે બે જ કડાં થાપણ તરીકે મુકાયાં હશે, પણ એક કડું ગુમ થઈ ગયું હોવું જોઈએ. મારી આ અસાવધાની બદલ મારે જ હવે દંડ ભોગવવો જોઈએ.

ચિંતામગ્ન મયારામ તરત જ એક કડું લઈને એક સોની પાસે દોડી ગયા. અઠવાડિયાની મુદત હતી, એટલું સારું હતું. મયારામે સોનીને કહ્યું કે, બરાબર આ કડા જેવું જ બીજું કડું વિના વિલંબે તૈયાર કરવાનું છે. પૈસાની ફિકર ન કરતા. બનતી ઝડપે આ કડાને મળતું આવે, એવું બીજું કડું બનાવીને તમારે તમારી કળા બતાવી આપવાની છે. મને પૂરો વિશ્વાસ છે કે, બે કડાં વચ્ચેનો ભેદ કોઈ કળી ન શકે. એવું સર્જન તમે કરી આપશો. અને મારી આબરૂને અણદાગ રાખવામાં ફાળો આપશો. આમ કહીને મયારામે નવું કડું બનાવવા પાછળનું રહસ્ય ખુલ્લું કર્યું.

માજીએ આપેલી મુદત પૂર્વે જ નવું કડું તૈયાર થઈ ગયું. કયા કડાને નજર સમક્ષ રાખીને કયું કડું તૈયાર થયું છે ? એ કોઈ કળી ન શકે, એવી કડાની એ જોડી જોઈને મયારામે સંતોષનો શ્વાસ લીધો. સંપત્તિનો ઠીક ઠીક વ્યય થયો હતો. છતાં આબરૂ અણદાગ અને અડીખમ

રહી શકવાની હતી, એથી સંતોષ અનુભવતાં મયારામે અઠવાડિયાની મુદત પૂરી થતાં જ ઉપસ્થિત થયેલાં માજીના હાથમાં જ્યારે થાપણના પ્રત્યાર્પણ રૂપે બે કડાં આપવા હાથ લંબાવ્યો, ત્યારે હાથ ખેંચી લેતાં માજીએ કહ્યું કે, અણહક્કનું કે હરામનું મારે ન ખપે, થાપણ રૂપે મેં એક જ કડું સાચવવા આપ્યું હતું, એથી મારાથી આ બે કડાં કઈ રીતે સ્વીકારાય? મયારામે કહ્યું કે, માજી ! તમે ભૂલી ગયાં હશો ? કોઈ એક જ કડું થાપણ રૂપે મૂકી જાય ખરું ? બંગડી કે બુટ્ટી જેમ બે જ હોય, એની જેમ કડાં પણ બે જ હોય, બેની જોડી તોડીને કોઈ એક જ કડું થાપણ રૂપે મૂકવાની ભૂલ કરી જાય ખરું ? માટે માજી ! બરાબર યાદ કરો. હું ચોક્કસ કહું છું કે, તમે બે જ કડાં મૂક્યાં હશે ! માટે તમને એક જ કડું પાછું સોંપું, તો હું થાપણ ઓળવ્યાનો અપરાધી ઠરું. મારે આવા અપરાધી બનવું નથી. એથી બે કડાં આપ્યાં સિવાય હું નહિ જ રહું. મને પણ અણહક્કનું કંઈ ન ખપે.

એક તરફ વિધવા હતી, તો બીજી તરફ વિપ્ર હતા. અણહક્કનું ન લેવા બંને મક્કમ હતાં. એથી ન લેવાની આ લડાઈનો પ્રશ્ન અંતે માણાવદરના નવાબ રસૂલખાનજી સમક્ષ પહોંચ્યો. બંનેની વાત જાણીને નવાબ આશ્ચર્યમગ્ન બની ગયા. એક જ કડું લેવાનો ડોશીનો નિર્ણય હતો, બંને કડાં સોંપવા મયારામ ભટ્ટ મક્કમ હતા. નવાબ માટે પણ મૂંઝવી મારે એવો અટપટો આ સવાલ હતો. નવાબે બંનેની ભાવના-ઇચ્છા જાતે જાણી લેવાનો પ્રયત્ન કર્યો : ડોશી કહે : હું લઉં તો એક જ કડું લઉં. મયારામનું કહેવું હતું : બે કડાં આપ્યા વિના મને સંતોષ નહિ થાય, માજી ભૂલી ગયાં હોય, એવી મને શંકા છે. એથી અણહક્કનું મારે થોડું પણ ન ખપે, જ્યારે આમાં તો એક આખું કડું જ અણહક્કનું મારે ત્યાં રહી જાય, એ મને કઈ રીતે પાલવે ?

વિધવા અને વિપ્ર : આ બંનેની વાત સાંભળ્યા બાદ કોઈ નિર્ણય પર ન આવી શકનારા નવાબે પ્રશ્નાત્મક નજરે દીવાન તરફ જોયું.

એથી દીવાને વ્યવહારુ માર્ગ કાઢતાં જણાવ્યું કે, વિધવા અને વિપ્ર બંને પોતપોતાની વાતમાં મક્કમ છે અને કડાં જેવી આ મોંઘી મૂડી કંઈ રઝળતી રખડતી તો ન જ મૂકી શકાય ! માટે નોંધારી પ્રજાની જેમ આ મૂડીના માલિક પણ નવાબ જ ગણાય. સૌને આશરો આપવાનું કર્તવ્ય નવાબે અદા કરવું જ જોઈએ, જેનું કોઈ ધણી નહિ, એના ધણી નવાબ !

દીવાનની આ સલાહ જોકે વ્યવહારની દૃષ્ટિએ વાજબી હતી. પણ વિપ્ર અને વિધવાની ઊતરતી કક્ષા નવાબને પસંદ ન હતી. એમણે જરાક આવેશપૂર્વક દીવાનને કહ્યું : મારા પ્રજાજન તરીકે જેની ગણના થઈ શકે, એવા વિપ્ર અને વિધવાના વ્યક્તિત્વ કરતાં મારું વ્યક્તિત્વ તો ઊંચી કક્ષાનું હોવું જોઈએ. આ બંનેને જો અણહક્કનું ન ખપે, તો નવાબ તરીકે હું શું અણહક્કની મૂડીને આવકારું ? માટે રાજ્ય પણ આ કડાંની માલિકી માન્ય ન રાખી શકે ! આ કડાં તો એવા કોઈ નિર્માણનો પાયો બની જશે કે, જે નિર્માણ આ વિધવા અને વિપ્રની અણહક્કનું નકારવાની ભાવનાનાં ગીત વર્ષો સુધી ગાયાં કરે !

નવાબ તરફ સૌની મીટ મંડાઈ. નિર્માણની વાતના રહસ્યને જાણવાની સભાની આતુરતાનો અંત આણતાં નવાબે કહ્યું : મયારામ ભટ્ટની નેકી-નીતિને વધાવવા મારી પાસે પૂરતા શબ્દો નથી. માણાવદરનો મહિમા મારાથી નહિ, આવા વિપ્રોથી છે. માટે આ વિપ્ર ઇચ્છે, એવું ઇષ્ટદેવનું મંદિર બાંધવા માટેની જગા હું ઇનામમાં આપું છું. આ કડાના વેચાણમાંથી જે દ્રવ્ય મળે, એમાંથી મંદિરનું નિર્માણ કરવામાં આવે અને આ વિધવાને વર્ષાસન બાંધી આપવામાં આવે. ફૂલ નહિ, ફૂલપાંખડી સમું આટલું મારું સન્માન જરૂર આ વિધવા સ્વીકારે. નવાબની આ વાત સાંભળીને સભા હર્ષાશ્રુ વહાવી રહી. માણાવદરનો મહિમા વધારનારા એ નવાબ, એ વિપ્ર અને એ વિધવા તો વર્ષો પૂર્વે ક્યારનાંય પૃથ્વીના પટ પરથી વિદાય થઈ ગયાં. પરંતુ આ ત્રિવેણીના તીરે સરજાયેલું એ મંદિર આજે પણ અડીખમ ઊભું છે.

## મણમાં પલટાયેલો ઋણનો કણ

## ૧૭

ફળદ્રુપ ધરતી હોય, મોંઘામાં મોંઘું બિયારણ એમાં વર્ષાઋતુ પૂર્વે વવાયું હોય અને અમૃત જેવાં મીઠાં જળથી એ સિંચાયું હોય, આમ છતાં એ વાવેતર હજી કોઈ વાર નિષ્ફળ નીવડે, એવું બનવું શક્ય ગણાય, પણ અણીના અવસરે માનવી પર નિઃસ્વાર્થભાવે કરાયેલો ઉપકાર કોઈ દહાડો નિષ્ફળ નીવડે, એવું બને જ નહિ, કણ જેટલો પણ એ ઉપકાર મણ જેટલી વિરાટ માત્રામાં પ્રતિફલિત બન્યા વિના રહે જ નહિ, આ સત્યની પ્રતીતિ કરાવતો વિઠ્ઠલરાવ સૂબાનો એક પ્રસંગ ખરેખર જાણવા-માણવા જેવો છે.

વડોદરાના ગાયકવાડી રાજ્યમાં આનંદરાવના સત્તા-કાળ દરમિયાન વિઠ્ઠલના નામે સિપાઈગીરી તરીકેની નોકરી બજાવતાં બજાવતાં સૂબા તરીકેની સત્તાનું સામ્રાજ્ય ભોગવવાનું સ્વપ્ન પણ લાધે એ શક્ય ન હતું, વળી સામાન્ય નોકરી હોવાથી પગાર પણ ઘણો ન હોય એમાં શી નવાઈ ? જે પગાર મળતો એમાંથી વિઠ્ઠલના પરિવારનું ગુજરાન માંડ માંડ ચાલતું.

વડોદરામાં રહેનારા એક કંદોઈ સાથે વિઠ્ઠલને સારો સંબંધ હતો, એથી અવારનવાર રૂપિયા બે રૂપિયા જેવી રકમની આવશ્યકતા ઊભી થતી, તો વિઠ્ઠલ એ કંદોઈ પાસેથી ઉછીના પૈસા લઈ આવતો. કંદોઈને વિઠ્ઠલ પર વિશ્વાસ હતો અને વિઠ્ઠલને કંદોઈ પર લાગણી હતી, એથી

આ રીતની લેવડ-દેવડ ચાલ્યા જ કરતી.

એ જમાનામાં પાંચ દશ રૂપિયાની કિંમત પણ ઘણી ઘણી ગણાતી, એથી લેણાની રકમ વધતી વધતી દશ રૂપિયા જેવી થઈ જતાં અંતે કંદોઈએ એવો નિશ્ચય કરી નાખ્યો કે, વિઠ્ઠલ હવે રૂપિયા માંગવા આવે, તો ધીરવા નહિ. જૂનું લેણું ચૂકતે થાય નહિ, ત્યાં સુધી નવી રકમ કોઈ પણ હિસાબે ન ધીરવી. આવું મનોમન મક્કમતાથી નક્કી કરીને બેઠેલા કંદોઈ સમક્ષ એક દહાડો અતિ અનિવાર્ય આવશ્યકતા ઊભી થતાં આશાભર્યા અંતરે વિઠ્ઠલ ખડો થઈ ગયો. એણે માત્ર બે રૂપિયા જેવી રકમ માટે હાથ લંબાવ્યો, પણ કંદોઈ તો મનથી એવો નિરધાર કરીને જ બેઠો હતો કે, હવે તો બે પૈસા પણ ધીરવા નહિ. એથી આજ સુધીના મીઠા સંબંધો પર પાણી ફેરવી દેતાં કંદોઈએ કહ્યું કે, વિઠ્ઠલ ! તારો ૧૦ રૂપિયાનો હિસાબ વરસોથી ખેંચાઈ રહ્યો છે. માટે આ હિસાબ ચૂકતે થઈ જાય, પછી જ નવું ધીરવાની વાત કરજે. મને તારા પર અવિશ્વાસ નથી, પણ વ્યવહારના નીતિ-નિયમ એમ કહે છે કે, જૂનો હિસાબ ચૂકતે ન થાય, ત્યાં સુધી જે નવું નવું ધીરતો જાય છે, એ નવું લેણું તો ગુમાવે જ છે. અને જૂનું લેણું તો એણે ગુમાવેલું જ સમજી લેવાનું રહ્યું. માટે તું ગમે તેમ કર, પણ ૧૦ રૂપિયા એક વાર તો ચૂકતે કરી જ દે, પછી જ નવું ખાતું ખોલવાની વાત !

વિઠ્ઠલને અતિ અગત્યની આવશ્યકતા ઊભી થઈ હતી. એથી રકમ મેળવ્યા વિના છૂટકો જ ન હતો. વળી આજ સુધી કંદોઈ સિવાય બીજા કોઈની આગળ એનો હાથ લાંબો થયો ન હતો. એથી કાકલૂદી સાથે કરગરતાં એણે એવી અરજ ગુજારી કે, આજ સુધીના આપણી વચ્ચેના મીઠા-સંબંધોની રૂએ જ હું બે રૂપિયાની આશાથી આજે અહીં આવ્યો છું. હવે જે પગાર મળશે, એમાંથી ૧૦ રૂપિયા વહેલામાં વહેલી તકે હું ચૂકવી દઈશ, એટલું વચન આપું છું. પણ અત્યારે તો તમે મને નિરાશ ન જ કરશો. અત્યારે મારી પર એવી કટોકટી તોળાઈ છે કે,

ફક્ત બે રૂપિયા મળે, તો જ એ કટોકટીમાંથી હું ઊગરી શકું એમ છું.

કંદોઈ કાળમીંઢ કાળજા જેવો બની ગયો હતો. એણે સ્પષ્ટ સંભળાવી દીધું કે, આજ સુધીના મીઠા સંબંધ હવે પછી પણ મીઠા જ રાખવા હોય, તો કાળજે કોતરી રાખ કે, પહેલા ૧૦ રૂપિયા ચૂકવી દે, પછી જ નવું ખાતું ખોલવાની વાત !

કંદોઈ અને વિઠ્ઠલ વચ્ચે આવી રકઝક ચાલી રહી હતી, એવા અવસરે જ ચોટીલા પાસેના રેશમિયા ગામમાંથી આવેલા એક સાંઢણી સવારે આ રકઝક સાંભળી લઈને કંદોઈને કહ્યું કે, બિચારો આ માણસ આટલો બધો કરગરી રહ્યો છે, છતાં તમને દયા નથી આવતી ! લેવાની રકમ તો ૧૦ રૂપૈડી જેટલી જ છે ને ? એક વાર એને તક આપી દેવી જોઈએ. આ ક્યાં વધુ માંગે છે ! સવાલ બે જ રૂપિયાનો છે ને ? એમાં આટલી બધી રકઝક કરવાની હોય ખરી ?

વિઠ્ઠલની દયા ખાનાર સાંઢણી સવાર પર કંદોઈને બરાબરની ખીજ ચડી ગઈ. એણે કહ્યું કે, ૧૦ રૂપિયાનું ખાતું વરસોથી ચાલુ ને ચાલુ જ રહે, એ કઈ રીતે પાલવી શકે ? આ રીતે ૧૦ રૂપૈડીનું ખાતું નાનું ન ગણાતું હોય અને તમને આની પર દયા આવતી હોય, તો ૧૦ રૂપિયા ચૂકતે કરી દેતાં તમને કોણ રોકે એમ છે ?

સાંઢણીસવારે દુભાતા દિલે કંદોઈ સમક્ષ જે કંઈ કહ્યું હતું, એ કથનમાં કરુણા હતી અને સચ્ચાઈ પણ હતી. એથી કંદોઈનો આવો પ્રસ્તાવ તરત સ્વીકારી લેતાં એણે કહ્યું કે, જૂનું ખાતું ખતમ કરીને નવા ખાતાનો શુભારંભ આ જ ઘડીપળે તમે કરીને વર્ષોથી ચાલ્યો આવતો મીઠો સંબંધ જાળવી જ રાખશો, એવો મને વિશ્વાસ છે. લો, ગણી લો આ દશ રૂપિયા ! અને મને બશેર ગાંઠિયા અને શેર જલેબી તોળી આપો. એટલે એની રકમ પણ ચૂકતે કરીને હું મારા રસ્તે આગળ વધું !

વિઠ્ઠલ ના ના કરતો રહ્યો, છતાં સાંઢણીસવારે દશ રૂપિયા એ રીતે

ચૂકતે કર્યા કે, નવું ખાતું ચાલુ થાય અને જૂનું ખાતું ખતમ થાય ! એ ધારત તો બે રૂપિયા વિઠ્ઠલને પણ આપી શકત. પરંતુ આમ કરવાથી કંદોઈ-વિઠ્ઠલ વચ્ચેનો વર્ષો જૂનો નાતો આગળ ન વધી શકત. અને ફરી પાછી ગરજ ઊભી થતાં વિઠ્ઠલ કંદોઈ પાસે હાથ લંબાવવાની હિંમત ન કરી શકત. અણીના અવસરે મદદ પૂરી પાડનાર સાંઢણીસવાર ઉપર ઓળઘોળ બની ઊઠેલા વિઠ્ઠલે પૂછ્યું : નામ-ઠામ તો દર્શાવો. જેથી ગમે ત્યારે હું આ ઉપકારનો બદલો વાળવાનો પ્રયત્ન કરી શકું.

સાંઢણીસવારે કહ્યું : ભાઈ ! આમાં મેં ક્યાં કંઈ બહુ મોટો ઉપકાર કરી નાખ્યો છે કે, એનો બદલો હું સ્વીકારી શકું. આ તો મેં માત્ર કર્તવ્ય જ અદા કર્યું છે. હું જાતનો ચારણ છું. નામ મારું વાલા ખીમા કેસરિયા અને ગામ મારું ચોટીલા પાસેનું રેશમિયા ! ભવિષ્યમાં ક્યારેક એ તરફ આવો તો મારા ગામે અને ધામે જરૂર જરૂર પધારજો.

આટલી ઓળખાણ આપીને સાંઢણીસવાર તરીકે આવેલ વાલા ખીમા કેસરિયાએ કંદોઈ પાસેથી ગાંઠિયા-જલેબીનું પડીકું ગ્રહણ કર્યું અને એ પોતાના રસ્તે ચાલતો થયો. કંદોઈ આવી પરમાર્થ-મૂર્તિને નિહાળી જ રહ્યો, ચારણના રૂપમાં જાણે ભગવાન જ ભેટ ધરવા ભેટી ગયો હતો. એમ માનીને વિઠ્ઠલ પણ દેખાય ત્યાં સુધી આભારવશ વાલા ખીમાને જોતો જ રહ્યો. જોતો જ રહ્યો. વિઠ્ઠલની જેમ કંદોઈની આંખમાં પણ હર્ષનાં ઝળહળિયાં જોવા મળતાં હતા. એણે વિઠ્ઠલને કહ્યું કે, જ્યારે પણ જરૂરિયાત ઊભી થાય, ત્યારે મારી પાસે દોડ્યો આવજે. બોલ બે જ રૂપિયાની તારે જરૂર છે કે વધુ રૂપિયાની જરૂર છે ?

વિઠ્ઠલ નવું ખાતું ખોલાવીને અને એમાં બે રૂપિયાની નોંધ ટપકાવીને હરખાતો-હરખાતો ઘર તરફ ચાલી નીકળ્યો. પરમાર્થની પ્રતિમા સમા ચારણે જે ૧૦ રૂપિયા કંદોઈને ચૂકવ્યા હતા, એમાંના જે બે રૂપિયા વિઠ્ઠલના હાથમાં આવ્યા, એ સૌભાગ્યશાળી હશે, વળી એ ઘડીપળ પણ બડભાગી હશે, જેથી પછીના થોડા જ દિવસો-મહિનાઓમાં એ

રૂપિયાનો પુણ્ય-પ્રભાવ વિઠ્ઠલને અનુભવવા મળ્યો. ગાયકવાડી રાજ્યમાં સિપાઈગીરી કરતો વિઠ્ઠલ ઉપર ઉપરનો હોદ્દો પામતો ગયો અને થોડાં જ વર્ષોમાં તો સૂબા તરીકેના પદે પ્રતિષ્ઠિત બનીને ગાયકવાડી સૂબા વિઠ્ઠલરાવ દેવાજી તરીકેની નામના કામનાથી વડોદરા આસપાસની દશે દિશાઓને એ ગજવી રહ્યો.

ભાગ્ય આડેનું પાંદડું ખસી જાય, ત્યારે કુદરત છપ્પર ફાડીનેય કઈ રીતે સૌભાગ્ય-વર્ષા કરતી હોય છે, ભાગ્ય આડે પાંદડું છવાઈ જતાં થપ્પડ મારીનેય એ કઈ રીતે સૌભાગ્યને ઝૂંટવી લેતી હોય છે. આના નમૂના સમા સૂબા વિઠ્ઠલરાવ માટે આગળ જતાં એક દિ ધન્ય ઘડી એવી આવવા પામી કે, જ્યારે ચોતરફથી આપત્તિથી ઘેરાઈ ગયેલા ગાયકવાડના ધણી આનંદરાવને નવું જીવન બક્ષવામાં સૂબાને ધારણાતીત સફળતા સાંપડી. બન્યું હતું એવું કે, જેનો સૂબાને કોઈ જ અંદાજ નહોતો આવી શક્યો.

ભાગ્ય પલટાઈ જતાં આનંદરાવ બહારથી શત્રુઓના પેતરાના ભોગ બન્યા, જ્યારે બીજી તરફ કોઠારમાં ધાનના અને રાજકોશમાં ધનનાં તળિયાં દેખાવા માંડતાં, આવી બદનામીથી બચવાનો ઉપાય ઝેરની પ્યાલી જ દેખાતાં એમણે જિંદગીનો અકાળે અંત આણવાનો નિર્ણય લઈ લીધો. ક્યાંકથી આની ભાળ વિઠ્ઠલરાવને મળી જતાં જ તેઓ આનંદરાવની પાસે દોડી આવ્યા. એમણે એવું તો આશ્વાસન આપ્યું કે, જેના પ્રભાવે આનંદરાવ નવજીવનને આવકારવા તૈયાર થઈ ગયા.

યુદ્ધના ધોરણે સૂબાએ કથળતી પરિસ્થિતિ પર કાબૂ મેળવી જાણ્યો. પોતાની પાસે રહેલા ચુનંદા સૈનિકો દ્વારા એમણે સૌ પ્રથમ પેંતરા અને કાવાદાવા રચતા શત્રુઓને પરાસ્ત કરી દીધા. આ પછી રાજકોશને તરબતર કરવા સૂબા તરીકેની સત્તાનો દોર ચલાવીને એમણે આસપાસનાં ગામ-નગરોમાંથી લેણાની વસૂલાત કરવા માંડી. આ માટે જ ગુજરાતમાં બધે ઘૂમી વળીને તેઓ કાઠિયાવાડમાં પ્રવેશ્યા. રાજ્યની લેણી રકમની

ફટાફટ વસૂલાત થવા માંડી. અમરેલી-ચોટીલા આદિ ગામોમાં પણ ફફડાટ મચી ગયો. રેશમિયામાં આ સમાચાર મળતાં જ ગામધણીએ ચારણજાત પરના વિશ્વાસને લીધે વાલા ખીમા કેસરિયાને યાદ કરીને કહ્યું કે, તમે ચારણ છો, મારા વતી તમે સૂબા વિઠ્ઠલરાવને વિનંતી કરો, તો કઈક રહેમ-નજર રાખીને લેણાની વસૂલાત થવા પામે.

ચારણે કહ્યું કે, ગાયકવાડી સૂબાએ લેણાની વસૂલાત અંગે ચોમેર જે મારો ચલાવ્યો છે, એ જોતાં આવી ગરજ ગુજારવાનો કોઈ અર્થ જણાતો નથી. છતાં હું પ્રયત્ન કરી જોઈશ. આટલું આશ્વાસન આપીને આશા-નિરાશા વચ્ચે અટવાતા-અથડાતા ચારણે સૂબા પાસે જવાની તૈયારી કરી. રસ્તામાં જાતજાતના અને ભાતભાતના વ્યૂહ વિચારીને જ્યાં એ સૂબા સમક્ષ પહોંચ્યો અને જ્યાં સૂબાના દોરદમામ એણે જોયા, ત્યાં જ વિચારેલા તમામ વ્યૂહો જાણે વરાળ બનીને ઊડી જતા જણાયા. આમ છતાં હિંમત કરીને ચારણ સૂબા સમક્ષ પહોંચ્યો. એણે કહ્યું : રેશમિયાનો હું રહેવાસી છું. એક અરજ ગુજારવા આપની સમક્ષ હાજર થયો છું. જાતનો હું ચારણ છું.

આટલા શબ્દો સાંભળતાંની સાથે જ સૂબા વિઠ્ઠલરાવ કોઈ ગંભીર વિચારણામાં ગરકાવ બની ગયા. રેશમિયાનું નામ સાંભળતાં એમની સમક્ષ પોતાનો એ ગોઝારો ભૂતકાળ એકાએક સજીવ બની ઊઠ્યો. એઓ એવા વિચારે ચડી ગયા કે, જ્યારે હું વિઠ્ઠલો હતો અને કંદોઈની ગાળો ખાઈ રહ્યો હતો, ત્યારે સાંઢણીસવાર બનીને આવેલા કોઈ ચારણે જ મારી જીવનનાવનું સુકાન સંભાળી લીધું હતું. એના પ્રતાપે જ આગળ જતાં હું સૂબો બની શક્યો. એ ચારણનું નામ વાલો ખીમો આવું જ કંઈક હતું. અરજ ગુજારવા આવેલો આ ચારણ એ જ હોય, તો કેવું સારું, તો હું ઉપકારનો બદલો વાળીને ઋણમુક્ત બની શકું.

સૂબાએ ચારણના ચહેરાને ધારીધારીને નિહાળવાનો પ્રયત્ન કર્યો, તો કોઈ સ્મૃતિ તાજી થતી અનુભવાઈ. એમણે કહ્યું : તમારું નામ શું છે ?

સૂબાનો આવો સ્નેહાર્દ્ર સવાલ સાંભળતાં જ ચારણના હૈયે વાત કરવાની હિંમત જાગી. એણે કહ્યું : લોકો મને વાલા ખીમા કેસરિયાના નામે ઓળખે છે.

ચારણના મોંમાંથી નીકળેલા આ શબ્દો સાંભળતાં જ સૂબાએ રોમાંચ અનુભવ્યો. એઓ અડધા બેઠા થઈ ગયા. એમણે ચારણને માન-સન્માનપૂર્વક બેસવાનો આગ્રહ કરીને કહ્યું કે, ચારણ ! તમે મને ઓળખી શક્યા નથી, પણ હું તો તમારું નામ સાંભળીને તમને બરાબર ઓળખી ગયો છું. યાદ કરો એ દિવસો ! સાંઢણીસવાર બનીને તમે વડોદરા આવ્યા હતા, ત્યારનો કોઈ પ્રસંગ સાંભરે છે ? કંદોઈની એક દુકાને ચાલતી લેવડ-દેવડ અંગેની રકઝકનો અંત આણવા તમે ૧૦ રૂપિયાનું ખાતું ચૂકતે કરાવેલું અને નવું ખાતું શરૂ કરાવેલું. આવું કંઈક તમને સાંભરે છે ખરું ?

ચારણને આ પ્રસંગ આખેઆખો સાંભરી આવ્યો. એણે રોમાંચ અનુભવતાં કહ્યું કે, કંદોઈ અને વિઠ્ઠલા વચ્ચેની રકઝકની એ ઘટના બરાબર યાદ આવી ગઈ. પણ એ ઘટના અને આજના આપણા મેળાપ વચ્ચે કોઈ સંબંધ ખરો ?

સૂબાએ કહ્યું : થોડો જ નહિ, ઘણોબધો સંબંધ છે, એ ઘટના અને આજના આપણાં મેળાપ વચ્ચે ! કારણ કે તમે જેની પર ઉપકાર કરવા ૧૦ રૂપિયાનું ખાતું ચુકતે કરવાની ઉદારતા દર્શાવી હતી, એ વિઠ્ઠલો જ આજે તમારી સમક્ષ સૂબા વિઠ્ઠલરાવ રૂપે ઉપસ્થિત છે. અણધારી રીતે જ એ ઉપકારમાંથી મુક્ત થવાની પુણ્યપળ સામે પગલે ચાલીને મને મળવા આવી છે. એને વધાવી લઈને હું કંઈક ઋણ-મુક્ત બનવા માંગું છું. માટે ફૂલ નહિ, તો ફૂલપાંખડી રૂપે હું જે કંઈ સમર્પિત કરું, એને આપ અવશ્ય સ્વીકારી લઈને મને ઉપકૃત કરશો જ, એવી વિનંતિને આપ નહિ જ અવગણો, એવો મને વિશ્વાસ છે.

ચારણે ધાર્યું હતું શું અને સૂબા તરફથી પ્રતિભાવ મળ્યો કેવો અને કેટલો બધો આશ્ચર્યકારી ? એથી વાતાવરણે એકાએક જ પુણ્ય-પલટો લેતાં સૌ સ્તબ્ધ બની ગયા. માત્ર ૧૦ રૂપિયાનું દેવું ચૂકતે કરનારા ચારણ વાલા ખીમા કેસરિયાના ચરણે એક લેખ-પત્ર સૂબા વિઠ્ઠલરાવે અહોભાવપૂર્વક સમર્પિત કર્યો. એમાં લખ્યું હતું કે, 'ગરણી' નામના ગામને ઉપકારી ચારણનાં ચરણે સમર્પણ કરું છું. અને આ રેશમિયા-ગામ લેણા રૂપે જે કઈ રકમ રાજીખુશીથી આપે, એમાં સંતોષ માનીને અહીંથી આગળ વધવાનું જાહેર કરું છું. કેમ કે ચારણની જેમ રેશમિયાનું પણ મારે માથે ઋણ ગણાય !

નિઃસ્વાર્થભાવે કરાયેલા ઉપકારના કણને મણ રૂપે પ્રતિફલિત થતાં દર્શાવતા આ ઈતિહાસમાં એ વાત પણ નોંધાયેલી જોવા મળે છે કે, કાઠિયાવાડના બાબરા તાલુકાના ગરણી ગામની ઊપજનો ભોગવટો વર્ષો સુધી ચારણ વાલા ખીમા કેસરિયાના વારસદારો કરતા રહ્યા હતા.

આધાર : નાનાભાઈ હ. જેબલિયા લિખિત પ્રસંગ 'વિઠલો'

## આંગળી-ચીંધણાને આવકાર

### ૧૮

ધરતીએ લીલુડા શણગાર સજ્યા છે. ખેતરે ખેતરે મબલખ મોલ લહેરાઈ રહ્યો છે. વૃક્ષો અને વેલડીઓ ફળ-ફૂલથી લચી ઊઠી છે. કચ્છનો પ્રદેશ હોવા છતાં નખત્રાણા ગામની આસપાસની આ ધરતી પર જાણે કુદરત ચારે હાથે કૃપા વરસાવી રહી હોય, એવી કલ્પના કરવાનું મન થાય, એ જાતની હરિયાળીથી હસી રહેલી એ ધરતીનું દર્શન થતા જ ખુશખુશાલી અનુભવતા કચ્છ-ભુજના મહારાવ-ખેંગારજી બાવાની મોટરગાડી ભુજ તરફ આગળ વધી ગઈ.

એ ગાડીમાં મહારાવની સાથે જંગલખાતાના અધિકારી વાઘજીભાઈ પણ બેઠા હતા. અલકમલકની વાતો ચાલી રહી હતી, તેમાં નખત્રાણા આસપાસનો આવો હરિયાળો પ્રદેશ જોતાં જ મહારાવનું મન એક એવા વિચિત્ર વિચારમાં ગોથાં ખાવા માંડ્યું કે, કચ્છના કાશ્મીર સાથે સરખાવી શકાય એવો આ પ્રદેશ હોવાથી અહીં ફળ-ફૂલથી વૃક્ષો, વેલડી અને વાડીઓ લચી પડી છે, તો ખેતરો ધાન્યના મબલખ પાકથી ભર્યાંભર્યાં છે. માટે આ પ્રદેશની વિઘોટી વધારી દેવામાં આવે તો રાજ્યની આવકમાં સારામાં સારો વધારો ન થવા પામે શું ?

ભુજ તરફ સડસડાટ દોડતી એ મોટરના વેગ કરતાંય વધુ વેગીલું વિચારનું આવું વાવાઝોડું મહારાવના મનમાં ઘમસાણ મચાવી રહ્યું. લાભે લોભ જાગે, આ કહેવત એમણે સાંભળી તો અનેક વાર હતી,

પણ આજે તો જાણે એની સાર્થકતાનો સાક્ષાત્કાર થતો અનુભવાઈ રહ્યો હતો. ગાડીમાં સાથે બેઠેલા વાઘજીભાઈ વિશ્વાસુ હતા, વળી જંગલ-ખાતાના એ અધિકારી પણ હતા અને 'વિઘોટી' જંગલખાતાનો જ વિષય ગણાય, એથી એમણે વાઘજીભાઈને જણાવ્યું કે, આ પ્રદેશમાં ધાન્ય અને ફળ-ફૂલની ઊપજ બહુ સારી થતી લાગે છે. માટે અહીંની વિઘોટી વધારી દેવામાં આવે, તો મને લાગે છે કે, રાજ્યને સારામાં સારો લાભ થવા પામે. માટે ભુજ પહોંચીને આ પ્રશ્ન હાથ પર ધરીશું. મારો આ વિચાર તમને કેવો લાગે છે ?

વાઘજીભાઈ આ સવાલ સાંભળીને મૌન થઈ ગયા. વિઘોટી વધારવાની વાતમાં 'હા' પણ પડાય એમ ન હતી અને 'ના'ને મહારાવ ગણકારે કે નહિ, એ સવાલ હતો. એથી હાલ મૌન રહેવામાં જ મજા હતી. છતાં આ બાબતમાં પોતાની નારાજગી દર્શાવવાનું કર્તવ્ય તો તેઓ અદા કરવા જ માગતા હતા. આ માટે સાનુકૂળ તકની પ્રતીક્ષા કરતા તેઓ વળી બીજી જ જાતની વિચાર-ધારામાં વહેવા લાગ્યા.

મહારાવ અને વાઘજીભાઈનું વિચાર-વહેણ જુદી જુદી જ નહિ, પણ સાવ જ વિપરીત દિશામાં વહેવા માંડ્યું. વાતચીત અને મોજમજાના માહોલ પર ગંભીરતાનો પડદો પડી ગયો. મહારાવ વિચારી રહ્યા કે, કચ્છના કાશ્મીર તરીકે બિરદાવી શકાય, એવો આ પ્રદેશ જોકે કંઈ બહુ મોટો નથી, પણ અહીંની ફળદ્રુપ જમીનમાં જે પાક પેદા થાય છે, એ એટલો બધો મબલખ લાગે છે કે, આ પાક પરની 'વિઘોટી'માં થોડો પણ વધારો કરવામાં આવે, તો રાજકોશ ઠીક ઠીક પ્રમાણમાં છલકાઈ ઊઠ્યા વિના ન જ રહે.

વાઘજીભાઈનું વિચાર-વહેણ વળી વિપરીત દિશાનું હતું. એઓ એકદમ નાની ઉંમરથી જ રાજકાજમાં રસ લઈ રહ્યા હતા. એમની આંખ સામે મહારાવ ખેંગારજીના પિતાજીનો રાજ્યકાળ તરવરી રહ્યો હતો, એ વખતે નખત્રાણા આસપાસનો આ પ્રદેશ 'ધર્માદા' જાહેર

કરવામાં આવ્યો હતો, એની સ્મૃતિ વાઘજીભાઈના આંખ-અંતર સમક્ષ એકદમ સજીવન બનીને તરવરી ઉઠી હતી. મહારાવે વિઘોટી વધારવાનો જે પ્રસ્તાવ મૂક્યો હતો, એ વાઘજીભાઈને એ કારણે જ ગમ્યો ન હતો કે, એ 'ધર્માદા' ધરતીપર તો હવે લોભ-લાલચની નજર પણ જો ન માંડી શકાય, તો આમ વિઘોટી તો કઈ રીતે વધારી શકાય ? આ તો ધર્માદાના પુણ્યને લૂંટવા જેવી બદદાનત જ ગણાય. માટે મહારાવના મનમાં જાગેલી લોભની લાય પર પુણ્ય-કાર્યની સ્મૃતિનું પાણી રેડીને એને ઠારવાનું કર્તવ્ય કઈ રીતે અદા કરવું, એના વિચારમાં વાઘજીભાઈ ગરકાવ બની ગયા. મહારાવ અને વાઘજીભાઈની વિચારમગ્નતા વધી રહી હતી, ત્યાં જ નખત્રાણા આસપાસનો જે પ્રદેશ 'ધર્માદા' કરવામાં આવ્યો હતો, એનો સીમાડો નજીક આવતા જ વાઘજીભાઈએ મહારાવને કહ્યું કે, મહારાવ ! થોડી વાર માટે મોટરને ઊભી રખાવો તો સારું !

આમ અચાનક જ મોટર ઊભી રાખવાનું કારણ મહારાવને ખ્યાલમાં ન આવ્યું. છતાં વાઘજીભાઈનો પ્રસ્તાવ સ્વીકારીને એમણે ડ્રાઈવરને ગાડી ઊભી રાખવાનો ઈશારો કરતા તરત જ ગાડી ઊભી રહી ગઈ. ગાડી ઊભી રાખવાનું કારણ જાણવા મહારાવ હજી તો કંઈ પૂછે, એ પૂર્વે તો મોટરનું બારણું ખોલીને વાઘજીભાઈ નીચે ઊતર્યા. મોટર પર જામેલી રજને પોતાના ખેસથી ખંખેરવાની જ્યાં એમણે શરૂઆત કરી, ત્યાં જ મહારાવે પૂછ્યું : વાઘજીભાઈ ! આ શું કરો છો ? આ ધૂળ તો ભુજ જઈને ડ્રાઈવર ખંખેરી નાખશે. આમ અધવચ્ચે જ અને એ પણ ખેસથી તમે જાતે શા માટે ધૂળ ખંખેરો છો ? શું આ માટે જ તમે મોટર ઊભી રખાવી ? ડ્રાઈવરનું કામ તમે કરી રહ્યા છો, તો આની પાછળ તમારો હેતુ શો છે ? એ જાણ્યા વિના મને ચેન નહિ પડે.

વાઘજીભાઈની ધારણા મુજબ જ પ્રશ્ન થયો હતો, એથી આ તકને ઝડપી લઈને કર્તવ્યની સ્મૃતિ થઈ આવે, એવી અદાથી એમણે જવાબ આપતાં જણાવ્યું કે, મહારાવ ! આપના પિતાશ્રીએ નખત્રાણા

આસપાસની આટલી હદ સુધીની જમીન ધર્માદા જાહેર કરી હોવાથી ધર્માદા ધરતીની ધૂળ પણ આપણાથી કેમ લઈ જઈ શકાય ? 'ધર્માદા'નો ઉપયોગ થઈ જવાનો દોષ ન લાગે, એ માટે જ આ મોટર પર લાગેલી ધર્માદા ધરતીની ધૂળ હું ખેસથી ખંખેરી રહ્યો છું. ડ્રાઈવર પાસે તો 'ધર્માદા-દાન'ની મહત્તા અંગેનો આવો ખ્યાલ ન હોવાથી, ગાડીને અહીં અધવચ્ચે ઊભી રખાવીને ખેસથી ધૂળ ખંખેરવાનું કર્તવ્ય હું અદા કરી રહ્યો છું. એ આપને પણ યોગ્ય જ જણાશે, એવો મને વિશ્વાસ છે.

વાઘજીભાઈની આ વાત સાંભળતા જ મહારાવ ખેંગારજીને પોતાની ભૂલ સમજાઈ ગઈ. એમને થયું કે, ધર્માદા ધરતીની ધૂળ પણ જો લઈ જઈ ન શકાય, તો પછી વિઘોટી વધારવાની વાતને સ્વપ્રેય શી રીતે વિચારી શકાય ? જે જમીનને મારા પિતાજી ધર્માદા તરીકે જાહેર કરી ગયા, એની પર સોનું પાકતું હોય, તોય મારે મન એ શિવનિર્માલ્ય જ ગણાય, જો વાઘજીભાઈએ મારી આંખ ખોલી ન હોત, તો વિઘોટી વધારવાનું પાપ ચોક્કસ મારા હાથે થઈ જ જાત. આંખ આંસુભીની બની જતાં ગળગળા સાદે મહારાવે કહ્યું : 'વાઘજીભાઈ ! ખરેખર આજે તમે મારી આંખ ઉઘાડી છે. વિઘોટી વધારવાનો વિચાર કરીનેય મેં જે માનસિક પાપ બાંધ્યું, એમાંથી મુક્ત થવા હવે વચનબદ્ધ બનું છું કે, હવે ક્યારેય આવું કરવાની ભૂલ હું તો નહિ જ કરું, પણ ભવિષ્યમાંય કોઈને આવો વિચાર ન આવે, એવું કડક નિયમન આજે ને આજે જ ભુજ પહોંચ્યા બાદ હું કર્યા વિના નહિ જ રહું.'

મહારાવનો આ નિર્ણય સાંભળીને વાઘજીભાઈના આનંદને આરોઓવારો ન રહ્યો. કર્તવ્ય ચીંધ્યાનો સંતોષ એમના મુખ પર મલકાઈ રહ્યો હતો, તો મહારાવના હૈયામાં આંગળી ચીંધણાને આવકાર્યાનો આનંદ છલકાઈ રહ્યો હતો, આજે આ રીતે આંગળી ચીંધણું કરનારાનો જ દુકાળ વરતાઈ રહ્યો છે, ત્યાં આવા આંગળી-ચીંધણાને આવકારનારાઓનો સુકાળ તો સંભવે જ શી રીતે ?

## વિધિનાં વિધાન અને એંધાણ કેવાં અકળ ?

### ૧૯

કોઈ ભાવિભાવ જ્યારે અવશ્યંભાવિ હોય છે, ત્યારે અઘટિત જણાતા સંયોગો પણ સુઘટિત બની જતા એવું આશ્ચર્ય અનુભવાય છે કે આ અઘટિત કઈ રીતે સુઘટિત બની જવા પામ્યું ! આથી વિપરીત કોઈ ભાવિભાવ જ્યારે અવશ્યંઅસંભવી હોય, ત્યારે સુઘટિત સંયોગો પણ વેરવિખેર અને વેરણછેરણ બની જતા આઘાતમિશ્રિત એવી આશ્ચર્યાનુભૂતિ પણ થવા પામતી હોય છે કે, સુઘટિત આ સંજોગો કઈ રીતે વિઘટિત બનીને વેરણછેરણ બની જવા પામ્યા !

આ એક સનાતન સત્ય છે. આનો સાક્ષાત્કાર કરાવી જતો, પાટણના રાજવી ભીમદેવના જીવનનો એક પ્રસંગ જાણવા જેવો છે. રાજવી એક વાર એવી જીવલેણ માંદગીનો ભોગ બન્યા કે, એથી પાટણ ઉપરાંત આખું ગુજરાત ચિંતિત અને ગંભીર ગમગીનીનો ભોગ બની ગયું. રાજવીને લાગુ પડેલો રોગ શરૂઆતમાં તો કળાયો જ નહિ, જ્યારે એ કળાયો, ત્યારે એ નિદાન મુજબનો ઉપાય કોઈના ખ્યાલમાં ન આવ્યો, બીજી તરફ રાજવીની પીડા વધુ ને વધુ અસહ્ય બનતી જતી હતી.

રોગની અસહ્યતા જ્યારે અવધિ વટાવી ગઈ, ત્યારે અંતે એક દહાડો રાજવીના મનમાં આત્મ-વિલોપનનો માર્ગ અપનાવીને દર્દની અસહ્યતાથી છુટકારો પામવાનો ગોઝારો એક વિચાર આવી ગયો. જોકે અસહ્યતાથી આ રીતે છુટકારો પામવા જતા આમાં તો દેહથી પણ

છુટકારો પામવો પડતો હતો. એથી મંત્રીઓ સહિત પ્રજા એક વાર તો આ વિચાર સાંભળીને ધ્રૂજી જ ઊઠી. બીજી તરફ રોગથી રિબાતા રાજવીનો તરફડાટ પણ કોઈથી જોયો જતો ન હતો. એથી ગોઝારી એ વિચારણા અટકી જવાને બદલે ધીરેધીરે વેગ પકડતી ગઈ, બધાંને જાણે એવો આભાસ પણ થવા માંડ્યો કે રોગની આ રિબામણ કરતાં કદાચ આત્મવિલોપન ઓછું દુઃખદ હશે ?

પાટણ અને ચિત્તોડ વચ્ચે સારો સ્નેહસંબંધ હતો. પાટણના આ બધા સમાચાર ચિત્તોડ પહોંચ્યા, ત્યારે એ સાંભળીને ચિત્તોડ-રાણા કરણસિંહજીનું કાળજું કપાઈ ગયું. રોગ અને વેદનાનો ભોગ તો ભીમદેવ બન્યા હતા, પણ જાણે એની પીડા રાણા પોતે વેઠી રહ્યા હોય, એવું જણાતાં મંત્રીમંડળ એકઠું થઈ ગયું. રાણાએ ચિંતાથી ચૂરચૂર થતા શબ્દોમાં પોતાની વ્યથા વ્યક્ત કરતાં કહ્યું કે, પાટણની એ પીડા ભીમદેવ કરતાં કદાચ મને વધુ પીડી રહી છે. માટે મારા એ મિત્ર રાજવીને રોગમુક્ત બનાવવા કોઈ નક્કર પગલાં ભરવા અંગે વિચારવું જ રહ્યું. જાતજાત અને ભાતભાતની અનેકવિધ વિચારણાને અંતે એવો નિર્ણય લેવાયો કે, ચિત્તોડના રાજવૈદ્ય ગોવિંદ પ્રસાદને ઉપચાર અંગેની તમામ સામગ્રી સાથે રાજ્ય તરફથી ઝડપભેર પાટણ રવાના કરવા !

રાજવૈદ્યને ખુદને પણ એવો વિશ્વાસ હતો કે, જો રોગ સાધ્ય હશે, તો પોતાના ઉપચારો જરૂર લાગુ પડશે અને મૃત્યુના મુખમાંથી ભીમદેવને ઉગારી લેવામાં પોતાને સફળતા મળ્યા વિના નહિ જ રહે. એમનો પ્રવાસ ઝડપભેર પાટણ ભણી આગળ વધ્યો. રાજવૈદ્ય ખરેખર ધન્વંતરિ, ચરક અને સુશ્રુતના અવતાર જેવા જ હતા. એથી એમનું આગમન સાંભળીને પાટણના હૈયે આશાનો સંચાર થયો. એ સંચારે ગુજરાતને પણ આશાન્વિત બનાવ્યું. એ ધન્ય દિવસ પણ આવ્યો, જ્યારે ઘણા ઘણા અરમાન સાથે આશાભર્યા હૈયે પાટણની પ્રજાએ રાજવૈદ્ય ગોવિંદ પ્રસાદનો પ્રવેશ કરાવ્યો.

રાજવી ભીમદેવને પણ રાજવૈદ્યના આગમનના આ સમાચાર મળી ચૂક્યા હતા, એથી એમની મૃતપ્રાયઃ મનઃસૃષ્ટિમાં પણ હર્ષની થોડીક હલચલ મચી હતી. દિવસોથી ચિંતામગ્ન એમના ચહેરાને રાજવૈદ્યનું આગમન ઠીકઠીક પ્રસન્ન બનાવી ગયું. ભીમદેવનો ચહેરો જોઈને જ રાજવૈદ્ય એમને લાગુ પડેલો રોગ કળી ગયા. પરંતુ વધુ નક્કર નિર્ણય પર આવવા એમણે નાડીપરીક્ષાપૂર્વક કેટલીક વાતો પરિચારકો અને વૈદ્યો દ્વારા જાણી લીધી, ત્યારે તો એમની બધી જ આશાઓ પર પાણી ફરી વળ્યું. કેમ કે રોગનું પાકું નિદાન તો થઈ ગયું હતું, એનો ઉપચાર પણ ખ્યાલમાં આવી ગયો હતો, પરંતુ એ એવો કઠિનાતિકઠિન હતો કે, ઉપચાર અંગેની વાત કરતાં પણ એમનું દિલ ચાલતું નહોતું. રોગ સાધ્ય હોવા છતાં ઉપચાર અસાધ્ય પ્રાયઃ હોવાથી ખોટી આશાઓની મહેલાતો ઊભી કરીને રોગીને એ આશાસૃષ્ટિમાં રઝળાવીને અંતે મૃત્યુના મુખમાં હોમી દેવાની નિષ્ઠુરતા આચરવાની રાજવૈદ્યની જરાય તૈયારી ન હતી, એથી એમણે જરાય શેહશરમ રાખ્યા વિના મંત્રીઓને પણ કહી દીધું કે,

'રાજવીને લાગુ પડેલો રોગ પકડાઈ ગયો છે. આ રોગ અસાધ્ય પણ નથી. પરંતુ જે ઉપચારથી આ રોગ મટી શકે એમ છે, એ ઉપાય તો એકદમ અસાધ્ય છે. આટલું લખી રાખશો અને આ જ કારણે આ રોગનો ઉપચાર કરી શકાય એમ જ નથી. આ રોગનું શમન જો અવશ્યંભાવિ હશે, તો ભાવિ જ અસંભવિતને સંભવિત બનાવીને અઘટિતને ઘટિત કરવાનો ચમત્કાર સર્જવા દ્વારા આ રાજવીને રોગમુક્ત કર્યા વિના નહિ જ રહે.

રાજવૈદ્ય ગોવિંદ પ્રસાદની આ વાત સાંભળીને પાટણે ધરતીકંપ જેવો કાળજા-કંપ અનુભવ્યો. જાણે અમૃતની પ્યાલી હોઠ સુધી આવીને ઝૂંટવાઈ જવાની હોય, એના જેવું દુઃખ અનુભવતાં સૌએ વિનંતી કરી કે, વૈદ્યરાજ ! આમ હાથ ખંખેરી ન નાંખો. ઉપચાર અંગે થોડોઘણો

પણ પ્રયત્ન અવશ્ય કરો. નિદાન કરવા માટે આટલું બધું કષ્ટ વેઠ્યું, એને સાર્થક બનાવવાની પળ હવે પાકી ગઈ છે, ત્યારે હતાશ ન બનતાં થોડો વધુ પ્રયત્ન કરો. ઉપચાર કરવામાં કોઈ નુકસાન નથી, એ લાગુ નહિ પડે તો તમને અપયશ નહિ મળે, જો લાગુ પડશે તો એ યશના સો ટકા અધિકારી તમે જ બનવાના છો. માટે અમારી વિનવણી પર કંઈક વિચાર કરો.

રાજવૈદ્ય જો થોડાક પણ આશાન્વિત હોત, તો એમણે આ વિનવણીને વધાવી લેવામાં પળનોય વિલંબ ન કર્યો હોત, પરંતુ એમને ચોક્કસ એવી ખાતરી હતી કે, ઉપચાર એવો છે કે વૈદક ગ્રંથમાં દર્શાવેલ રીત મુજબ એ થઈ શકે તો જ લાભ થાય, વિપરીત રીતે થાય, તો એ ઉપચારથી દર્દીની હાલત વધુ દયાજનક બન્યા વિના ન જ રહે. એથી રાજવૈદ્યે જણાવ્યું કે, આ ઉપચાર એવો અસાધ્યકોટિનો છે કે, માણસ એને લગભગ કરી ન શકે અને દર્દ જો મટવાનું હોય તો ભાવિ જ એ ઉપચારને સહેજે સહેજે સાધ્ય બનાવી દે. માટે આવો આગ્રહ કરવાનો રહેવા દો. અને મને ચિત્તોડ જવાની અનુમતિ આપો.

વૈદ્યરાજની આ વાતને સ્વીકાર્યા વિના ચાલે એમ જ ન હતું. એથી આ વાત સાંભળીને પાટણે મૌન ધારણ કર્યું. અને મૂકસંમતિ માનીને વૈદ્યરાજે જ્યાં ચિત્તોડ તરફ પ્રયાણ કર્યું, ત્યાં જ રહીસહી આશા પર પાણી ફરી વળતાં રાજવી ભીમદેવ જે ગોઝારી વિચારણાના ભોગ બન્યા હતા, એ વિચારણાનાં ચક્રો પુનઃ ગતિમાન થયાં. અને થોડા જ દિવસો બાદ સિદ્ધપુર જઈને રાજવીએ નદીકિનારે આત્મવિલોપન કરવાનો નક્કર નિર્ણય લઈ લીધો. આ નિર્ણયની જાહેરાત થતાં સમગ્ર ગુજરાત હલબલી ઊઠ્યું, પાટણની પીડાનો તો કોઈ પાર ન રહ્યો.

ભીમદેવનો આ આખરી નિર્ણય હતો. રોગની પીડા હવે રાજવી સહન કરી શકે એમ ન હતા અને પાટણ એ પીડા જોઈ શકે એમ નહોતું. અંતરે અંતરે આઘાતની આગ સળગી ઊઠી અને આંખે આંખે

આંસુનાં પૂર ઊમટ્યાં. આવા ગંભીર વાતાવરણમાં એક દહાડો ભીમદેવે થોડા રસાલા સાથે સિદ્ધપુર તરફ પ્રયાણ આદર્યું. રાજવીને અંતિમ વિદાય આપીને પાછા ફરતાં લોકોનું મન માનતું નહોતું. પણ મન પર પથ્થર મૂકીને સૌ પાછા વળ્યા અને સિદ્ધપુર તરફ આગળ વધવા પણ કોઈના દિલમાં રાજીપો ન હતો. પણ એ પ્રયાણ ટાળી શકાય એમ નહોતું, એથી દિલ પર પથ્થર મૂકીને સૌ આગળ વધવા માંડ્યા.

પાટણથી નીકળ્યાને થોડા દિવસ વીત્યા, ત્યાં એક દિવસ અજબગજબનો ચમત્કાર સરજાઈ ગયો. બન્યું એવું કે ભીમદેવ જે રથમાં બેસીને આગળ વધી રહ્યા હતા એની આગળ શેરડીના સાંઠાથી ભરેલું એક ગાડું પસાર થઈ રહ્યું હતું. એ શેરડીને જોઈને ભીમદેવની જીભમાંથી પાણી છૂટવા માંડ્યું. આમ તો કંઈ પણ ખાવાપીવાની રુચિ તેઓ ખોઈ બેઠા હતા. પરંતુ કોણ જાણે કેમ એ શેરડી જોઈને આસ્વાદ લેવાની લાલચ તેઓ રોકી શક્યા નહિ. મંત્રી સમક્ષ એમણે શેરડીનો સ્વાદ લેવાની જાગેલી લોલુપતા વ્યક્ત કરી. મંત્રીઓએ ગાડાના એ માલિક સામે આ વાત મૂકતાં રાજીનો રેડ થઈ જતાં એ નાચી ઊઠ્યો કે, મારાં આવાં ભાગ્ય ક્યાંથી કે ભીમદેવની સેવાનો મને લાભ મળે.

ગાડાના માલિક એ ખેડૂતે શેરડીના ભારામાંથી શેરડીનો એક સાંઠો ખેંચી કાઢ્યો. એને છોલ્યા પછી ગંડેરી રૂપે નાના નાના ટુકડાઓમાં એ સાંઠાને વિભાજિત કરવાપૂર્વક ખેડૂતે એક થાળમાં એને બરાબર ગોઠવીને ભીમદેવ સમક્ષ એ ઇક્ષુથાળ ધરી દીધો.

ગંડેરીના એ નાના નાના ટુકડાઓને ભીમદેવ ખૂબ જ રુચિપૂર્વક ચૂસવા માંડ્યા. એમની રુચિ-ભૂખ જાણે એકદમ ખૂલી ગઈ. ગંડેરીના એક પછી એક ટુકડાને એઓ ચૂસતા ગયા અને ધગધગતા એમના કોઠામાં જાણે શીતળતા છવાતી ગઈ. એમને પોતાને પણ સમજણ પડતી ન હતી કે, મને આ શેરડી જોઈને ખાવાની ઇચ્છા કેમ થઈ જવા પામી ? રુચિપૂર્વક ચુસાતી એ શેરડીનો રસ જાણે અમૃત બનીને એમના

કોઠામાં પોતાનો પ્રભાવ વિસ્તારી રહ્યો હતો. આનું કારણ તો કોઈની જ સમજમાં આવતું નહોતું.

એ રાતે સૂરજ સોનાનો ઊગ્યો. એ ખેડૂતમાં ભીમદેવને ભગવાનનાં દર્શન થયાં અને શેરડી-ગંડેરીના એ રસને તો એમણે અમૃતથી પણ અધિક માણ્યો. દિવસોથી સાવ મરી ગયેલી ભૂખ એ શેરડીનું અમૃત પીધા પછી જાગ્રત થઈને જ્વલંત બની ગઈ. જે આંખમાં દિવસોથી ઊંઘ આવી નહોતી, એ આંખમાં એ રાતે ઊંઘ જાતે ઉપાસના કરવા સામેથી ચાલીને આવી. આ એક જાતનો ચમત્કાર હતો. અને ચકચારભરી ઘટના હતી. સૌની આંખમાં આનંદ વધુ હતો કે આશ્ચર્ય વધુ હતું, એનો નિર્ણય કરી શકાય એમ નહોતો. જાણે એમ જ લાગતું હતું કે સૌના અંતરમાં આનંદાશ્ચર્યની સહ-સ્પર્ધા જામી હતી.

મોતની મુલાકાત લેવા નીકળેલા રાજવીને જાણે અધવચ્ચે જ નવજીવનનો ભેટો થવા પામ્યો હતો, સાથે રહેલા વૈદ્યો નાડી જોઈને દિંગ રહી ગયા. રોગનો દેહવટો સૂચવતી નાડી પણ સપ્રમાણ ચાલતી હતી. નખમાંય જાણે રોગ જણાતો નહોતો અને કાયા તથા કાળજાને કંપાવતી દારુણ પીડા તો જાણે ભૂતકાળ જ બની ગઈ હતી. ચોમેર આ સમાચાર ફેલાઈ જતાં અકાળવર્ષાની જેમ ધીમે-ધીમે સમગ્ર ગુજરાત હર્ષની હેલીમાં નાહી રહ્યું.

સિદ્ધપુર જવા નીકળેલા ભીમદેવ અધવચ્ચેથી જ પાટણ તરફ પાછા ફર્યા. રાજવી જાણે નવો અવતાર ધારણ કરીને આવ્યા હતા, એથી પ્રજાએ હૈયાના હર્ષથી રાજવીનો પ્રવેશપ્રસંગ કોઈ મહોત્સવની જેમ માણ્યો. મંત્રીઓએ આ સમાચાર ખુશાલી રૂપે ચિત્તોડ પાઠવ્યા અને સાથે સાથે એ પણ જણાવ્યું કે, 'રાજવૈદ્યને પણ એ વિગત વધામણી રૂપે વિદિત કરશો. એમના દ્વારા ઉપાયની અસાધ્યતા અંગે જે કંઈ જણાવાયું હતું, એ ખોટું પડેલું લાગે છે, એનો આનંદ હોવા છતાં વૈદ્યરાજની વાત કેમ વિપરીત સાબિત થઈ અને ઉપચાર કર્યા વિના જ

દર્દ કઈ રીતે ચાલ્યું ગયું, એનો ખુલાસો જાણવા પાટણ તો અત્યાતુરતા અનુભવે છે.'

આ સમાચાર ચિત્તોડ પહોંચતાં જ કરણસિંહજી તો રાજીના રેડ થઈ ગયા. એક દૃષ્ટિએ રાજવૈદ્ય પાટણ પૂરતા ખોટા ઠર્યા હોય એમ જણાતું હતું. પણ એથી તો કરણસિંહજી વધુ આનંદિત હતા. આમ છતાં ઉપચાર કર્યા વિના જ જીવલેણ રોગમાંથી ભીમદેવને કઈ રીતે મુક્તિ મળી જવા પામી, એ એમના માટે પણ મૂંઝવણનો વિષય હોવાથી રાજવૈદ્યને ભીમદેવના સમાચાર વધામણી રૂપે જણાવીને પૂછ્યું કે, વૈદ્યરાજ ! તમારી વાત તો વિપરીત ન જ ઠરે એવો વિશ્વાસ હોવાથી હું એ જાણવા માગું છું કે, કોઈ પણ જાતના ઉપચાર વિના જ ભીમદેવ કઈ રીતે રોગમુક્ત બની ગયા ?

રાજવૈદ્યે ખુલાસા રૂપે જણાવ્યું કે, ભીમદેવના રોગનું નિદાન કર્યા બાદ મેં જણાવ્યું હતું કે, આ રોગનો જે ઉપચાર છે, એ કષ્ટસાધ્ય એટલે અસાધ્ય જેવો જ હોવાથી આ રોગ જો મટવાનો હશે, તો ભાવિભાવ જ આને મટાડશે. આપે આપેલા સમાચાર મુજબ ભીમદેવ રોગમુક્ત બન્યા છે, એ ઉપાયના સેવન વિના તો નહિ જ બન્યા હોય ! આયુર્વેદશાસ્ત્રના વિધાન મુજબ જે શેરડીના મૂળમાં સાપણ વિયાઈ હોય, એવી પ્રસૂતિવાળી શેરડી જો ચૂસવામાં આવે તો દર્દીને જીવલેણ રોગમાંથી મુક્તિ મળી શકે. આવી શેરડી મેળવવા માટેની માનવીય-મથામણ સફળ થાય, એ અશક્ય પ્રાયઃ હોવાથી કુદરતની કરામત રૂપે જ આવી શેરડી ભીમદેવને મળી ગઈ હશે અને એના સેવનથી જ એઓ રોગમુક્ત બની શક્યા હશે. આપને કદાચ મારું આ અનુમાન નવાઈભર્યું લાગતું હશે પણ આયુર્વેદ પરના વિશ્વાસને કારણે હું છાતી ઠોકીને કહી શકું છું કે, ભીમદેવે ગંડેરી રૂપે પણ જે શેરડી ચૂસી, એ સાપણની પ્રસૂતિવાળી જ હોવી જોઈએ. તો જ તેઓ રોગમુક્ત બની શકે.

રાજવૈદ્યની આ વાત વિશ્વસનીય હોવા છતાં વધુ ખાતરી મેળવવા

માટે કરણસિંહજીએ રાજવૈદ્યે છાતી ઠોકીને કહેલી આ વિગત પાટણ પાઠવીને પૂરી ચકાસણી કરવા સૂચવ્યું અને ખેડૂત દ્વારા જે માહિતી મળે, એ પણ જણાવવા જણાવ્યું, તો થોડા દિ' બાદ પૂછપરછના અંતે વૈદ્યરાજની એ વાત સાચી ઠરી. ખેડૂતે પૂરી ચોકસાઈથી ખેતરનું અવલોકન કર્યું. તો ત્યાં સાપનો રાફડો જણાઈ આવ્યો. આથી એ શેરડીના મૂળમાં સાપણે પ્રસૂતિ કરી હોય, એ એકદમ સંભવિત હતું, અને એ જ શેરડી ભીમદેવના ચૂસવામાં આવતાં તેઓ રોગમુક્ત બન્યા હોય એ તો એકદમ સુસંભવિત હતું.

ચિત્તોડના રાજવૈદ્યની વાતને સાચી સાબિત થતી જોઈને પાટણ રાજવૈદ્યની નિપુણતા પર વારી ઊઠ્યું. પાટણના મંત્રીએ બધી વિગત ચિત્તોડ જણાવી, ત્યારે ચિત્તોડ પણ રાજવૈદ્યની કુશળતા પર ગર્વ લીધા વિના ન રહી શક્યું.

વિધિ ! તારા વિધાનનાં એંધાણને કોણ કળી શકે ? તું સુઘટિતને વેરવિખેર બનાવી દે અને અઘટિત તારા એક ઈશારે સુઘટિત બની જાય. અને ત્યારે ભીમદેવના આ જીવનપ્રસંગ જેવો ચમત્કાર અને ચકચાર સર્જક કિસ્સો ઈતિહાસનાં પાને અંકિત થાય !

## નોંધ




વિ.સં.૨૦૪૭-૨૦૭૨, 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

दंसणणाणपहाणे वीरिपचरित्ततवावारे ।
अप्पं परं च जुंजइ सो आयरिओ सुणी णेओ ॥

દર્શન-જ્ઞાનથી યુક્ત એવા વીર્ય-ચારિત્ર અને તપના વ્યવહારમાં જેઓ પોતે અને બીજા આત્માઓને જોડે છે તે આચાર્ય ભગવંતો સાચા અર્થમાં મુનિ તરીકે જાણવા યોગ્ય છે.



શ્રીસંઘના ધર્મ સારથી

પંચ પ્રસ્થાન
પુણ્યસ્મૃતિ
પ્રકાશન
સુરત